દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 April 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૨ એપ્રિલ ૨૦૨૫ (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીક એન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભરઉનાળે નવ રાજયમાં કમોસમી વરસાદનું ઑરેન્જ એલર્ટ

નવી દિલ્હીઃ દેશમાં ઉનાળા દરમિયાન અનેક રાજયમાં હવામાનમાં ફેરફાર થયો છે. જેમાં ગુરુવારે સાંજે દિલ્હી- એનસીઆર અને હરિયાણામાં ધૂળનું તોફાન આવ્યું હતું. આ ઉપરાંત બિહાર, ઝારખંડ અને પૂર્વી ઉત્તર પ્રદેશમાં ભારે કમોસમી વરસાદ પડ્યો. જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. જ્યારે રાજસ્થાન, દક્ષિણ હરિયાણા, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગે આજે કુલ નવ રાજ્યો માટે કમોસમી વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જે રાજ્યોમાં કમોસમી વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે તેમાં પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, સિક્કિમ,

પૂર્વ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા સ્થળોએ ધૂળની આંધી આવવાની શક્યતા છે. ઘણા જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આજે જમ્મુ-કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ અને હિમાચલ પ્રદેશમાં કમોસમી વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આજે એટલે કે શુક્રવારે ઉત્તરાખંડમાં ગાજવીજ, વીજળી અને ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવા સાથે કમોસમી વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે ૧૧ એપ્રિલે બિહારમાં ભારે કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ૧૩ એપ્રિલે ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે કમોસમી વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ઘણી જગ્યાએ કરા પણ પડી શકે છે. જ્યારે આજે પંજાબમાં પણ કમોસમી વરસાદ પડી શકે છે. આગામી ૫ દિવસ દરમિયાન તમિળનાડુ, પુડુચેરી અને કરાઈકલ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમ, તેલંગાણા, કર્ણાટકમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન રાજસ્થાન, દક્ષિણ હરિયાણા, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં હિટવેવની આગાહી છે. ૧૪ થી ૧૬ એપ્રિલ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં અને ૧૬ એપ્રિલે પૂર્વ રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં હિટવેવ યથાવત રહેવાની શક્યતા છે. ઉત્તર પશ્ચિમ ભારતના ઘણા ભાગો, પૂર્વ ભારતના કેટલાક ભાગો અને ગુજરાતમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૧-૩ ડિગ્રી સેલ્સિયસ વધુ રહેવાની શક્યતા છે. દેશના બાકીના ભાગોમાં તે સામાન્યની નજીક અથવા સામાન્યથી નીચે છે.



સજાની અપીલઃ મુંબઈ પરના હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વૂર રાણાને દિલ્હીમાં લાવવામાં આવ્યો અને એનઆઇએએ તેની ૧૮ દિવસની કસ્ટડી મેળવી હતી, ત્યારે વારાણસીમાં રાણાને આકરામાં આકરી સજા કરવામાં આવે એ માટે ભાજપના કાર્યકરોએ વારાણસીમાં દેખાવો યોજ્યા હતા. (એજન્સી)

## ટૅરિફ મુદ્દે ટ્રમ્પની પીછેહઠ પછી

# સેન્સેક્સમાં ૧૩૧૦ પોઇન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકાએ આ વર્ષે નવમી જુલાઈ સુધી ૯૦ દિવસ માટે ભારત પર વધારાના ટેરિફ સ્થગિત કરવાની જાહેરાત કર્યા પછી શુક્રવારે વિશ્વ બજારોમાં મંદીનો ટ્રેન્ડ ટાળીને, સેન્સેક્સ ૧,૩૧૦.૧૧ પોઇન્ટ ઉછળીને ૭૫,૧૫૭.૨૬ની સપાટીએ અને નિફ્ટી ૪૨૯.૪૦ પોઈન્ટ વધીને ૨૨,૮૨૮.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. બીએસઇનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪.૯૯ લાખ કરોડના ઉછાળા સાથે રૂ. ૩૯૬.૫૭ લાખ કરોડથી વધીને રૂ. ૪૦૧.૫૬ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું.

અગાઉ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલે અમેરિકામાં માલ નિકાસ કરતા લગભગ ૬૦ દેશો પર સાર્વત્રિક ડ્યૂટી અને ભારત જેવા દેશો પર વધારાની ભારે જકાત લાદવાની જાહેરાત કરી હતી અને તેને કારણે વિશ્વભરના બજારોમાં કડાકા બોલી ગયા હતા.

બજારનાં સાધનોએ જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફ પર અણધાર્યા વિરામથી રાહત મળી હતી, જોકે આઇટી મેજર ટીસીએસનું પરિણામ બજારના અંદાજો કરતાં નબળું રહ્યું હોવાથી સેન્ટિમેન્ટને સહેજ ખલેલ પહોંચ્યો હતો.

દરમિયાન, ચીન અને અમેરિકા વચ્ચે ટિટ-ફોર-ટેટ ટેરિફ યુદ્ધને કારણે વધતી ચિંતાઓ વચ્ચે વિશ્વ બજારો મોટાભાગે ઘટ્યા હતા. એશિયન બજારોમાં, ટોકિયોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી નીચા સ્તરે સ્થિર થયો હતો જ્યારે શાંઘાઈ એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ પોઝિટિવ ઝોનમાં રહ્યો હતો. ટોકિયોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ લગભગ ત્રણ ટકા ઘટ્યો હતો. યુરોપિયન બજારો નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યાં હતાં. તીવ્ર તેજી પછી ગુરુવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે બંધ થયાં હતાં. નાસ્ડેક કમ્પોઝિટ ૪.૩૧ ટકા, એસ એન્ડ પી ૫૦૦ ઇન્ડેક્સ ૩.૪૬ ટકા અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૨.૫૦ ટકા ઘટ્યો હતો.

# કિશ્તવાડમાં એક આતંકવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : કિશ્તવાડમાં સુરક્ષાદળોએ એક આતંકવાદીને ગોળી મારીને ઠાર કર્યો હતો. બીજી બાજુ ઉધમપુરમાં બે દિવસની અથડામણ બાદ આતંકવાદીને પકડવા શોધ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. એજ રીતે કઠુઆ જિલ્લામાં ૨૦ દિવસથી આતંકવાદી સુરક્ષા દળોને હાથતાળી આપી રહ્યા છે. આ દરમિયાન સુરક્ષા દળોએ આતંકવાદીઓના આવાગમન રોકવા તથા અમરનાથ શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે નેશનલ હાઈવે પોતાના કબજામાં લઈને સલામતી વ્યવસ્થા જડબેસલાક બનાવી છે. ગુપ્ત (જુઓ પાનું ૨) ▶▶

## તહવ્વૂર રાણાનું નવું સરનામું

# એનઆઇએ હેડક્વાર્ટરની સુરક્ષિત સેલ

નવી દિલ્હીઃ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ શુક્રવારે મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી તહવ્વૂર હુસૈન રાણાની ૧૮ દિવસની કસ્ટડી મેળવી હતી. દરમિયાન તેની ૨૬/૧૧ના આતંકવાદી હુમલા પાછળના સમગ્ર ષડ્યંત્રનો પર્દાફાશ કરવા માટે તેની વિગતવાર પૂછપરછ કરવામાં આવશે.

તહવ્વૂર રાણાને અમેરિકામાં પ્રત્યાર્પણ કરીને લાવ્યા બાદ ગુરુવારે ભારત લાવવામાં આવ્યો હતો અને અહીંના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેના પહોંચવા પર ઔપચારિક રીતે ધરપકડ કરવામાં આવ્યા બાદ પટિયાલા હાઉસ ખાતેની એનઆઇએ સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

એનઆઇએ કોર્ટના સ્પેશિયલ જજ ચંદ્રજીત સિંહે તેને ૧૮ દિવસની કસ્ટડીમાં મોકલી દીધો હતો, જ્યારે એનઆઇએએ તેની ૨૦ દિવસની કસ્ટડીની વિનંતી કરી હતી. રાણાને ગુરુવારે મોડી રાત્રે એક વિશેષ બુલેટપ્રૂફ વાહન અને એમ્બ્યુલન્સ સહિત અનેક વાહનોના કાફલામાં પટિયાલા હાઉસ કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલ દયાન કૃષ્ણન અને વિશેષ સરકારી વકીલ નરેન્દ્ર માને એનઆઇએ તરફથી કોર્ટમાં પક્ષ રજૂ કર્યો હતો.

કાર્યવાહી અગાઉ જસ્ટિસે રાણાને પૂછ્યું કે શું તેની પાસે કોઇ વકીલ છે? ત્યારે રાણાએ કહ્યું હતું કે તેની પાસે કોઇ વકીલ નથી, તો જજે તેને કહ્યું કે દિલ્હી લીગલ સર્વિસ ઑથોરિટી દ્વારા તેને વકીલ આપવામાં આવી રહ્યા છે. ત્યારબાદ એડવોકેટ પીયૂષ સચદેવાને તેના વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાની મૂળના કૅનેડિયન વેપારી અને ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીના નજીકના સહયોગી તહવ્વૂર રાણાને ભારત ત્યારે લાવવામાં આવ્યો, જ્યારે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ચાર એપ્રિલના રોજ તેના પ્રત્યાર્પણ સામેની તેની સમીક્ષા અરજી ફગાવી દીધી હતી.

એનઆઇએએ કોર્ટને કહ્યું હતું કે ૨૦૦૮ના હુમલા પાછળના મોટા (જુઓ પાનું ૨) ▶▶


યોગ સત્રઃ આઈએનએસ ત્રિકાંડ ઉપર ભારતીય નૌકાદળ અને ઓમાનના રૉયલ નેવીના અધિકારીઓએ સાથે મળીને યોગાભ્યાસ કર્યો હતો. (એજન્સી)

# ન્યૂ યોર્કમાં હવામાં બે કટકા થયા બાદ હેલિકૉપ્ટર નદીમાં પડ્યું

## પાઇલટ સહિત છ લોકોનાં મોત


હોનારતઃ અમેરિકાના જર્સી શહેરમાં આવેલી હડસન નદીમાં ગુરુવારે એક હેલિકૉપ્ટર તૂટી પડ્યું હતું. આ હેલિકૉપ્ટરનો કાટમાળ ક્રેઈન દ્વારા બહાર કાઢવામાં આવ્યો હતો. (એજન્સી)

ન્યૂયોર્કઃ અમેરિકાના ન્યૂયોર્કમાં એક પ્રવાસન હેલિકૉપ્ટરના ઉડાન દરમિયાન હવામાં જ બે કટકા થઇ ગયા હતા અને હડસન નદીમાં જઇને પડ્યું હતું. તેમાં સવાર પાઇલટ અને સ્પેનના પાંચ પ્રવાસીઓનાં મોત થયાં હતાં. તપાસમાં સામેલ એક અધિકારીએ નામ ન આપવાની શરતે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે મૃતકોમાં પાયલટ ઉપરાંત જાણીતી કંપની સિમેન્સના એક્ઝિક્યુટિવ ઓફિસર ઓગસ્ટિન એસ્કોબાર, તેમની પત્ની મર્સ કેમ્પરુબી મોટાલ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે.

હેલિકૉપ્ટર કંપનીની વેબસાઇટ પર પોસ્ટ કરાયેલી તસવીરોમાં દંપતી અને તેમનાં બાળકો હેલિકૉપ્ટરમાં સવાર થતા સમયે હસતા જોવા મળી રહ્યા છે. ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સે જણાવ્યું હતું કે મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢી લેવામાં આવ્યાં છે. હેલિકૉપ્ટરે મેનહટ્ટનમાં ઉત્તર તરફ અને પછી સ્ટેચ્યૂ ઓફ લિબર્ટી તરફ ૧૮ મિનિટથી ઓછા સમય માટે ઉડાન ભરી હતી.

હેલિકૉપ્ટર ક્રેશના કેટલાક વીડિયો સામે આવ્યા છે જેમાં હેલિકૉપ્ટરના કેટલાક હિસ્સાઓ હવામાં ઉછળીને જર્સી સિટી, ન્યૂ જર્સીના દરિયાકાંઠા નજીક પાણીમાં પડતા (જુઓ પાનું ૨) ▶▶

# શુદ્ધ સોનું ₹ ૩,૧૯૨ ઊછળીને ₹ ૯૩,000ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ચીન સિવાયના દેશો પરનાં રેસિપ્રોકલ ટૅરિફનો અમલ ૯૦ દિવસ મુલતવી રાખ્યો છે અને ચીનથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદતા ટ્રેડ વૉરની ભીતિ અને આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતાં વૈશ્વિક સોનામાં રોકાણકારોની સલામતી માટેની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું છે. વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સોનાની તેજીને વધુ ઈંધણ મળતા લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં એક ટકા કરતાં વધુ માત્રાનો તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા.

આજે સ્થાનિક ઝવેરી બજારમાં ગઈકાલની મહાવીર જયંતીની જાહેર રજા પશ્ચાત્ બન્ને કિંમતી ધાતુઓમાં વિશ્વબજાર પાછળ ઝડપી ઉછાળો આવ્યો હતો, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૭૯થી ૩૧૯૨ ઉછળી આવ્યા હતા અને શુદ્ધ સોનાએ રૂ. ૯૩,૦૦૦ની સપાટી પાર કરી હતી. તેમ જ ચાંદીના ભાવે કિલોદીઠ રૂ. ૨૨૬૦ના ચમકારા સાથે રૂ. ૯૨,૦૦૦ની સપાટી કુદાવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વિશ્વ બજાર પાછળ તેજીનો કરંટ જળવાઈ રહેતાં સ્થાનિક વેરા રહિત ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૭૯ ઉછળીને રૂ. ૯૨,૯૭૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૯૨ ઉછળીને રૂ. ૯૩,૩૫૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને સ્થાનિક ડીલરોની લેવાલી શુષ્ક રહી હતી. તેમ જ ૯૯૯ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને (જુઓ પાનું ૨) ▶▶

# બિહારમાં વીજળી પડવાથી મૃત્યુઆંક ૬૧ થયો

પટના : બિહારના આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા શુક્રવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું હતું કે રાજ્યમાં ગુરુવારે વીજળી પડવાથી, કરા પડવાથી અને વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક ૬૧ થયો હતોઅધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, ગુરુવારે કરા પડવાથી ૩૯ લોકો મૃત્યુ પામ્યાં હતાં, જ્યારે વીજળી પડવાથી ૨૨ લોકો મૃત્યુ પામ્યાં હતાં.

ગુરુવારે સાંજે પચીસ લોકોનાં મોત નોંધાયા હતા અને વિવિધ જિલ્લાઓમાંથી મળેલા ડેટાના એકત્રીકરણ બાદ, મૃત્યુઆંક ૬૧ થયો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

નાલંદા જિલ્લામાં સૌથી વધુ ૨૩ લોકોનાં મોત નોંધાયાં હતાં, ત્યારબાદ ભોજપુર (છ), સિવાન, ગયા, પટના અને શેખપુરા (ચાર-ચાર), જમુઈ (ત્રણ) અને જહાનાબાદ (બે)નો ક્રમ આવે છે.

ગોપાલગંજ, મુઝફ્ફરપુર, અરવલ, દરભંગા, બેગુસરાય, સહરસા, કટિહાર, લખીસરાય, નવાદા અને ભાગલપુર જિલ્લામાં એક-એક વ્યક્તિનું મોત થયું છે, એમ તેમણે જણાવ્યું હતું. વીજળી પડવા અને વાવાઝોડાને કારણે ઘરોને પણ વ્યાપક નુકસાન થયું છે. મુખ્ય પ્રધાન નીતીશ કુમારે ગુરુવારે મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના પરિવારજનો માટે ચાર લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.બુધવારે બિહારના ચાર જિલ્લાઓમાં વીજળી પડવાથી ૧૩ લોકોનાં મોત થયાં હતાં.

## ટ્રમ્પ વહીવટીતંત્રનો મોટો નિર્ણય

# કાશ પટેલને પદ પરથી હટાવવામાં આવ્યા

વોશિંગ્ટન ડીસીઃ યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના કાશ પટેલને મહત્ત્વની જવાબદારીઓ સોંપી હતી. ટ્રમ્પે તેમને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ)ના ડિરેક્ટર અને બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ અને એક્સપ્લોઝિવ્સ એટીએફના કાર્યકારી વડા તરીકેની ભૂમિકા સોંપી હતી. એવામાં હવે અહેવાલો છે કે કાશ પટેલને એટીએફ ના કાર્યકારી વડાના પદ પરથી હટાવવામાં આવ્યા છે. તેમના સ્થાને યુએસ આર્મી સેક્રેટરી ડેનિયલ ડ્રિસ્કોલને આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. એટીએફ

સૂત્રોના જણાવ્યા મુજબ ડ્રિસ્કોલ આર્મી સેક્રેટરી તરીકે સેવા આપતા રહેશે અને સાથે જ યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટની શાખા, એટીએફની પણ કમાન સંભાળશે. ફેબ્રુઆરીના અંતમાં, કાશ પટેલે એફબીઆઈ ડિરેક્ટર તરીકે શપથ લીધાના થોડા દિવસો પછી, એટીએફના કાર્યકારી ડિરેક્ટર તરીકે શપથ લીધા. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા આ નિર્ણયની હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જોકે ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ આ ફેરફારની પુષ્ટિ કરી હતી. બુધવારે બપોર સુધી, કાશ પટેલનો ફોટો એટીએફની વેબસાઇટ પર હતો.

કાશ પટેલના માતા પિતા મૂળ ગુજરાતનાં હતાં. કાશનો જન્મ અમેરિકામાં જ થયો હતો. કાયદાનો અભ્યાસ કર્યા પછી, તેમણે વકીલ તરીકેની કારકિર્દી શરૂ કરી હતી. કાશ પટેલનું પૂરું નામ કશ્યપ પ્રમોદ પટેલ છે. તેમણે અગાઉ હાઉસ ઇન્ટેલિજન્સ કમિટીના સ્ટાફ સભ્ય તરીકે પણ કામ કર્યું છે.

ડોનલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન તેમને ઘણી જવાબદારીઓ પણ મળી હતી. તેમણે સંરક્ષણ વિભાગમાં ચીફ ઓફ સ્ટાફ તરીકે કામ કર્યું હતું. કાશ પટેલ ઘણા વિવાદોમાં પણ ફસાયેલા રહ્યા છે. તેમના પર ટ્રમ્પ વહીવટીતંત્રના રાજકીય એજન્ડાને આગળ વધારવા માટે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુવતીએ દારૂ પીધો એટલે તેના પર રેપ કરી શકાય?

**અલ્લાહાબાદ** હાઈકોર્ટે એક સગીર છોકરી પર બળાત્કારના પ્રયાસ મુદ્દે આપેલા ચુકાદાનો આઘાત શમ્યો નથી ત્યાં બળાત્કારના જ એક કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના જ જજે કરેલી ટિપ્પણીઓના કારણે ફરી વિવાદ થઈ ગયો છે. નોઈડામાં ૨૧ વર્ષની એક વિદ્યાર્થિનીએ નોંધાવેલી બળાત્કારની ફરિયાદના સંદર્ભમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ સંજય કુમાર સિંહે એવી આઘાતજનક કોમેન્ટ કરી કે, બળાત્કાર પીડિતા દ્વારા કરવામાં આવેલા આરોપોને સાચા માનવામાં આવે તો પણ ઘટનાક્રમ પરથી એવું અનુમાન કાઢી શકાય છે કે વિદ્યાર્થિનીએ પોતે જ મુશ્કેલીને આમંત્રણ આપ્યું હતું અને યુવતી પોતે બળાત્કાર માટે જવાબદાર છે. અલાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સંજય કુમાર સિંહે આ કોમેન્ટ સાથે રેપના આરોપીને જામીન પણ આપી દીધા.

અલાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સંજય કુમાર સિંહની કોમેન્ટ શરમજનક છે અને તેને સમજવા માટે આખો ઘટનાક્રમ સમજવો જરૂરી છે. બળાત્કારનો ભોગ બનેલી વિદ્યાર્થિનીએ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સેક્ટર ૧૨૬ પોલીસ સ્ટેશનમાં નિશ્ચલ ચાંડક નામના યુવકે પોતાની પર બે વાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થિની નોઈડાના સેક્ટર ૧૨૬માં પેઇંગ ગેસ્ટ તરીકે રહીને ગૌતમ બુદ્ધનગરની એક યુનિવર્સિટીમાં એમએમાં ભણે છે. યુવતીની ફરિયાદ પ્રમાણે, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ની રાત્રે પોતાના પાંચ ફ્રેન્ડ્સ સાથે દિલ્હી ફરવા ગઈ હતી. યુવતીનાં ફ્રેન્ડ્સમાં બે છોકરી અને ત્રણ છોકરા હતા કે જેમાંથી એક નિશ્ચલ ચાંડક પણ હતો.

બધાં યંગ હતાં તેથી હૌઝ ખાસમાં પાર્ટી કરી અને દારૂ પણ પીધો. બધાં દારૂના નશામાં ચૂર થઈ ગયાં હતાં. રાત્રે ૩ વાગ્યે પાર્ટી પતી પછી પીડિતા વિદ્યાર્થિની પોતાના સંબંધીના ઘરે જવા માગતી હતી. નિશ્ચલ તેને પોતે છોડી દેશે એવું કહ્યું પણ યુવતી તેની સાથે જવા તૈયાર નહોતી. વારંવારની વિનંતી પછી વિદ્યાર્થિની નિશ્ચલ સાથે જવા માટે નીકળી.

પીડિત વિદ્યાર્થિનીનો આક્ષેપ છે કે, નિશ્ચલે તેને રસ્તામાં અયોગ્ય રીતે વારંવાર સ્પર્શ કર્યો અને વિદ્યાર્થિનીને નોઈડાના સંબંધીના ઘરે લઈ જવાના બદલે હરિયાણાના ગુરુગ્રામમાં પોતાના એક સંબંધીના ફ્લેટમાં લઈ ગયો, આ ફ્લેટમાં નિશ્ચલે તેના પર બે વાર બળાત્કાર ગુજાર્યો. યુવતીએ બીજા જ દિવસે નિશ્ચલ સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કેસ નોંધ્યા પછી યુવતીની મેડિકલ તપાસ પણ કરાવી હતી પણ આરોપી નિશ્ચલ ચાંડકની લગભગ ૩ મહિના પછી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ધરપકડ કરી.

આ ઘટનામાં સૌથી પહેલાં પોલીસ શંકાના દાયરામાં છે કેમ કે પોલીસે તાત્કાલિક આરોપીની ધરપકડ ના કરી. યુવતીએ વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાધા પછી પોલીસે નિશ્ચલની પૂછપરછ કરી તેમાં તેણે યુવતી સાથે શરીર સંબંધ બાંધ્યા હોવાનું સ્વીકાર્યું પણ સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનો દાવો કર્યો. ચાંડકે એવો દાવો કર્યો કે, યુવતી તેની સાથે તેના ઘરે આરામ કરવા જવા માટે સંમત થઈ હતી. યુવતીને પોતે કોઈ સંબંધીના ફ્લેટમાં લઈ ગયો હતો અને બે વાર બળાત્કાર કર્યો હતો એ વાત પણ ખોટી છે, બલ્કે બળાત્કાર જ થયો નથી, પરંતુ સંમતિથી સંબંધો બંધાયા હતા. પોલીસ ગમે તે કારણોસર આ દાવાને સાચો માનીને ચાંડકની ધરપકડ ટાળતી રહી.

પોલીસને કદાચ એમ હશે કે યુવતી થાકીને આવતી બંધ થઈ જશે પણ એવું ના થયું. તેના બદલે યુવતી આવતી રહી તેથી છેવટે ચાંડકની ધરપકડ કરી. ધરપકડ પછી યુવકે નીચલી કોર્ટમાં જામીન અરજી કરેલી પણ ત્યાં જામીન ના મળ્યા એટલે હાઈકોર્ટમાં જામીન અરજી કરી. હાઈકોર્ટમાં પણ આરોપીએ સંમતિથી સેક્સ થયું હોવાની રેકર્ડ વગાડી અને જસ્ટિસ સંજય કુમાર સિંહે તેની વાત સ્વીકારીને બળાત્કારના આરોપીને જામીન આપી દીધા. જજે એમ પણ કહ્યું કે, બંનેની સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનું સાબિત થાય છે તેથી જામીન મળે છે. જસ્ટિસ સંજય કુમાર સિંહ સાહેબે સંમતિથી સેક્સ સંબંધ બંધાયા હોવાનું તારણ કઈ રીતે કાઢ્યું એ પણ આઘાતજનક છે. જજ સાહેબના કહેવા પ્રમાણે, મેડિકલ તપાસમાં યુવતીનું હાઇમન એટલે કે યોનિપટલ તૂટેલું જોવા મળ્યું છે પણ ડોક્ટરે જાતીય હિંસા થઈ હોવાનું કહ્યું નથી.

હાઈકોર્ટના એક જજ આવી વાત કરે એ આપણી અદાલતોનું સ્તર કેવું છે તેના પુરાવારૂપ છે. આખી દુનિયામાં સ્વીકારાયું છે કે, બળાત્કાર વખતે પીડિતાને ઈજા થાય જ એ જરૂરી છે. બળાત્કારનો મતલબ સંમતિ વિના બળજબરીથી બંધાયેલા શરીર સંબંધ છે અને આ બળજબરી શારીરિક જ હોય એ જરૂરી નથી. કોઈ મહિલાને ડરાવીને, ધમકાવીને શરીર સંબંધ બાંધવાની ફરજ પાડો એ પણ બળાત્કાર જ છે. આ સંજોગોમાં જાતિય હુમલો થયાનાં કોઈ ચિહ્ન ના હોય. યુવતીને ડ્રગ્સ આપીને કે નશાની હાલતમાં શરીર સંબંધ બાંધો તો પણ ઈજાનાં નિશાન ના હોય તેથી જાતિય હુમલાનાં કોઈ ચિહ્ન ના મળે પણ એ રેપ જ ગણાય.

જસ્ટિસ સંજય કુમાર સિંહે કરેલી કોમેન્ટ તો તેના કરતાં પણ વધારે આઘાતજનક છે અને આપણે ત્યાં ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોની માનસિકતા પણ અત્યંત પછાત છે એ સાબિત કરે છે. જજ સાહેબના કહેવા પ્રમાણે, યુવતીના આક્ષેપ સાચા હોય તો પણ તેણે પોતે જ પોતાની જાતને મુશ્કેલીમાં મૂકી હતી તેથી બળાત્કાર માટે એ જ જવાબદાર ગણાય.

યુવતીએ પોતાની જાતને કઈ રીતે મુશ્કેલીમાં મૂકી ? પોતે ઓળખતી હતી એવા યુવક પર વિશ્વાસ મૂકીને? કે મોડી રાત સુધી બારમાં પાર્ટી કરીને દારૂ પીને ? જજ સાહેબની વાતનો અર્થ એ થાય કે, કોઈ યુવતીને પાર્ટી કરવાનો કે પોતાના ફ્રેન્ડ્સ સાથે ને ખાસ તો યુવકો સાથે પાર્ટી કરવાનો કોઈ અધિકાર નથી. આ યુવતીએ પાર્ટી ના કરી હોત તો મુશ્કેલીમાં ના મુકાઈ હોત. ચાંડકે યુવતીને તેના સંબંધીના ઘરે મૂકી જવાનું કહીને બીજે લઈ જઈને વિશ્વાસઘાત કર્યો એ મહત્ત્વનું નથી પણ યુવતીએ દારૂ પીધો એ ભૂલ કહેવાય.

આ માનસિકતા આઘાતજનક કહેવાયને તેમાં પણ હાઈકોર્ટના એક જજ આવી માનસિતા બતાવે ત્યારે તો વધારે આઘાતજનક કહેવાય. ચાંડક અને યુવતી વચ્ચે સંમતિથી શરીર સંબંધ બંધાયા હોય એ શક્ય છે પણ તેના માટેના પુરાવા ધ્યાનમાં લેવાવા જોઈએ. તેના બદલે હાઈકોર્ટના જજ યુવતીના વર્તનના આધારે તેના પર થયેલા બળાત્કારને આધારે બળાત્કારને યોગ્ય ઠેરવે એ પછાતપણાની નિશાની છે. આ દેશના ન્યાયતંત્રમાં આવી પછાત માનસિકતા ધરાવતા લોકો કઈ રીતે આવી ગયા?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૧૨-૪-૨૦૨૫,પ્રતની પૂનમ, ચૈત્રી પૂનમ,

- ભારતીય દિનાંક ૨૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત સાંજે ક. ૧૬-૦૭ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૨-૦૩, રાત્રે ક. ૨૩-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૬ (તા. ૧૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - પૂર્ણિમા. વ્રતની પૂનમ, ચૈત્રી પૂનમ, વૈશાખ સ્નાનારંભ, બહુચરાજીનો મેળો, હનુમાન જન્મોત્સવ, છત્રપતિ શિવાજી પુણ્યતિથિ, અન્વાધાન, મન્વાદિ,
- પારસી ૯મો આદર માસારંભ, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૩૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, સૂર્ય-શનિ-મંગળ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, કુળદેવી-દેવતા મંદિર તીર્થદર્શન, હનુમાન જન્મોત્સવ, ભજન, કિર્તન, હનુમાન ચાલીસા સુંદરકાંડ આયોજન, પિતૃ તર્પણ શ્રાદ્ધ, જૂઈ વાવવી. જુવારના લાડું પૂનમના ચંદ્રને અર્પણ કરવા, ચૈત્રી પૂનમના મેળાનો મહિમા. શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, પર્વપૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ નિત્ય થતાં પશુ લેવડદવ, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ (તા. ૧૩)
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કોચીમાં એસએફઆઇ કાર્યકરો અને વકીલો વચ્ચે અથડામણમાં ૨૦ ઘાયલ

કોચીઃ કોચીમાં વકીલો અને વિદ્યાર્થીઓના એક જૂથ(જે કથિત રીતે એસએફઆઇ કાર્યકરો છે) વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં ૨૦ લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે શુક્રવારે આપી હતી.

આ ઘટના એર્નાકુલમ જિલ્લા કોર્ટ પરિસરમાં જિલ્લા બાર એસોસિએશનના વાર્ષિક કાર્યક્રમ દરમિયાન બની હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ અથડામણમાં ૧૬ એસએફઆઇ કાર્યકરો અને ૮ વકીલો ઘાયલ થયા હતા. વકીલોએ આરોપ લગાવ્યો કે એસએફઆઇ કાર્યકરોએ બાર એસોસિએશનના વાર્ષિક કાર્યક્રમમાં બળજબરીથી ઘૂસીને હંગામો કર્યો હતો. તેમના મતે મુશ્કેલી ત્યારે શરૂ થઇ જ્યારે મહારાજા કોલેજના વિદ્યાર્થીઓ કાર્યક્રમ સ્થળમાં ઘૂસી આવ્યા હતા.

જો કે એસએફઆઇ કાર્યકરોએ આરોપ લગાવ્યો કે વકીલોની ગેરવર્તણૂકને કારણે આ સમસ્યા ઊભી થઇ હતી. તેમણે દાવો કર્યો કે કથિત રીતે નશામાં ધૂત વકીલોએ વિદ્યાર્થીઓને હેરાન કર્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓએ આ વર્તન પર સવાલ ઉઠાવ્યા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે દરમિયાનગીરી કરનારા પોલીસ અધિકારીઓ પણ ઘાયલ થયા હતા.એક અધિકારીએ જણાવ્યું કે એર્નાકુલમ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશને એક બેઠક બોલાવી હતી. જેમાં આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવનાર હતો.

## બંગાળમાં નોકરી ગુમાવનારા શિક્ષકોનું ઓએમઆર શીટ્સ જાહેર કરવાની માગણી સાથે આંદોલન

કોલકાતા : સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ નોકરી ગુમાવનારા હજારો શિક્ષકોએ શુક્રવારે સોલ્ટ લેકના કરુણામોયીથી પશ્ચિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશન (એસએસસી) ભવન સુધી કૂચ શરૂ કરી હતી અને સાચા ઉમેદવારોની ઓળખ કરવા માટે તેમની ઓપ્ટિકલ માર્ક રેકગ્નિશન (ઓએમઆર) શીટ્સ જાહેર કરવાની માગ કરી હતી.

પુનઃસ્થાપનની માગણી કરતા પ્લેકાર્ડ લઈને, શિક્ષકો સાથે એકતા દર્શાવવા માટે વિવિધ નાગરિક સમાજ સંગઠનોના સભ્યો પણ જોડાયા હતા.

''એસએસસી એ પાત્ર શિક્ષકોને અલગ કરવામાં મદદ કરવા માટે ઓએમઆર શીટ્સની નકલો જાહેર કરવી જોઈએ,'' એમ એક પ્રદર્શનકારીએ જણાવ્યું.

તેઓએ દાવો કર્યો હતો કે કસ્બામાં ડીઆઇ ઑફિસમાં અગાઉના વિરોધ દરમિયાન શિક્ષકોને લાત મારનાર આરોપી પોલીસ અધિકારીને હવે તેમની સામે નોંધાયેલા કેસોની તપાસ સોંપવામાં આવી છે.

''આવી તપાસમાંથી આપણે શું અપેક્ષા રાખી શકીએ? કોઈ પણ સભ્ય સમાજમાં આરોપી પીડિતોની તપાસ કરતો નથી,'' એમ એક પ્રદર્શનકારીએ ટિપ્પણી કરી હતી.

રેલીને એસએસસી ભવન સુધી પહોંચતી અટકાવવા માટે રેપિડ એક્શન ફોર્સના જવાનો સહિત મોટી સંખ્યામાં પોલીસ ટુકડી તૈનાત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે રાજ્ય સંચાલિત અને રાજ્ય સહાયિત શાળાઓમાં ૨૫,૭૫૩ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકને ''ભ્રષ્ટ અને દૂષિત'' જાહેર કરી હતી.

## શ્રીનગરમાં વક્ફ કાયદા વિરુદ્ધ પીડીપીની વિરોધ કૂચને પોલીસે અટકાવી

શ્રીનગરઃ શ્રીનગરમાં પોલીસે વક્ફ(સુધારા) અધિનિયમ, ૨૦૨૫ પસાર થવા વિરુદ્ધ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી(પીડીપી)ની વિરોધ કૂચને અટકાવી હતી. પાર્ટી કાર્યાલયને બેરિકેડ કરી દીધું હતું અને વિરોધીઓને પરિસરની અંદર જ રોકી દીધા હતા.

પીડીપીના મહાસચિવ ખુર્શીદ આલમની આગેવાની હેઠળ પીડીપીના ઘણા કાર્યકરો ગયા અઠવાડિયે આ કાયદો પાસ થવાના વિરોધમાં અહીં શેર-એ-કાશ્મીર પાર્ક નજીક પાર્ટી મુખ્યાલય ખાતે એકઠા થયા હતા. પીડીપીના કાર્યકરોએ પાર્ટી કાર્યાલયમાંથી બહાર નીકળીને શહેરના કેન્દ્ર તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસ કર્મચારીઓની એક ટીમે તેમને બહાર નીકળતા અટકાવ્યા હતા. પોલીસે પ્રવેશદ્વાર પર બેરિકેડ લગાવી દીધા હતા, જેથી પ્રદર્શનકારીઓનો પરિસરમાં પ્રવેશ પ્રતિબંધિત થયો હતો.

પ્રદર્શનકારીઓએ 'અમે વક્ફ બિલનો અસ્વીકાર કરીએ છીએ' અને 'એનસી(નેશનલ કોન્ફરન્સ)નું મૌન ગુનાહિત છે' જેવા સંદેશાઓ લખેલા પ્લેકાર્ડ હાથમાં રાખ્યા હતા અને વક્ફ(સુધારા) અધિનિયમ, ૨૦૨૫ને રદ કરવાની માગ કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં વિરોધીઓ શાંતિપૂર્ણ રીતે વિખેરાઇ ગયા હતા.

પત્રકારો સાથે વાત કરતા આલમે જણાવ્યું કે તેઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માગતા હતા, પરંતુ પોલીસે તેમને અટકાવ્યા હતા. તેમણે કહ્યું કે અમે વક્ફ બિલનો વિરોધ કરવા માગતા હતા. અમે સમજીએ છીએ કે સમાજનો કોઇ પણ વર્ગ આ બિલનો સ્વીકાર કરતો નથી. જે રીતે તેને મધરાતે સંસદમાં પસાર કરવામાં આવ્યું છે, અમે તેનો અસ્વીકાર કરીએ છીએ.

પહેલા પાનાનું ચાલુ

### એનઆઈએ

ષડ્યંત્રનો પર્દાફાશ કરવા માટે રાણાની પૂછપરછ જરૂરી હતી. તેણે કોર્ટને એમ પણ કહ્યું કે હુમલાના કાવતરાખોર તરીકે તેની ભૂમિકાની પણ તપાસ કરવાની જરૂર છે. તહવ્વૂર રાણાને પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવે તે પહેલા દિલ્હી પોલીસે સુરક્ષાના કારણોસર કોર્ટ પરિસરમાંથી મીડિયાકર્મીઓ અને સામાન્ય લોકોને બહાર કરી દેવામાં આવ્યા હતા.

કોર્ટના આદેશ બાદ રાણાને ભારે સુરક્ષાવાળા કાફલામાં એનઆઇએ હેડક્વાર્ટર લઈ જવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાણાને અહીં સીજીઓ કોમ્પ્લેક્સમાં કાઉન્ટર ટેરર એજન્સીના હેડક્વાર્ટરની અંદર અત્યંત સુરક્ષિત સેલમાં રાખવામાં આવશે.

કોર્ટના આદેશ બાદ એનઆઇએ તરફથી જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ''રાણા ૧૮ દિવસ સુધી એનઆઇએની કસ્ટડીમાં રહેશે, જે દરમિયાન એનઆઇએ દ્વારા ૨૦૦૮ના ભયાનક હુમલા પાછળના સમગ્ર કાવતરાનો પર્દાફાશ કરવા માટે તેની વિગતવાર પૂછપરછ કરવામાં આવશે. આ હુમલાઓમાં કુલ ૧૬૮ લોકો માર્યા ગયા હતા અને ૨૩૮થી વધુ ઘાયલ થયા હતા.''

એનઆઇએ કહ્યું હતું કે ગુનાહિત કાવતરા હેઠળના આરોપી નંબર વન હેડલીએ ભારત આવતા પહેલા રાણા સાથે સમગ્ર ષડ્યંત્રની ચર્ચા કરી હતી. એનઆઇએએ કોર્ટને જણાવ્યું હતું કે સંભવિત પડકારોની આશંકાએ હેડલીએ રાણાને એક ઇમેઇલ મોકલ્યો હતો જેમાં તેની વસ્તુઓ અને સંપત્તિની વિગતો હતી. એજન્સીએ એમ પણ કહ્યું કે હેડલીએ રાણાને કાવતરામાં પાકિસ્તાની નાગરિકો ઇલિયાસ કાશ્મીરી અને અબ્દુર રહેમાનની સંડોવણી વિશે પણ જણાવ્યું હતું. બંને આ કેસમાં આરોપી છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારતના વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયો તથા અમેરિકાના સંબંધિક અધિકારીઓના સંકલિત પ્રયાસોથી વોન્ટેડ આતંકવાદી માટે શરણાગતિ વોરન્ટ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું અને પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. રાણા પર ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાની અને આતંકવાદી જૂથો લશ્કર-એ-તૌયબા અને હરકત-ઉલ-જેહાદી ઇસ્લામી અને પાકિસ્તાનમાં રહેતા અન્ય સાથી ષડ્યંત્રકારો સાથે મળીને ભારતની આર્થિક રાજધાનીમાં ત્રણ દિવસના આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવાનો આરોપ છે.

લશ્કર-એ-તૌયબા અને હરકત-ઉલ-જેહાદી ઇસ્લામી બંનેને ભારત સરકાર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) ઍક્ટ, ૧૯૬૭ હેઠળ આતંકવાદી સંગઠનો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓના એક ગ્રૂપે દરિયાઈ માર્ગે ભારતની આર્થિક રાજધાનીમાં ઘૂસણખોરી કર્યા બાદ સીએસટી, બે લક્ઝરી હૉટેલ અને એક યહૂદી કેન્દ્ર પર હુમલો કર્યો હતો. આ આતંકી હુમલામાં ૧૬૮ લોકો માર્યા ગયા હતા.

આતંકવાદી હુમલાની તપાસમાં સામેલ મુંબઈ પોલીસના એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે રાણાએ ૧૯૯૦ના દાયકાના અંતમાં કૅનેડામાં સ્થળાંતર કરતા પહેલા અને પોતાની ઈમિગ્રેશન કન્સલ્ટન્સી ફર્મ શરૂ કરતા પહેલા પાકિસ્તાન આર્મીના મેડિકલ કોર્પ્સમાં સેવા આપી હતી. બાદમાં તે અમેરિકા જતો રહ્યો હતો અને શિકાગોમાં ઑફિસ ખોલી હતી. પોતાની ફર્મના માધ્યમથી રાણાએ હેડલીને આતંકવાદી હુમલાઓ કરવા માટે મુંબઈમાં જાસૂસી મિશન માટે રક્ષણ પૂરું પાડ્યું હતું અને તેને દસ વર્ષના વિઝા એક્સટેન્શન મેળવવામાં મદદ કરી હતી.ભારતમાં તેના રોકાણ દરમિયાન હેડલીએ ઇમિગ્રેશન સંબંધિત બિઝનેસ કરવાનું નાટક કર્યું હતું અને તે રાણા સાથે નિયમિત સંપર્કમાં હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ સમયગાળા દરમિયાન બંનેએ ૨૩૦થી વધુ વખત ફોન પર વાત કરી હતી.એનઆઇએની ચાર્જશીટ મુજબ, રાણા આ સમય દરમિયાન હુમલાના અન્ય ષડ્યંત્રકારીઓ 'મેજર ઇકબાલ'ના સંપર્કમાં પણ હતો. રાણા આતંકવાદી હુમલાના થોડા દિવસો પહેલા નવેમ્બર ૨૦૦૮માં ભારત આવ્યો હતો. ૨૬/૧૧ હુમલાના કેસમાં ૨૦૨૩માં મુંબઈ પોલીસે રાણા વિરુદ્ધ દાખલ કરેલી ચાર્જશીટ મુજબ, તે પવઈની એક હૉટેલમાં રોકાયો હતો અને દક્ષિણ મુંબઈમાં ભીડવાળા સ્થળોએ એક વ્યક્તિ સાથે ચર્ચા કરી હતી. આ વ્યક્તિ કેસમાં સાક્ષી તરીકે નોંધાયેલ છે. બાદમાં આમાંથી કેટલીક જગ્યાઓ પર પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ૧૬૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

### ન્યૂ યોર્કમાં

જોવા મળી રહ્યા છે. ત્યાં હાજર એક પ્રત્યક્ષદર્શી બ્રુસ વોલે જણાવ્યું કે તેણે વિમાનને હવામાં 'બે ભાગમાં તૂટતું' જોયું, જેમાં 'ટેલ' અને 'પ્રોપેલર' અલગ થઈ ગયા હતા.

ન્યૂ જર્સીના હોબોકેનમાં નદી કિનારે આવેલા એક રેસ્ટોરન્ટના માલિક લેસ્લી કૈમાચોએ જણાવ્યું હતું કે હેલિકૉપ્ટર અનિયંત્રિત થઇને ઊડી રહ્યું હતું અને પાણીમાં પડતા અગાઉ તેમાંથી ''ધૂમાડો'' નીકળી રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉડાણનું સંચાલન 'ન્યૂયોર્ક હેલિકૉપ્ટર' દ્વારા કરવામાં આવતું હતું. ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીમાં કંપનીની ઓફિસમાં સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યાંથી કોઈ જવાબ મળ્યો ન હતો.

કંપનીના માલિક માઈકલ રોથે ન્યૂયોર્ક પોસ્ટને જણાવ્યું હતું કે તેઓ ખૂબ જ દુઃખી છે અને તેમને જરા પણ અંદાજ નથી કે દુર્ઘટના કેવી રીતે થઇ. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને હેલિકૉપ્ટરની ઓળખ ''બેલ ૨૦૬'' તરીકે કરી હતી. આ મૉડેલના હેલિકૉપ્ટરનો વ્યાપકપણે વ્યાપારી અને સરકારી હેતુઓ માટે ઉપયોગ થાય છે. આ ઉપરાંત હેલિકૉપ્ટરના આ મૉડેલનો ઉપયોગ પ્રવાસન કંપનીઓ, ટીવી ચેનલો અને પોલીસ દળ દ્વારા પણ કરવામાં આવે છે. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બૉર્ડે કહ્યું કે તે અકસ્માતની તપાસ કરશે.

દુર્ઘટનાના વીડિયો પરથી જાણવા મળે છે કે ભયાનક મિકેનિક નિષ્ફળતાના કારણે પાઇલટ પાસે હેલિકૉપ્ટરને બચાવવાની કોઇ તક નહોતી. એવિયેશન વકીલ જસ્ટિન ગ્રીને કહ્યું કે સંભવ છે કે હેલિકૉપ્ટરનો મુખ્ય રોટર ટેલ બ્રૂમ સાથે ટકરાઇ હતી જેના કારણે તે તૂટી ગયું હતું. ગ્રીને કહ્યું હતું કે જે કાંઇ પણ થયું તેના થોડા સમયમાં જે મોતને ભેટ્યા હતા. એ વાતનો કોઇ સંકેત નથી મળી રહ્યો કે તેમનું હેલિકૉપ્ટર પર કોઇ નિયંત્રણ હતું. નિયંત્રણ ગુમાવ્યા બાદ કોઇ પણ પાઇલટ તે દુર્ઘટનાને રોકી શકે નહીં. આ જમીન પર પડી રહેતા પથ્થરની જેમ છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે.

૧૯૭૭થી અત્યાર સુધી ન્યૂયોર્ક શહેરમાં હેલિકૉપ્ટર ક્રેશમાં ઓછામાં ઓછા ૩૮ લોકો માર્યા ગયા છે. ૨૦૦૯માં હડસન નદી પર વિમાન અને પ્રવાસી હેલિકૉપ્ટર વચ્ચે થયેલી અથડામણમાં નવ લોકો માર્યા ગયા હતા, અને ૨૦૧૮માં ''ઓપન ડોર'' ફ્લાઇટ્સની સેવા આપતું ચાર્ટર હેલિકૉપ્ટર પૂર્વી નદીમાં ક્રેશ થયું ત્યારે પાંચ લોકો માર્યા ગયાં હતાં. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડને જાણવા મળ્યું કે સર્વિસમાં ખામી અને એન્જિન લ્યુબ્રિકેશન અસંગતતાને કારણે થયો હતો. ૨૦૧૯માં ગગનચુંબી ઇમારતની છત સાથે એક હેલિકૉપ્ટર અથડાતાં પાઇલટનું મૃત્યુ થયું ત્યારથી ગુરુવારે શહેરમાં હેલિકૉપ્ટરનો પ્રથમ અકસ્માત થયો હતો. કેટલાક લોકો અને અધિકારીઓએ વારંવાર મેનહટન હેલિપોર્ટ પર ટ્રાફિક પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

### કિશ્તવાડમાં

બાતમી મળતાં લશ્કરની ૧૬મી કોરે કિશ્તવાડ જિલ્લાના છાત્રુ જંગલમાં ઘેરાબંદી કરીને શોધ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન એક આતંકવાદી સાથે અથડામણ થતાં તેને ઠાર મારવામાં આવ્યો હતો.

આતંકવાદી ગતિવિધિને રોકવા અને વ્યવહાર સુરક્ષિત રહે એ માટે લશ્કરે નેશનલ હાઈવે ૪૪ની સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવવામાં આવી છે. આ હાઈવે કેન્દ્રશાસિત પ્રદેશના અનેક વિસ્તારોને જોડે છે.

હથિયાર અને સામાનની દાણચોરી માટે આ હાઈવેનો ઉપયોગ કરવાની આતંકવાદીઓની કોશિશને વિફળ બનાવવાના હેતુથી લશ્કરે અનેક પગલાં ભર્યાં છે. હાઈવે પર દિવસરાત ચોકીપહેરો રખાય છે. સંવેદનશીલ વિસ્તારો અને અગત્યનાં સ્થાનો પર ચાંપતી નજર રખાય છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ સાથે મળીને લશ્કરના જવાનોએ મોબાઈલ વાહન ચેકપોસ્ટ બનાવ્યા છે.

આ ચેકપોસ્ટ ઓચિંતી ઝડતી લે છે જેથી આતંકવાદીઓ માટે આ હાઈવેનો દુરુપયોગ કરવો મુશ્કેલ બની ગયો છે. આ ચેકપોસ્ટમાં શંકાસ્પદ વાહનો અને લોકોની તપાસ કરવામાં આવે છે. સુરક્ષા મજબૂત કરવા આધુનિક ટેક્નિકનો ઉપયોગ કરાય છે. મુખ્ય ચોક અને હાઈવેના એન્ટ્રિ-એક્ઝિટ પોઈન્ટ્સ પર એલિવેટેડ વેહિકલ સ્કેનર, એઆઈ આધારિત ફેસ રેકગ્નિશન સિસ્ટમ અને ઓટોમેટેડ નંબર પ્લેટ રેકગ્નિશન સિસ્ટમ લગાડવામાં આવ્યા છે.

આ ટેક્નિક રિયલ ટાઈમની જાણકારી દે છે અને શંકાસ્પદ ગતિવિધિઓને તરત પકડવામાં મદદ કરે છે. લશ્કરના અધિકારીઓનું કહેવું છે કે આ ઉપાયોના સારાં પરિણામ મળ્યાં છે. શંકાસ્પદ ગતિવિધિ રોકવામાં આવી છે. કડક સલામતી વ્યવસ્થા અને આધુનિક ટેક્નિકે આતંકવાદી નેટવર્કને નબળું બનાવ્યું છે.

### શુદ્ધ સોનું

જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૬૦ની તેજી સાથે રૂ. ૯૨,૯૨૯ના મથાળે રહ્યા હતા. અમેરિકાની બૉન્ડની યિલ્ડમાં વધારો, મંદીની ચિંતા અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત ફુગાવો વધવાની ચિંતા જેવાં પરિબળોને કારણે આજે લંડન ખાતે સોનાના ભાવમાં તેજીનું વલણ રહ્યું હોવાનું જર્મની સ્થિત હૅરસ મેટલ્સના કિંમતી ધાતુઓનાં ટ્રેડર એલેક્ઝાન્ડર ઝુમ્પ્ફેએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૨૩૭.૫૬ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૨૧૭.૧૫ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૨૩૪.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૧.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૪૫ ટકા ટૅરિફ લાદી હતી તેનાં વળતા જવાબરૂપે આજે ચીને અમેરિકાથી થતી આયાત સામે ૧૨૫ ટકા ટૅરિફ લાદી હતી. આમ અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વકરતા વૈશ્વિક પુરવઠાચેઈન પર માઠી અસર પડવાની અને અર્થતંત્રો પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં સોનામાં ઝડપી તેજી જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એકંદરે આ વર્ષે વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, રાજકીય-ભૌગોલિક તણાવ, એક્સચેન્જ ટ્રેડેડ ફંડો અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૧ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. જોકે, હજુ બજારમાં આર્થિક વૃદ્ધિની ચિંતાનો માહોલ હોવાથી સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૪૦૦થી ૩૫૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય, એમ યુબીએસનાં વિશ્લેષકે જણાવ્યું હતું.

# આજે સી. આર. પાટીલના નેતૃત્વમાં ભાજપની બૃહદ બેઠકઃ ધારાસભ્યો, પદાધિકારીઓની હાજરી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપ દ્વારા ૧૨ એપ્રિલ, શનિવારે ગાંધીનગરના કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના નેતૃત્વમાં એક મહત્ત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, જિલ્લા તથા મહાનગર પ્રમુખો-મહામંત્રી, તમામ મોરચાના પદાધિકારીઓ ઉપરાંત રાજ્યના તમામ ધારાસભ્યો અને સાંસદોને હાજરી માટે આદેશ આપવામાં આવ્યો છે. આમ સમગ્ર સંસ્થાગત સંગઠનને એક મંચે ભેગું કરવા જઇ રહેલી આ બેઠક મહત્ત્વની માનવામાં આવી રહી છે. તે ઉપરાંત આ બેઠકમાં રાષ્ટ્રીય મહાસચિવ અને એસસી મોરચાના ઇન્ચાર્જ તરૂણ ચૂંગ પણ ઉપસ્થિત રહેશે. આ બેઠકનો મુખ્ય હેતુ ૧૪ એપ્રિલથી શરૂ થનારા સેવા પખવાડિયાની ઉજવણીની તૈયારીઓ અંગે ચર્ચા કરવાનો છે, પરંતુ રાજકીય વર્તુળોમાં આ બેઠક અંગે વિવિધ અટકળો પણ શરૂ થઈ છે. કેટલાક રાજકીય વિશ્લેષકો આ બેઠકને મંત્રીમંડળના આગલા વિસ્તરણ સાથે જોડીને જોઈ રહ્યા છે તો કેટલાક લોકો પાટીલના નવા અનુગામીની વરણી થવા અંગે પણ અનુમાનો લગાવી રહ્યા છે.

ભાજપનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં સેવા પખવાડિયા દરમિયાન આયોજિત થનારા સામાજિક અને સેવાકીય કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્યમાં રાજકીય સ્થિતિ અને આગામી સમયમાં પક્ષની વ્યૂહરચના પર પણ વિસ્તૃત ચર્ચા થવાની શક્યતા છે. ખાસ કરીને, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો ૧૫ અને ૧૬ એપ્રિલે અમદાવાદ અને ઉત્તર ગુજરાતનો પ્રવાસ નિર્ધારિત છે, જેના પહેલાં ભાજપની આ બેઠકને રાજકીય રીતે મહત્ત્વની ગણવામાં આવી રહી છે. રાજ્યમાં કૉંગ્રેસની વધતી સક્રિયતાના જવાબમાં ભાજપ પણ પોતાની ગતિવિધિઓને વેગ આપવા માટે આ બેઠકમાં નવી રણનીતિ ઘડી શકે છે.

પાર્ટીના સંગઠનાત્મક અભિગમ સાથે યોજાનારી આ બેઠકમાં આગામી દિવસોમાં યોજાનારા લોકસભા ચૂંટણીઓ, સંગઠનના મજબૂતીકરણ, બૂથ લેવલ મેનેજમેન્ટ અને યુવા વર્ગને જોડવાના અભિગમ અંગે પણ ચર્ચા થવાની સંભાવના છે. અચાનક આવી બેઠકનું આયોજન અને તમામ રાજકીય પદાધિકારીઓની ફરજિયાત હાજરીનો આદેશ મળતા રાજકારણ ગરમાયું છે. આ બેઠક માત્ર કાર્યક્રમોની સમીક્ષા સુધી મર્યાદિત રહેશે કે પછી પક્ષમાં કોઈ ઊથલપાથલની શરૂઆતનો સંકેત આપી જશે, આ અંગે તો આગામી દિવસોમાં જ ખબર પડશે.

# પાટણ અને રાજકોટ કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ દોડતી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ અને રાજકોટની જિલ્લા કલેક્ટર કચેરીને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેઈલ આવ્યો હતો. બન્ને જિલ્લાના કલેક્ટરને બૉમ્બની ધમકીનો મેઈલ આવ્યો હતો. ઘટનાની જાણ થતાની સાથે શહેર ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, ડોગ-સ્ક્વોડ, બૉમ્બ-સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. પાટણની વાત કરવામાં આવે તો, પાટણ કલેક્ટરને આ ઇ-મેઇલ ૦૧:૪૫ વાગ્યે એક આઈડી પરથી મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, બપોરે ત્રણ વાગ્યા સુધીમાં કલેક્ટર ઓફિસને બૉમ્બથી ઉડાવી દેવામાં આવશે. જો કે, પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ શંકાસ્પદ બાબત સામે આવી નહોતી.

રાજકોટ કલેક્ટરને પણ મેઈલ આવ્યો હતો કે, કલેક્ટર કચેરીમાં બૉમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે. આવી ધમકી મળતા તંત્ર હરકતમાં આવી ગયું હતું. બૉમ્બથી ઉડાવી દેવાના ધમકીનો મેઇલ આવતાની સાથે જ કલેક્ટર સહિત કર્મચારીઓને સ્ટાફ ઓફિસની બહાર દોડી આવ્યા હતાં. બન્ને જિલ્લામાં પોલીસ ડોગ સ્ક્વોડની મદદથી સઘન તપાસ હાથ ધરી દીધી હતી. પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ નહોતી મળી આવી. એટલું જ નહીં પરંતુ ત્રણ વાગ્યા સુધીમાં કોઈ ઘટના ના બનતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે, આ ધમકીભર્યો મેઈલ કોણે કર્યા તે દિશામાં અત્યારે પોલીસ તપાસ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દિવસમાં ત્રણ જગ્યાએ બૉમ્બ બ્લાસ્ટ કરવાની ધમકીઓ મળી હતી. પરંતુ બૉમ્બ બ્લાસ્ટની કોઈ ઘટના બની નહોતી. પોલીસ દ્વારા સઘન તપાસ પણ કરવામાં આવી હતી. પરંતુ આવી ધમકીઓ કોણ આપી રહ્યું છે, તે તપાસનો વિષય છે! બે દિવસમાં ત્રણ ધમકીના મેઈલ આવ્યા હતા. આની પાછળ કોનો હાથ છે? તે દિશામાં પોલીસની ટેક્નિકલ ટીમ તપાસ કરી રહી છે.

# હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની પરીક્ષામાં લાલિયાવાડીઃ ૨૦૨૪નું બેઠેબેઠું પેપર ૨૦૨૫ની પરીક્ષામાં પુછાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી સતત વિવાદમાં સપડાયેલી રહે છે. ફરી એકવાર આ યુનિવર્સિટી વિવાદમાં આવી છે. વર્તમાનમાં લેવાયેલ લો ફેકલ્ટીની પરીક્ષામાં ગંભીર બેદરકારી સામે આવી. ઘટના એવી છે કે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા એલ.એલ.બી. સેમેસ્ટર ૪ની પરીક્ષામાં માર્ચ ૨૦૨૪નું બેઠેબેઠું પેપર પૂછવામાં આવ્યું હતું. જેને લઈને આ સમગ્ર વિવાદ સામે આવ્યો હતો. એટલું જ નહીં પરંતુ યુનિવર્સિટી દ્વારા પૂછવામાં આવેલા પેપરમાં માર્ચમાં ૨૦૨૪ લખેલું જોવા મળ્યું હતું. જેથી વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં મુકાઈ ગયાં હતા.

આ સમગ્ર બાબતે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે દાવા સાથે કહ્યું કે હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીએ લો ફેકલ્ટીમાં સેમેસ્ટર-૪ની પરીક્ષામાં ન્યાયશાસ્ત્રના પેપરમાં મોટો છબરડો કર્યો. એલએલબી સેમેસ્ટર-૪ના ન્યાયશાસ્ત્રના પેપરમાં ગત વર્ષ ૨૦૨૪નું પેપર જ પૂછાયું હતું. આના માટે કોલેજ પ્રિન્સિપાલ, પરીક્ષા નિયામક અને યુનિવર્સિટીના લોકો જવાબદાર બને છે તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, આવી બેદરકારી પાટણની શેઠ એમ.એન. લો કોલેજ અને ઉંઝા લો કોલેજ પણ પરીક્ષામાં આવો મોટો છબરડો થયો હતો. આ કોલેજોમાં કાયદાશાસ્ત્રના પેપરમાં પણ ગત વર્ષનું પેપર પૂછાયું હતું.

પરીક્ષા નિયામકે આ બાબતે કહ્યું હતું કે, ટેકનિકલ ખામીના કારણે આ ભૂલ થઈ છે! દરેક પેપરને એક જ મોડ્યુલથી તૈયાર કરવામાં આવે છે. જ

# બહુચરાજીમાં ત્રિદિવસીય ચૈત્રી પૂનમના લોકમેળાનો શુભારંભઃ ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી શક્તિપીઠમાં ચૈત્રી પૂનમના ત્રિદિવસીય મેળો શરૂ થયો હતો. મહેસાણા જિલ્લા કલેકટર એસ.કે.પ્રજાપતિ અને ધારાસભ્ય સુખાજી ઠાકોરે દીપ પ્રાગટ્ય કરી ત્રિદિવસીય ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.

આસ્થા, ભક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ બહુચરાજીના મેળામાં નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જગ પ્રસિદ્ધ બહુચરાજી માતાજીના મંદિરના સાનિધ્યમાં ચૈત્રી પૂનમના પરંપરાગત મેળાનું અનેરું મહાત્મય છે.

આ તીર્થધામમાં મેળાના દિવસોમાં સ્થાનિક ઉપરાંત અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાંથી લાખો ભાવિકો માતાજીના દર્શનાર્થે ઊમટે છે. સમગ્ર ગુજરાતમાંથી મા બહુચરના દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેમજ પગપાળા સંઘો ઊમટી રહ્યા છે, યાત્રિકોથી માર્ગો ઊભરાઈ ગયા હતા. કાળઝાળ ગરમી હોવા છતાં યાત્રિકોનો ઉત્સાહ અનેરો હતો. મા બહુચરના દર્શનાર્થે પગપાળા નીકળી પડેલા યાત્રિકો માટે રોડ પર ઠેર ઠેર સેવાભાવી સંસ્થાઓ અને યુવાનો દ્વારા સેવા કેમ્પો ઊભા કરાયા છે. જ્યાં ચા પાણી, નાસ્તો, ઠંડી છાશ, ફળફળાદી તેમજ ભોજન અને આરામ સહિતની સુંદર સુવિધા ઊભી કરવામાં આવી છે.

આ વખતે આ ચૈત્રી પૂનમના મેળા દરમિયાન ગરમીનું પ્રમાણ વધુ હોવાથી વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. દરમિયાન મંદિર પરિસરની આજુબાજુ છાયડાની સાથે સાથે જમીન ઉપર કારપેટ પણ પાથરવામાં આવી છે. આ ઉપરાંત યાત્રાળુઓને ઠંડક મળી રહે તે માટે મંદિર પરિસરમાં કુલર સાથે ઠંડા પાણીના ફુવારા (સ્પ્રિંકલર)ની વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત પૂનમના દિવસે દર્શનાર્થીઓ માટે ટ્રસ્ટ દ્વારા સવાર, સાંજ બે ટાઈમ વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ તારીખ ૧૧ એપ્રિલના રોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દર્શનાર્થે પધારતા યાત્રાળુઓને કોઈ અગવડતા ન પડે તે માટે એસ ટી વિભાગ દ્વારા ૫૭૩ ટ્રીપોની વ્યવસ્થા, ટ્રાફિકની વ્યવસ્થા તથા પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા જુદા જુદા મેડિકલ કેમ્પ તથા મોબાઈલ વાનની વ્યવસ્થા કરવામાં આવી છે. શુક્રવારે રાત્રે ૯ વાગે એસટી વર્કશોપ પાસેના મેદાનમાં સાઈરામ દવેના લોકડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના ખોખરાની બહુમાળી ઈમારતમાં ભીષણ આગઃ ૧૮ લોકોનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમીની સાથે સાથે આગની ઘટનાઓમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. શુક્રવારે સુરતનાં વેસુમાં લક્ઝુરિયસ ફ્લેટ હેપ્પી એન્કલેવમાં સાતમા માળે આગ લાગવાની ઘટના ઘટી હતી ત્યાર બાદ હવે અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલા પરિષ્કાર-૧ એપાર્ટમેન્ટમાં આગ લાગી હતી. આ ઘટનામાં ૧૮ જેટલા લોકોનું ફાયર વિભાગની ટીમે રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં પરિષ્કાર-૧ એપાર્ટમેન્ટમા ચોથા માળ પર આગ લાગવાની ઘટના બની હતી. આગની ઘટના બાદ સ્થાનિક લોકો એકત્ર થઈ ગયા હતા. જેમાં એક મહિલાએ ભારે સાહસ દાખવીને બાળકોને બચાવ્યા હતા જે જોઈને લોકો દંગ રહી ગયા હતા, જ્યારે એ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થયો હતો. સોશિયલ મીડિયા પર લોકોએ બાળકોને બચાવનારાની પ્રશંસા કરી હતી.

આગની ઘટનાની ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતો અને ઘટનાની જાણ થતાની સાથે જ સાત ફાયર બ્રિગેડની ગાડીઓ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આગ લાગવાની ઘટનામાં એપાર્ટમેન્ટના રહીશો દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવી લીધો હતો અને ૧૮ જેટલા લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પારો વધતા વીજ વપરાશ વધીને ૨૫૦૦૦ મેગાવોટને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એપ્રિલ મહિનાના પ્રારંભથી જ કાળઝાળ ગરમી પડી રહી છે. આકાશમાંથી વરસતા અગનગોળા વચ્ચે ગુજરાતની વીજ માગ પણ ગરમીના પારાની જેમ જ ઝડપભેર ઉપર જઈ રહી છે. એપ્રિલ મહિનાના પહેલા ૧૦ દિવસમાં જ ગુજરાતની વીજ માગ ૨૫૦૦૦ મેગાવોટને પાર કરી ગઈ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગત વર્ષે ગુજરાતની સૌથી વધારે ૨૫૫૦૦ મેગાવોટ જેટલી વીજ માગ જૂન મહિનામાં નોંધાઈ હતી અને આ રેકોર્ડ એપ્રિલ મહિનામાં થોડા માટે જ તૂટતા રહી ગયો છે. આમ છતા આ જ પ્રકારની ગરમી ચાલુ રહી તો એપ્રિલ મહિનામાં જ ગુજરાતની વીજ માગ ૨૬૫૦૦ મેગાવોટ સુધી પહોંચી જવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

માર્ચ મહિનાના પહેલા નવ દિવસ અને એપ્રિલ મહિનાના પહેલા નવ દિવસની સરખામણી કરવામાં આવે તો એપ્રિલ મહિનાના પાંચ દિવસ એવા છે જ્યારે માર્ચ મહિનાની સરખામણીએ રાજ્યની વીજ માગ ૨૦૦૦ મેગાવોટ કરતા વધારે રહી હતી. તેમાં પણ આઠ એપ્રિલે તો વીજ માગ વધીને ૨૫૩૨૧ મેગાવોટ પર પહોંચી ગઈ હતી. જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. તેના એક દિવસ પહેલા એટલે કે સાત એપ્રિલે પણ વીજ માગ ૨૫૨૮૩ મેગાવોટ રહી હતી.

# ગરવી સર્વર પાંચ દિવસ બંધઃ દસ્તાવેજોની નોંધણી સહિતની કામગીરી અચાનક ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પના આદેશ અનુસાર ગરવી સર્વર પાંચ દિવસ માટે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. શુક્રવારથી શરૂ થયેલા આ ટેકનિકલ બ્રેકના કારણે રાજ્યભરમાં દસ્તાવેજોની નોંધણી સહિતની તમામ કાર્યપ્રણાલીઓ અચાનક ઠપ થઈ ગઈ હતી. સર્વર બંધ હોવાથી તમામ દસ્તાવેજો માટે નોંધણી પ્રક્રિયા સ્થગિત રાખીને લોકોને ૧૫મી એપ્રિલનું ટોકન આપવામાં આવ્યું હતું.

ગરવી સર્વર ઉપર જ દસ્તાવેજ નોંધણી, મેપિંગ, મૂલ્યાંકન અને અન્ય વિવિધ મહત્ત્વપૂર્ણ કામગીરી થઈ રહી છે. આ સર્વર બંધ રાખવાનો નિર્ણય ટેકનિકલ કામગીરીના બહાને લેવામાં આવ્યો છે, પરંતુ આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે નવા જંત્રી દર ઓનલાઈન અપલોડ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે, જેને પગલે સર્વરને બંધ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલા નવા જંત્રી દરો પહેલાની સરખામણીએ ઊંચા થવાની શક્યતાઓ છે, જે અંગે વાંધા-સૂચનો પણ નોંધાવાયા છે. શહેરી વિસ્તારોમાં મેપિંગની કામગીરીમાં અસમંજસ ભરેલી ભૂલો જોવા મળી રહી છે. અનેક વિસ્તારો ગરવી સર્વરમાં દર્શાવવામાં આવતા જ નથી અથવા ખોટા ફોર્મેટમાં અપલોડ થયા છે. તો બીજી બાજુ, અનેક ગ્રામ્ય વિસ્તારોમાં હજી સુધી પૂરતો સર્વે પણ થયેલો નથી. આ તમામ વિસંગતતાઓને અવગણીને રાજ્ય સરકારે ઉતાવળથી નવા દરો લાગુ કરવા તજવીજ હાથ ધરી છે.

મળતી વિગત અનુસાર ગાંધીનગરથી સબ રજિસ્ટ્રાર કચેરીઓને ખાસ આદેશ આપીને મેપિંગ કચેરી ન છોડવા સૂચના અપાઈ હતી. આ ઉપરાંત, ૧૦થી ૧૪ એપ્રિલ સુધીનો સમયગાળો સર્વર બંધ રાખવા માટે નક્કી કરાયો હતો. સર્વર બંધના કારણે દસ્તાવેજ નોંધણીની કામગીરી તાત્કાલિક અસરથી અટકી જતા રોજબરોજની લાખો રૂપિયાની આવક સરકાર ગુમાવશે.

એક અંદાજ મુજબ, માત્ર એક જ દિવસે રાજ્યભરમાં દસ્તાવેજ નોંધણીમાંથી કરોડો રૂપિયાનું રેવન્યુ મળે છે, જે હવે પાંચ દિવસ સુધી ખોરવાઈ શકે છે. સરકારના અધિકારીઓ દ્વારા આ પગલાને ટેકનિકલ અપગ્રેડશનનું નામ ભલે અપાયું હોય, પરંતુ આ જે રીતે ઘડાયું છે તે જોઈ ચર્ચાઓ તેજ બની છે કે સરકાર નવા જંત્રી દરો લાગુ કરવા માટે આયોજનપૂર્વક સમય લઈ રહી છે.

# અમિત શાહ ૧૮ એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવશે, અનેક કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૧૮ એપ્રિલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ગાંધીનગર ખાતે મનપા-ગુડાના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવાના છે. થોડા દિવસ પહેલા કેન્દ્રીય ગૃહ પ્રધાને ઈફકો પ્લાન્ટના સિડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. ચર્ચાઓ એવી પણ છે કે, ભાજપ સંગઠનમાં ફેરફારની વચ્ચે ફરી એકવાર કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. આ પહેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વાર્ષિક ટ્રેડ એક્સ્પો 'ગેટ ૨૦૨૫'નો શુભારંભ કર્યો હતો. ત્યાર બાદ અમિત શાહે કલોલમાં ઈફકોના કાર્યક્રમમાં હાજરી આપી હતી. કલોલના ઈફકો પ્લાન્ટની ૫૦ વર્ષની ઉજવણી નિમિતે શુક્રવારે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યાં હતાં. ત્યારે ફરી એકવાર કેન્દ્રીય ગૃહ પ્રધાન ૧૮ તારીખે ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે.

# સમગ્ર કચ્છમાં આગામી ૧૫મી એપ્રિલથી સરકારી જમીનો પરના દબાણ હટાવવાની મહાઝુંબેશ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છની વિકાસની થઇ રહેલી કાયાપલટ વચ્ચે હજારો એકર પારકી જમીનો પર દબાણ કરવાની પ્રવૃત્તિમાં પણ સતત વધારો થઇ રહ્યો છે તેવામાં અચાનક જાગેલા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આગામી ૧૫મી એપ્રિલથી સમગ્ર કચ્છમાં દબાણો હટાવવા મહા ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

હાલમાં કેટલાક વારંવાર ગુના આચરતા રહેતા ગુનેગારોનાં ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા માટે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા પગલાં લેવાઈ રહ્યાં છે તો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ આ રણપ્રદેશમાં કિંમતી સરકારી જમીનો પર ખડકી દેવામાં આવેલાં ગેરકાયદેસર બાંધકામોની યાદી તૈયાર કરવામાં આવી છે જે અંતર્ગત આવાં દબાણોને જમીનદોસ્ત કરી દેવા મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવશે.

શહેરી વિસ્તારો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ દબાણકારોએ માઝા મૂકી છે, ગૌ માતા માટેના વથાણ પણ કબજે કરી લેવામાં આવ્યા છે તો ચરિયાણ માટેની ગૌચર જમીનો પણ દબાણકારો દ્વારા દબાવી લેવામાં આવી છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા તબક્કાવાર રીતે દબાણો દૂર કરવામાં આવશે.

જે લોકોએ સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું હોય તે લોકોને સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવા અપીલ પણ કરવામાં આવી છે અને જો દબાણો પોતાની રીતે દૂર નહીં કરવામાં આવે તો પોલીસને પણ સૂચિત કરવામાં આવ્યું છે કે તમામ દબાણો પૂરતા બંદોબસ્ત સાથે જમીનદોસ્ત કરવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું.

# અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર ફરીથી બોટિંગ શરૂ થશેઃ આઈઆરએસ દ્વારા સ્થળ નિરીક્ષણ કરાયું

અમદાવાદઃ સાબરમતી રિવરફ્રન્ટ પર ફરી બોટિંગ સેવા શરૂ થવા જઈ રહી છે. બોટિંગ સેવા શરૂ કરવા માટે ગતિવિધિઓ અને કામગીરી શરૂ કરવામાં આવી રહી છે. તે અંગે અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર કામગીરી શરૂ થઈ ગઈ છે. અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર બોટિંગ સેવા શરૂ કરવા માટે ઈન્સ્ટિટયૂટ ઓફ રિઝર્વોયર સ્ટડીઝ દ્વારા નિરીક્ષણ કરાયું છે. સ્થળ નિરીક્ષણ અને બોટીંગ સેફ્ટી અંગેનો રિપોર્ટ તૈયાર કરી કમિશનરને આપવામાં આવશે. ત્યાર બાદ કમિશનર દ્વારા મંજૂરી મળ્યા બાદ અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર ફરી એકવાર બોટિંગ સેવા શરૂ થશે. રિવરફ્રન્ટ પર બોટિંગની મજા માણવા ઇચ્છતા લોકો ફરી આ સેવાનો લાભ ઉઠાવી શકશે.

અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પર બોટનું વજન અને સેફ્ટીને લઈ ચેકિંગ કરવામાં આવ્યું હતું. બોટને સાબરમતી નદીમાં ઉતારી ટેસ્ટિંગ કરવામાં આવ્યું અને બોટનું ટ્રાયલ કરવામાં આવ્યું હતું. સલામતી અને સુરક્ષાના નિયમને ધ્યાને રાખીને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ કમિશનરને મોકલવામાં આવશે. અમદાવાદવાસીઓ અને અમદાવાદ રિવરફ્રન્ટની મુલાકાતે આવતા સહેલાણીઓ બોટિંગની મજા માણી શકશે.

# આમ આદમી પાર્ટીનું ૧૩ એપ્રિલે વિસાવદર ખાતે મહાસંમેલન યોજાશેઃ ગોપાલ રાયના ભાજપ પર પ્રહાર

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, સહ પ્રભારી દુર્ગેશ પાઠક, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવ, પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખિલ અને કિસાન સેલના પ્રદેશ પ્રમુખ રાજુભાઈ કરપડાની આગેવાનીમાં ગુજરાત પ્રદેશ સંગઠનની સૌરાષ્ટ્ર ઝોનની મીટિંગ શુક્રવારે યોજાઇ હતી. આ મીટિંગમાં તમામ પ્રદેશના નેતાઓની સાથે સાથે રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોષી, રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરા, ગુજરાત પ્રદેશ મહિલા ઉપપ્રમુખ નિમિષાબેન ખૂંટ સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ દરમિયાન પ્રદેશ પ્રભારી ગોપાલએ મીડિયા સમક્ષ વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત માટે એ મિથ્યા ભ્રમ હતો કે, ગુજરાતમાં ત્રીજી પાર્ટીને લોકો અપનાવતા નથી, પરંતુ આમ આદમી પાર્ટીને ૪૦ લાખથી વધુ વોટ આપીને લોકોએ આ મિથ્યાનો ભંગ થયો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે ૮ તારીખે ગુજરાત આવ્યા અને ૯ તારીખે ગાંધીનગર ખાતે સંગઠનની મીટિંગ કરી હતી. અમદાવાદમાં અનેક યુવાનો સાથે અમારી મીટિંગ થઈ હતી. ૧૩ એપ્રિલના રોજ વિસાવદર ખાતે સમગ્ર ગુજરાત પ્રદેશના સંગઠનનું કાર્યકર્તા સંમેલન અમે યોજવા જઈ રહ્યા છીએ. ગુજરાતની તમામ લોકસભા અને વિધાનસભાઓના પ્રમુખ આ સંમેલનમાં હાજર રહેશે. ૧૩ એપ્રિલ બાદ અમે સમગ્ર ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકના સંગઠન નિર્માણનું કામ શરૂ કરીશું.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ૧૪ એપ્રિલથી લેસર શો સાંજે ૭:30 અને મહાઆરતી ૮:૧૫ કલાકે યોજાશે

અમદાવાદઃ સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર અને શૂલપાણેશ્વર મહાદેવ ટ્રસ્ટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. ૧૪ એપ્રિલ ૨૦૨૫થી પ્રોજેક્શન મેપિંગ શો (લેસર શો)નો સમય બદલાઈને સાંજે ૭:૩૦ કલાક થશે. નર્મદા મહાઆરતી હવે સાંજે ૮:૧૫ કલાકે શરૂ થશે. લેસર શો માટે દુનિયાની અત્યાધુનિક ટેકનોલોજી વપરાય છે. સંપૂર્ણ અંધકારમાં આ શો વધુ સારી રીતે જોઈ શકાય છે. આથી સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.આ ઉપરાંત પ્રવાસીઓની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. લેસર શો અને મહાઆરતી બંને માણવા માટે નિઃશુલ્ક બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી સંકુલની બાજુમાં આવેલા બસ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ પરથી મહાઆરતી સ્થળે જવા માટે બસ મળશે. મહાઆરતી પૂર્ણ થયા બાદ પાર્કિંગ સ્થળે પરત ફરવા માટે પણ બસની વ્યવસ્થા કરવામાં આવી છે.

# કાળઝાળ ગરમીમાં શ્રમિકો પાસે બપોરે એકથી ચાર કામ નહીં કરાવવા સરકારનો આદેશ

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લામાં આગ ઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યમાં સરેરાશ તાપમાનનો પારો વધીને ૪૩ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. આ દરમિયાન રાજ્ય સરકારે શ્રમિકોના હિતમાં મહત્ત્વનો નિર્ણય લીધો હતો. શ્રમ આયોગની કચેરીએ ભારે ગરમીને કારણે શ્રમિકો પાસે બપોરના સમયગાળામાં કામ નહીં કરાવવાનો આદેશ આપ્યો હતો. શ્રમ આયોગની કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્ર અનુસાર, બપોરે ૧ થી ૪ વાગ્યાના સમયગાળામાં શ્રમિકો પાસે કામ નહીં કરાવી શકાય. આ ઉપરાંત મોટા પ્લોટમાં થતા બાંધકામ જેવી ખુલ્લી જગ્યા કે જ્યાં માથે સીધો તાપ અસર કરે તેવા સ્થળે પણ શ્રમિકો પાસે કામ નહીં કરાવી શકાય. આ આદેશનું પાલન તમામ લોકોએ જૂન ૨૦૨૫ સુધી કરવાનું રહેશે. માર્ચના અંતથી જ કાળઝાળ ગરમી પડતાં શ્રમ આયોગની કચેરી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં સમૂહ પારણાં, દીક્ષાર્થી સન્માનઃ મહિલા જ્ઞાન શિબિર

વિરાણી પૌષધશાળા, પૅલેસ રોડ ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવ તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં તા. ૧૩ને રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે 'મનથી મનને સમજાવો' વિષય પર પ્રવચન મધ્યે ૨૦ વર્ષીય કુ. હેત્વી વિમલભાઈ પરમારનું રાજકોટના સંઘો દ્વારા બહુમાન રાખેલ છે. બપોરે ૧૨-૦૦ કલાકે આયંબિલ ઓળીના તપસ્વીઓના સમૂહ પારણા સવિતાબેન પ્રાણલાલ પંચમીયા પરિવાર તરફથી યોજાશે. જ્યારે ૩-૦૦ થી ૪-૩૦ કલાકે મહિલા મેગા જ્ઞાન શિબિરમાં સેંકડો બહેનો જોડાશે. તા. ૧૫ને મંગળવારે સવારે ૯-૦૦થી ૧૧-૦૦ કલાકે ભક્તિનગરમાં કોઠારી ઉપાશ્રયે ગુરુદેવની નિશ્રામાં પ્રવચન અને પ્રવર્તિની પૂ. પુષ્પાબાઈ મ.સ.ની પાંચમી પુણ્યતિથિ-ગુણાંજલિ કાર્યક્રમ અને એકાસનનું આયોજન છે. ધર્મસભામાં ગુરુદેવે જણાવેલ કે- માણસો એકબીજાને ઓળખે એટલે ભેગા થાય અને એકબીજાને ઓળખી જાય એટલે જુદા થાય. સન્નાટો છવાઈ ગયો વૃદ્ધાશ્રમમાં જ્યારે માતાને મૂકવા આવેલ દીકરાની મારૂતિ પર લખ્યું હતુ માતૃદેવો ભવઃ જીવનમાં મનને જાણો અને મનને જીતતા શીખતા જાઓ.

## કલાકારોની સંસ્થા સ્વર દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઇ

મુંબઈઃ કલાકારો માટે કામ કરતી સંસ્થા સંગીત વેલ્ફેર આર્ટિસ્ટ્સ રિકોર્સ (સ્વર) દ્વારા તેમના સભ્યો માટે એન્યુઅલ સ્પોર્ટ્સ ઇવેન્ટ હેઠળ મલાડના સરસ્વતી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ડે-નાઇટ ક્રિકેટનું આયોજન કરાયું હતું. આ નિમિત્તે સંસ્થાના સભ્ય કલાકારો સહિત ગરબા ક્વીન ફાલ્ગુની પાઠક હાજર રહી હતી. પ્રીતિ-પિન્કી, ભૂમિ ત્રિવેદી સહિત ગાયક હિમેશ રેશમિયા અને અન્ય કલાકારો જોની લીવર અને નવરાત્રિના આયોજકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.



સ્વરના તુષાર સોનિગ્રા જણાવે છે કે ૨૦૦૨માં સ્થાપવામાં આવેલી સ્વરમાં ૩૦૦ જેટલા સભ્યો છે અને સંસ્થા કલાકારોના કલ્યાણ, વિકાસ અને સહાય માટે કાર્ય કરે છે. સંસ્થા દ્વારા અનેક ચેરિટી કાર્યક્રમો યોજાય છે. કેન્સર પીડિતો અને વંચિતો માટે તો ફ્રીમાં કાર્યક્રમો યોજવામાં આવે છે. કટોકટીના સમય કલાકારોને આર્થિક સહાય પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

## બાન્દ્રામાં જમીન વિવાદમાં ચોપરના ઘા ઝીંકી એકની હત્યાઃ ચાર સગાંની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રામાં જમીન વિવાદને લઈ ચાર સગાંએ ચોપરથી નિર્દયતાથી કરેલા હુમલામાં ૪૭ વર્ષના શખસનું મૃત્યુ થયું હતું. આ હુમલામાં મધ્યસ્થી કરનારા અન્ય ત્રણ સગાં પણ ગંભીર રીતે ઘવાયા હોઈ પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની રાતે બાન્દ્રા પશ્ચિમમાં બડી મસ્જિદની પાછળ આવેલી દરગાહ ગલીમાં બની હતી. ચાર આરોપી ઈમરાન ખાન (૩૫), તેની પત્ની ફાતિમા ઈમરાન ખાન (૩૭), ઉસ્માન અલી શેખ (૩૧) અને તેના પિતા ઝાકીર અલી શેખે (૬૨) શાકીર અલી શેખ પર ચોપરથી હુમલો કર્યો હતો. શાકીર પર હુમલો થયો ત્યારે તેના સગા એવા ફરિયાદી અફઝલ અલી શેખ, તેની માતા અને ખિજાતલી સંડોલેએ શાકીરને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. મધ્યસ્થી કરનારા ત્રણેય પર આરોપીઓએ હુમલો કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘવાયા હતા.

ભારે હંગામો મચતાં સ્થાનિક રહેવાસીઓ મધ્યસ્થી માટે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ બાન્દ્રા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જખમી ચારેયને ભાભા હૉસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં તબીબે શાકીરને મૃત જાહેર કર્યો હતો. અન્ય ત્રણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઝોન-૯ના ડેપ્યુટી પોલીસ કમિશનર દીક્ષિત ગેદામે જણાવ્યું હતું કે આ મામલે બાન્દ્રા પોલીસે હત્યા સહિત ભારતીય ન્યાય સંહિતાની અન્ય સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. ચારેય આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બે વ્યક્તિ વચ્ચેના જમીન વિવાદને પગલે આ હુમલો થયો હોવાનું જાણવા મળ્યું હતું.

## લાતુરમાં રમતાં રમતાં કૂવામાં પડેલાં ભાઇ-બહેનનાં મૃત્યુ

લાતુરઃ લાતુરમાં ઘર નજીક રમતાં રમતાં કૂવામાં પડેલાં ત્રણ વર્ષના ભાઇ અને છ વર્ષની બહેનનાં મૃત્યુ થયાં હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

તળેબુરહાન વિસ્તારમાં ગુરુવારે સાંજના ચાર વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા ભાઇ-બહેનની ઓળખ અલિના સમીર શેખ (૬) અને ઉસ્માન (૩) તરીકે થઇ હતી, એમ ઇન્સ્પેક્ટર સુજિત રેજીતવારે કહ્યું હતું.

બંને ભાઇ-બહેન કૂવામાં પડ્યાં ત્યારે તેમની સાથે રમી રહેલો આઠ વર્ષનો ભાઇ ગભરાઇ ગયો હતો અને તે સીધો ઘરે દોડી ગયો હતો. તેણે પરિવારજનોને બનાવની જાણ કરી હતી, જેને પગલે તેઓ પડોશીઓ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

દોઢ કલાકની જહેમત બાદ રસ્સીની મદદથી બંને બાળકોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં.

જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં, એમ પોલીસે કહ્યું હતું. બંને બાળકના પિતા આઇસક્રીમ વિક્રેતા છે. (પીટીઆઇ)

## એલ્ફિન્સ્ટન પુલ હવે ૧૫મી એપ્રિલથી બંધ કરાશે

મુંબઈઃ એલ્ફિન્સ્ટન પુલ ૧૫મી એપ્રિલથી બંધ કરવાનું મુંબઈ પાલિકા અને એમએમઆરડીએ નક્કી કરી લીધું છે. વરલી-શિવડી કનેક્ટરના એલિવેટેડ માર્ગના બાંધકામ માટે આ પુલ તોડવામાં આવશે.

એમએમઆરડીએનો વરલી-શિવડી કનેક્ટર એલિવેટેડ માર્ગ ૪.૫ કિલોમીટર લાંબો હશે. આ માર્ગને કારણે બાન્દ્રા-વરલી, વરલી-શિવડી તથા શિવડી-ન્હાવાશેવા અટલ સેતુ દ્વારા બાન્દ્રાથી કોઇ પણ સિગ્નલ વગર નવી મુંબઈ એરપોર્ટ પર પહોંચવાનું શક્ય બનશે.

આ વરલી-શિવડી માર્ગમાં ૧૩ મીટર પહોળો પ્રભાદેવી (એલ્ફિન્સ્ટન) રેલવે પુલ અડચણ બની રહ્યો છે. તેથી આ પુલ તોડીને તેની જગ્યાએ નવો ડબલ ડેકર પુલ બનાવવાનો પ્રસ્તાવ છે. સોમવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી હોવાથી આ વિસ્તારમાં ભીડ હોઇ શકે છે. તેથી ૧૫મી એપ્રિલથી આ પુલ બે વર્ષ માટે ટ્રાફિક માટે બંધ કરવામાં આવશે.

૧૫મી એપ્રિલે આ પુલ પ્રત્યક્ષ રીતે તાબામાં આવી જશે, પરંતુ તેને તોડી પાડવા માટે રેલવેએ બ્લોક લેવાની જરૂર પડશે. આ કામ એમએમઆરડીએ માટે મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમઆઇઆરડીસી) કરશે. બ્લોક માટે વધુ સમય લાગવાની શક્યતા છે. તેથી ત્યાં સુધી નવા બનાવવામાં આવનાર પૂલની બન્ને બાજુ તરફ પહોંચવા માટેના માર્ગનું કામ પહેલા શરૂ કરવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ પૂલના પ્રથમ સ્તર પર ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગ અને સેનાપતી બાપટ માર્ગને જોડવા માટે (પૂર્વ-પશ્ચિમ) કુલ ચાર લેન (બન્ને તરફ બે લાઇન) તથા બીજા સ્તર પર અટલ સેતુથી વરલી અથવા વરલીથી સીધા અટલસેતુ સુધી જવા ચાર લેન માર્ગ હશે. આ નવા ડબલ ડેકર પુલ બનાવવા માટે ૩૦૦૦ ટન તથા ૧૨૦૦ ટન એમ કુલ ૪,૨૦૦ ટન વજનના ગર્ડરનો ઉપયોગ કરવામાં આવશે. આ કામ માટે ૮૦૦ ટન ક્ષમતાના ક્રેનનો ઉપયોગ કરવામાં આવશે.

### પર્યાયી માર્ગ

એલ્ફિન્સ્ટન પુલ બંધ થયા બાદ પર્યાયી માર્ગ તરીકે દાદરન ટિળક પુલ અને કરી રોડ તેમજ લોઅર પરેલ પુલનો ઉપયોગ થશે. તેથી આ પુલ પર ટ્રાફિકનો ભાર વધશે અને નાગરિકોના હાલબેહાલ થવાની શક્યતા છે.

## વરલીના સીફેસ પરના સ્લમ અને નોન-સ્લમ વિસ્તારનું એકસાથે રિડેવલપમેન્ટ

મુંબઈઃ વરલીમાં દરિયા કિનારા પાસે આવેલા વિસ્તારના પુનર્વિકાસને મહત્ત્વાકાંક્ષી કહો કે પછી વિવાદાસ્પદ, પણ આ પ્રકલ્પને કારણે નવો ટ્રેન્ડ શરૂ થવાની શક્યતા છે. આ વિસ્તારનો વિકાસ કરવા માટે ઝૂંપડપટ્ટીવાળા પ્લોટનો સમાવેશ ઝૂંપડપટ્ટી વગરના પ્લોટ સાથે જોડવાની જરૂર પડશે.

આ વિસ્તાર ખાસ કરીને ઝૂંપડપટ્ટી વિસ્તાર છે જેના પૂર્વ તરફ ડૉ. એની બેસન્ટ રોડ, પશ્ચિમ તરફ કોસ્ટલ રોડ અને ઉત્તરમાં ખાન અબ્દુલ ગફાર ખાન રોડ આવેલો છે. અમુક પ્લોટ પર બીએમસી સ્ટાફ ક્વોટર્સ, નવ મ્યુનિસિપલ સોસાયટી બિલ્ડિંગ અને ઓછામાં ઓછી બે ખાનગી ઇમારતો આવેલી છે. એસઆરએએ તો આ યોજનાને બહુ મહત્ત્વાકાંક્ષી ગણાવી છે, પરંતુ ઝૂંપડવાસીઓનું ક્યાં પુનર્વસન કરાશે એ અંગે કોઇ સ્પષ્ટતા કરી નથી. ફેબ્રુઆરીમાં એક બિલ્ડરે બીએમસીના એક નોન-સ્લમ પ્લોટ માટે ૧૬ કરોડ રૂપિયા (લેન્ડ પ્રીમિયમના ૧૦ ટકા) ચૂકવ્યા હતા.

અહીં રોડ બનાવ્યા વગર બાંધકામ કરવાનું શક્ય ન હોવાને કારણે પાલિકાનો એક ૬૦ ફૂટનો રોડ અને બીજો ૪૦ ફૂટનો રોડ બનાવવાનો પ્રસ્તાવ છે.

વરલીના આ પ્લોટ્સને જોડાવા અને આ વિસ્તારના પુનર્વિકાસ માટે પાલિકાની પરવાનગી માટે એસઆરએની માગણી સાથેનો પત્ર મળ્યો હોવાને પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણી તરફથી પુષ્ટિ મળી છે. ગયા વર્ષે આઠમી ઓક્ટોબરે એસઆરએના સીઇઓએ પાલિકાના નોન-સ્લમ પ્લોટને સ્લમ પ્લોટ સાથે જોડી તેનો પુનર્વિકાસ કરવા માટેની પરવાનગી માગી હતી.

સ્થાનિક વિધાનસભ્ય અને શિવસેના-યુબીટીના નેતા આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે તેઓ પાલિકા સાથે પહેલા આ અંગે ચર્ચા કરશે અને સ્થાનિક રહેવાસીઓના અધિકારીને નુકસાન ન પહોંચે તેની ખાતરી કર્યા વગર આ પ્લાનને આગળ વધવા દેવામાં આવશે નહીં. અહીં રહેતા લોકોને યોગ્ય ઘર મળે એ અમારી ઇચ્છા છે. મુખ્ય પ્રધાન અને બન્ને નાયબ મુખ્ય પ્રધાનો મુંબઈના રહેવાસી ન હોવાથી તેઓ આ શહેરને ફક્ત સોનાના ઇંડા આપતી મરઘી જ સમજે છે. તેઓ અહીંના લોકોની હકાલપટ્ટી કરી શકે નહીં.

## ઘરનો કચરો-ભંગાર વધુ ફેંકાતો હોય એવા નાળાની નિયમિત સફાઈ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈનાં મોટાં નાળાંમાં ઘરનો ભંગાર, ગાદલાં જેવા કચરા ફેંકવાનું પ્રમાણ વધારે હોય તેવા નાળાઓની ૧૫ મે, ૨૦૨૫ બાદ નિયમિત સફાઈ કરવાનો આદેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ઘનકચરા વિભાગ અધિકારીઓને આપ્યો છે. નાળાની આજુબાજુ તથા મોટાં નાળાં ઉપર અતિક્રમણ કરનારાઓ પોતાના ઘરનો કાટમાળ, ભંગાર, ગાદલાં, ફર્નિચર જેવી ઘરની નકામી વસ્તુઓ નાળામાં ફેંકી દેતા હોય છે. થોડા વર્ષો અગાઉ મુંબઈના અમુક વિસ્તારમાં નાળામાં ફેંકવામાં આવેલા ગાદલાં અને ફર્નિચરને કારણે ચોમાસા દરમ્યાન નાળાઓ ચોક-અપ થઈ ગયા હતા અને વરસાદી પાણીનો નિકાલ થઈ શક્યો નહોતો અને અમુક નીચાણવાળા વિસ્તાર જળબંબાકાર થઈ ગયા હતા.

તેથી મુંબઈમાં આવી ઘટનાનું પુનરાર્વતન થાય નહીં તે માટે મોટાં નાળાં જેની સફાઈ થઈ છે, છતાં તેમાં તરતા કચરાનું પ્રમાણ વધારે રહેતું હોય તેવા નાળાઓને ૧૫ મે, ૨૦૨૫ બાદ પણ શક્ય હોય તેટલી વાર સાફ કરવાની સૂચના પાલિકા કમિશનરે શુક્રવારે મુંબઈના નાળાસફાઈના કામને લઈને ઘનકચરા વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. એ દરમ્યાન તેમણે નાળાસફાઈના કામ દરમ્યાન રેલવે, એમએમઆરડીએ જેવી ઓથોરિટી સાથે સમન્વય સાધીને સફાઈ કરવા પર ભાર આપ્યો હતો. અધિકારીઓને ૫૦ દિવસની અંદર મીઠી નદીની સાથે જ નાળાંની સફાઈ યોગ્ય રીતે થાય તે માટે દરરોજ પોતાના વિસ્તારમાં આવેલા નાળાંની દરરોજ ઈન્સ્પેકશન કહીને અહેવાલ લેવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.

મુંબઈના જુદા જુદા વિસ્તારમાં આવેલા કયા નાળામાં, કયાં ઠેકાણે કયાં કારણથી કચરો ભરાઈ રહે છે, તેનું નિરીક્ષણ કરીને તે મુજબ ઉપાયયોજના અમલમાં લાવવાની સાથે જ પાણી જયાં ભરાઈ રહેતા હોય તેવા સ્થળના ૧૦૦ મીટરના ત્રિજ્યામાં જે નાનાં-મોટાં નાળાં આવેલા છે તેની સફાઈ પણ તકેદારી લઈને અત્યંત ઝીણવટપૂર્વક કરવાની સૂચના કમિશનરે આપી હતી. જે ઠેકાણે પાણી ભરાય છે તેવા ઠેકાણે પાલિકાએ પંપ બેસાડવાની સાથે જ પાલિકાનો કર્મચારી પણ તહેનાત કરવાની સૂના તેમણે આપી હતી. એ સાથે જ તે સ્થળે મોબાઈલ પંપ પણ રાખવાનો રહેશે. જો કોઈ સ્થળે પંપ છેલ્લી ઘડીએ બગડી જાય તો મોબાઈલ પંપ દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરી શકાશે.

## બળાત્કારના આરોપમાં નિર્દોષ પણ સગીરાના અપહરણ બદલ દોષી, સાત વર્ષની જેલની સજા

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક અદાલતે ૪૭ વર્ષની એક વ્યક્તિને સગીર વયની છોકરીના અપહરણના ગુનામાં દોષિત જાહેર કરી સાત વર્ષની સજા ફટકારી છે. જોકે એડિશનલ સેશન્સ જજ (કલ્યાણ) પી. આર. અશ્તુરકરે પુરાવાના અભાવનું કારણ આગળ ધરી દીપક ઉર્ફે ગણેશ ભાનુદાસ ભુક્તર સામે મૂકવામાં આવેલા બળાત્કારના આરોપો રદ કર્યા હતા. આઠમી એપ્રિલે આપેલા આદેશની નકલ શુક્રવારે ઉપલબ્ધ થઈ હતી.

માર્ચ ૨૦૧૮માં ૧૩ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેને છત્રપતિ સંભાજી નગર, તત્કાલીન ઔરંગાબાદ લઈ જવાનો આરોપ લગાવ્યા બાદ અંબરનાથના રહેવાસી ભુક્તર પર કેસ નોંધવામાં આવ્યો હતો. ન્યાયાધીશ અશ્તુરકરે જણાવ્યું હતું કે અપહરણ કેસમાં સગીરની સંમતિ અથવા પ્રતિકારનો અભાવ અપ્રસ્તુત છે. અદાલતે એમ પણ કહ્યું હતું કે ભૂક્તરે તેને કોઈને ખબર ન પડે એ રીતે ફોન આપ્યો હતો જે 'દૂષિત ઈરાદાનો સૂચક' હતો. અપહરણનો આરોપ વાજબી શંકાથી પર સાબિત થયો છે એમ પણ કોર્ટે જણાવ્યું હતું.

જોકે, બળાત્કારના આરોપોમાં ચોક્કસ અને સ્પષ્ટ પુરાવાનો અભાવ હોવાનું અદાલતનું તારણ હતું. અદાલતે જણાવ્યું હતું કે કિશોરી અને તેની માતા કથિત જાતીય હુમલાને લગતી તારીખ, સમય અને સ્થળ સહિત કોઈ ચોક્કસ વિગતો નહોતા આપી શક્યા. અદાલતે ભુક્તરને અપહરણનો દોષી ઠેરવી સાત વર્ષની જેલની સજા ફટકારી તેને ૩ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. (પીટીઆઈ)

## મુખ્ય પ્રધાન રોજગાર યોજના હેઠળ પાલઘરમાં ૬,૦૦૦ને નોકરી મળશે

પાલઘરઃ પાલઘરે મુખ્ય પ્રધાનની રોજગાર સર્જન યોજના હેઠળ જિલ્લા માટે નિર્ધારિત કરેલા રૂ.૨૦૦૦ કરોડ રૂપિયાના લક્ષ્યાંકને ૧૦૦ ટકા હાંસલ કર્યું હોવાનું કલેક્ટર ઇન્દુ રાની જાખડે જણાવ્યું છે. બુધવારે તારાપુર એમ.આઈ.ડી.સી. ખાતે જિલ્લા કક્ષાની રોકાણ પરિષદ ૨૦૨૫ને સંબોધન કરતી વખતે તેમણે આ દાવો કર્યો હતો. આ કાર્યક્રમમાં ૧૬૧ એકમોએ રાજ્ય સરકાર સાથે ૨,૨૫૮ કરોડ રૂપિયાનાં એમઓયુ કર્યા હતા.

વધુ જાણકારી આપતા રાની જાખડે જણાવ્યું હતું કે આ પ્રયાસને પગલે ૬૦૦૦ લોકોને નોકરી મળશે. પાલઘર જિલ્લો ઔદ્યોગિક રોકાણ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. જિલ્લા વહીવટીતંત્ર અગ્રતાના ધોરણે ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિબદ્ધ છે. વિભાગોને રોકાણકારો માટે સીમલેસ સિંગલ-વિન્ડો સિસ્ટમ સુનિશ્ચિત કરવા સંકલન કરવા કહેવામાં આવ્યું છે.'

કોંકણ ડિવિઝનના જોઇન્ટ ડિરેક્ટર ઓફ ઇન્ડસ્ટ્રીઝ વિજુ શિરસાટે આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે 'કોંકણ ક્ષેત્ર નિકાસમાં રાજ્ય અગ્રણી છે. પાલઘરના સ્ટીલ, કેમિકલ અને અન્ય એકમો એમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.' (પીટીઆઈ)

## હિન્દુ મરણ

**ઔદિચ્ય બ્રાહ્મણ**

હળવદ નિવાસી, હાલ કાંદિવલી નંદલાલ નરભેરામ દવે (ઉં. વ. ૯૬) તે પ્રદીપ, સ્વ. જીતેન્દ્ર, સ્વ. કમલેશ, મીનાક્ષી, સ્વ. હર્ષા, પૂર્વીના પિતાશ્રી. માલતી, અમિતા, તૃપ્તિ, સ્વ. મનોજ ભટ્ટ, પ્રકાશ નિહારના સસરા. પ્રણવ પાર્થ શિવામી, વિત્તજી, કૃતિ, કપિલ, મેઘા, ડિમ્પલ, પ્રાચીના દાદાજી-નાના. તા. ૧૦-૪-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા નિવાસસ્થાને ૩૦૨, શીવ ગોપાલ મિલન સોસાયટી, જશવંતી ગોલ્ડ ટાવરની સામે, તિવારી કમ્પાઉન્ડ, સુભાષ રોડ, મયૂર ટોકીઝની પાસે, કાંદિવલી (પશ્ચિમ), તા. ૧૨-૪-૨૫ શનિવારે સાંજે ૫થી ૭.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ મોળદર, હાલ ઘાટકોપર ગો.વા. વિજયકાંત માધવજી વસનજી રાયચુરા (ઉં. વ. ૮૫), તે સ્વ. મણીબેન રાયચુરાના પુત્ર. સ્વ. લીલાવતીબેનના પતિ. કિશોરભાઇ (કેશુભાઇ), સ્વ. ધીરુભાઇ, પ્રવીણભાઇ, સ્વ. લલિતાબેન ગિરધરલાલ તકવાણી, સ્વ. નિમુબેન રમણીકલાલના ભાઇ. તે સ્વ. સવજીભાઇ, સ્વ. વેલજીભાઇ દત્તાના બનેવી. હિતેન્દ્ર, ગોપાલ, મેહુલ અને ગીતાના પિતાશ્રી. પ્રીતિ, દક્ષા, વર્ષા, સમીરકુમાર તન્નાના સસરા. તા. ૧૦-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૪-૨૫ શનિવારે ૪થી ૬. ઠે. હિંગળાજધામ, ઓધવધામની સામે, ગણેશ ગલ્લી, જે.એમ.એમ. રોડ, ખેરાની રોડ, સુભાષનગર, ઘાટકોપર (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

સૌ. કલ્પના ઉદય કાપડીયા (ઉં. વ. ૭૮) તા. ૩-૪-૨૫ના દીને લંડનમાં શ્રીજીનાચરણ પામેલ છે. ચી. મીનોતીના મમ્મી. ભાઇ વીશનજી રતનશી, મણીબાઇના પુત્રવધૂ. ભાઇ જયંત અમરચંદ તથા મંજુલાબેનના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ગં. સ્વ. જસવંતીબેન હરજીવનદાસ દયાળ ધ્રુવ (ઉં. વ. ૯૫) (ઊંટવડવાળા) તે કૃષ્ણકુમાર, હર્ષદ, નયના હરેશ પારેખનાં માતુશ્રી. ભારતી, અલકાના સાસુ. કૃપા-વિશાલ, નિકીતા-મિહિર, ઝંખના ઘનશ્યામ શર્મા, નેહા ચિરાગ ભૂપતાણી, હિરલ, ખુશ્બ જતીન વખારિયા, અર્પિતનાં દાદી-નાની. સ્વ. મણિલાલ કપૂરચંદ માંડવિયા, ધીરજલાલ દેવચંદ વૈદ્યનાં વેવાણ. પ્રાજ આરવી, વ્રિતિકા, અંજલિ, આયુષ, શ્રેયાસનાં પરદાદી. તા. ૧૦-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૫ રવિવારના સાંજે ૪.૩૦થી ૬. ઠે. વનિતા વિશ્રામ, ૩૯૨, એસ. વી. રોડ, રિલાયન્સ હોસ્પિટલ ગેટ નં.૬ની બાજુમાં, મુંબઇ-૪.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતી**

સાયલા નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. જગજીવનદાસ અને કાંતાબેન ગદાણીના સુપુત્ર સ્વ. સંજયકુમાર જગજીવનદાસ ગદાણી (ઉં. વ. ૭૦) તા. ૧૦-૪-૨૫ના દેવલોક પામેલ છે. બીનાબેન (વર્ષાબેન) સંજયકુમાર ગદાણીના પતિ. ઉર્વી અને નિકુંજના પિતાશ્રી. તે સ્વ.જયંતભાઇ, રાજનભાઇ, ભારતીબેન અને ભાવનાબેનના ભાઇ. તે કલ્પેશ, રૂપેશ, રાજુના કાકા. તે અનુજા, પ્રેમ અને રાહુલના મામા. સાદડી સોમવાર તા. ૧૪-૪-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. પ્રકાશ વિદ્યાલય, ગોગ્રાસવાડી, ગૌશાળાની સામે, ડોમ્બિવલી (ઇસ્ટ).

**પરજીયા સોની**

મૂળગામ વાળુકડ નિવાસી હાલ વિરાર, સ્વ. ધનકુંવરબેન રતિલાલ સતીકુંવરના પુત્ર ચીમનભાઈ (ઉં.વ. ૮૫) ૯/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. કમળાબેનના પતિ. સ્વ. નિલેશભાઈના પિતા. દીપિકાના સસરા. દાઠાવાળા અમૃતલાલ હરિભાઈ શુરુના જમાઈ. ચેતનાના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રોગ્રેશિવ એપાર્ટમેન્ટ, બી વિંગ, રૂમ નં. ૧૦૨, એમ બી એસ્ટેટ, વિરાર વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મૂળગામ ગોંડલવાળા હાલ બોરીવલી, સ્વ. હીરાલક્ષ્મીબેન ચીમનલાલ શેઠના પુત્ર મધુકરભાઈ શેઠ (ઉં.વ. ૭૫) ૯/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીતાબેનના પતિ. ક્ષિતિજ, પ્રતીક-જીનલના પિતા. નિહાર તથા ધ્વીરના દાદા. સાસરાપક્ષે નાથાલાલ કાચલીયાના જમાઈ. આશા વિનોદ મહેતા, રિટા જીતેન્દ્ર ઝવેરીના ભાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૧૩/૪/૨૫ના રવિવાર ૫ થી ૭. લોટસ બેન્કવેટ હોલ, રઘુલીલા મોલ, ચોથા માળે, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી ભાટીયા**

ધરણગામવાળા હાલ મુંબઈ, અરુણ ભાટીયા (આનંદ) (ઉં.વ. ૭૨) તે સ્વ. કરશનદાસ લીલાધર, સ્વ. કુસુમબેન ભાટીયાના સુપુત્ર. રાહુલ અને રાખીના પિતાશ્રી. કવિતા અને દિપક પરબના સસરા. સ્વ. લાલચંદ ગુલાબચંદ ભાટીયાના જમાઈ બુધવાર તા. ૯-૪-૨૫ના શ્રીનાથજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧૨-૪-૨૫ના ૪ થી ૬. ૩૦૫, બિલ્ડીંગ નં.૧, ઋષભ કૃપા, જૈનનગર, નવઘર નાકા, ભાયંદર પૂર્વ.

**દશા સોરઠિયા વણિક**

હાલરિયા નિવાસી હાલ અમેરિકા ગં.સ્વ. લીલાવતી પ્રભુદાસ ધાબળીયા (ઉં.વ. ૯૧) તે હર્ષદ, સ્વ. રમેશ, પંકજ ધાબલિયાના માતુશ્રી. બેલા, હર્ષા, અરૂણાના સાસુ. સ્વ. ગિરધરલાલ, સ્વ. વ્રજલાલ, સ્વ. જગજીવનદાસ, સ્વ. ધીરજલાલ, સ્વ. રામકુંવર ભીમજી માધાણી, સ્વ. ચંપાબેન ભગવાનજી સાંગાણી, કાંતિલાલ નાથાલાલ ધાબળીયાના ભાભી. સ્વ. રાયચંદ મોરારજી માધાણીના દિકરી. સ્વ. ચંદ્રકાંત, વિનોદરાય, ચીમનલાલ, રજનીકાંત, જીતેન્દ્ર માધાણીના મોટાબહેન, તા. ૮-૪-૨૫ના અમેરિકામાં શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ કડવા પાટીદાર**

કચ્છ ગામ નાના અંગીયા હાલે ઉલ્લાસનગર (કલ્યાણ), સ્વ. રતનબેન ભગત (ઉં.વ. ૭૯) તા. ૧૦/૪/૨૫ના ગુરુવાર અવસાન પામ્યા છે. તે ગોપાલભાઈ ભાણજી ભગતના ધર્મપત્ની. ગં.સ્વ. નિર્મળાબેન, સ્વ. ચંદુભાઈ, ગં.સ્વ. લક્ષ્મીબેન, ચંચલબેન તથા વસંતભાઈનાં માતૃશ્રી. ગં.સ્વ. પુષ્પાબેન તથા પરીતાબેનનાં સાસુ. નૈતિક, મોના, નિધિ તથા ધ્યાનીના દાદી. દષ્ટિના દાદીજી. વેદનાં વડદાદી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૩/૪/૨૫ના ૪.૩૦ થી ૬.૦૦. સેરેમની બેન્કવેટ હૉલ, કલ્યાણ ભિવંડી રોડ, કોન કલ્યાણ.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ**

મઘરવાળા નિવાસી હાલ વસઈ, ગુલાબચંદ વૃજલાલ મુલચંદ મહેતાના પુત્ર કાન્તીલાલ (ઉં.વ. ૭૪) બુધવાર તા. ૯/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે નિર્મળાબેનના પતિ. અમૃતા અને નમ્રતાના પિતા. આગમ શેઠ તથા કેકીન ઘરોડના સસરા. રસીલાબેન હિંમતલાલ વોરાના ભાઈ. હરકિશનભાઈ ભીખાભાઇ પટેલના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. ૨૧૨, મહાવીર મહેલ, સાઈનગર, સાઈબાબા મંદિરની ઉપર, વસઈ વેસ્ટ.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

પ્રભાસ પાટણ નિવાસી, હાલ મુંબઇ વાલકેશ્વર ગં. સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૯૦) તે સ્વ. ચીમનલાલ હરખચંદ વસનજીના ધર્મપત્ની. બુધવાર, તા. ૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દિવ્યાબેન, પ્રકાશભાઇ, ભદ્રકાન્તભાઇ, ભામિનીબેનના માતુશ્રી. તે સ્વ. દીલીપકુમાર, જયશ્રીબેન, બિનાબેનના સાસુ. તે પ્રભાસ પાટણ નિવાસી સ્વ. મૂલચંદ જેઠાભાઇની સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૨૮, 'એ' બી. જી. ખેર માર્ગ, પ્રકાશ નં.૦૧, બ્લોક નંબર-૦૭, મલબાર હીલ પોલીસ સ્ટેશન પાસે, રેર વિલાની સામે, વાલકેશ્વર, મુંબઇ-૪૦૦૦૦૬.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ રવ હાલ થાણાના અમરશી સત્રા (ઉં. વ. ૭૨) તા. ૯-૪-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. ભચીબેન આસધીરના પૌત્ર. સ્વ. દિવાળીબેન પૂંજાલાલના સુપુત્ર. ગં. સ્વ. દિવાળીબેનના પતિ. રમેશ, હિતેશ, કલ્પનાના પિતા. દક્ષા, વૈશાલી, જીતેશના સસરા. નૂતન ત્રંબૌના સ્વ. માનુબેન કરમણ ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૨-૪-૨૫. ઠે. શ્રી થાણા વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, નૌકાવિહારની સામે, થાણા (વેસ્ટ).

**જામનગર વિશા ઓશવાળ જૈન**

ધ્રોલ જામનગર નિવાસી હાલ મુંબઇ સાયન રસીકલાલ ધારશીભાઇ શાહ તે સ્વ. હિરાકોરબેન ધારસીભાઇ ચત્રભુજ શાહના સુપુત્ર (ઉં. વ. ૮૯) શુક્રવાર, તા. ૧૧-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબેનના પતિ. અસ્મિતા સતીષભાઇ શાહ તથા ઇલેશભાઇના પિતાશ્રી. સ્વ. પ્રવિણભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. જયસુખભાઇ તથા મહિપતભાઇ, તેમ જ સ્વ. સુશીલાબેન નગીનદાસ શાહ, સ્વ. જસવંતીબેન, સ્વ. માનવંતીબેન બીપીનચંદ્ર લાલનના ભાઇ. સ્વ. વનેચંદ વિરચંદ શાહના જમાઇ. રાધિકા-મિહિર, નિસીતા-માલવના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ શહેર હાલ નવજીવન (સોસાયટી) મુંબઇ રમેશભાઇ (ઉં. વ. ૭૯) તે ઝવેરીબેન વાડીલાલ દેવશીભાઇ મહેતા વેજાવાળાના પુત્ર. તા. ૧૦-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીરાબેનના પતિ. હાર્દિક, નિશિથ, હેમાલીના પિતાશ્રી. અ. સૌ. પુનિતા, અ.સૌ. જલ્પા, રાજેનકુમારના સસરા. સ્વ. વજુભાઇ, સ્વ. મનહરભાઇ, સ્વ. વસંતભાઇ, સ્વ. કાંતાબેન છબીલદાસ, સ્વ. સરોજબેન સૂર્યકાન્તભાઇના ભાઇ. સ્વ. મધુરીબેન જશવંતલાલ શાહ (નાથાભવન)ના જમાઇ. અશોકભાઇ, ભરતભાઇ, રાજેન્દ્રભાઇ, નૌકાબેનના બનેવી. પ્રાર્થનાસભા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

જોરાવર નગર હાલ બોરીવલી સ્વ. મહાવીરલાલ પ્રેમચંદ શાહ કુવાડીયાના ધર્મપત્ની લીલમબેન (ઉં. વ. ૯૫) તા. ૧૧-૪-૨૫ના નાંણશારદામાં શરણ પામેલ છે. તે ધ્રાંગધ્રા નિવાસી વ્રજલાલ તારાચંદ ગાંધીના દીકરી. મીનાક્ષી અશ્વિન પટવા, નલીની વિરેન્દ્ર વોરા અને અમિતભાઇના માતુશ્રી. ઉષા અમિતભાઇના સાસુ. રૂપેશ હિમાના દાદી. તે સ્વ. ભાનુબેન જીતેન્દ્રભાઇ અને રસીલાબેન પ્રવીણચંદ્રના જેઠાણી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી શ્વેતાંબર જૈન**

મહેશભાઇ વાડીલાલ શાહ (ઉં. વ. ૭૫) (પાદરા નિવાસી) હાલ મુંબઇ તા. ૬-૪-૨૫ રવિવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૩-૪-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. સ્થાનકવાસી વાડી, પારેખ ગલીના કોર્નર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), પુત્રઃ હાર્દિક મહેશ શાહ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

નાગબાઈ મોણીયાના નિવાસી હાલ બોરીવલી, સ્વ. શારદાબેન ખુશાલચંદ ગાંધીના પુત્ર પ્રવીણભાઈ (ઉં.વ. ૬૮) ૯/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. અવની ધવલકુમાર વોરા, ધરા માનવકુમાર માટલીયાના પિતા. શશીભાઈ, સુરેશભાઈ, નવીનભાઈ, ભદ્રેશ, ભાવેશ, રંજનબેન ભરતભાઈ ઝાટકીયા, મીનાબેન લલિતભાઈ શાહ, નીતાબેન વિપુલભાઈ ગોસલીયાના ભાઈ. પુષ્પાબેન મનસુખલાલ ધઘાણીના જમાઈ. નિવાન, રિસીવના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીમડી નિવાસી હાલ સાન્તાક્રુઝ, સ્વ. કિશોરભાઈ માણેકલાલ શાહના સુપુત્ર સ્વ. ચૈતન્યભાઈ શાહ (ઉં.વ. ૬૭) તા. ૭-૪-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે સેજલબેન(દામિની)ના પતિ. અંકિત, અ.સૌ. પીન્કી વિવેકકુમાર કોઠારી, અ.સૌ. નિધિ સિદ્ધાર્થકુમાર ગુજરાતીના પિતાશ્રી. નીતિકાબેન ભરતકુમાર તલસાણીયા, નીનાબેન દિલીપકુમાર પારેખના ભાઈ. સ્વ. દમયંતીબેન ચંપકલાલ કોઠારીના જમાઈ. સંધ્યાબેન નિશીથભાઇ કોઠારીના નણદોઇ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૩-૪-૨૫ના ૪:૩૦ થી ૬. ખાર એજ્યુકેશન સોસાયટી (પ્યુપીલ સ્કૂલ), એસ. વી. રોડ, ખાર પોલીસ સ્ટેશન પાસે, ખાર પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લંડનના કિંગ્સ સ્ટેશન કરતાંય આલિશાન બનશે સીએસએમટી

## ૧૮૦૦ કરોડના ખર્ચે પુનર્વિકાસની રેલવે પ્રધાનની જાહેરાત



(અમય ખરાડે)

મુંબઈ: કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મળીને મહારાષ્ટ્રના ૧૩૨ રેલવે સ્ટેશનોના મોટાપાયે માળખાગત પુનર્વિકાસની જાહેરાત કરી હતી, જેમાં પ્રતિષ્ઠિત છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)નો પણ સમાવેશ થાય છે. કેન્દ્રીય મંત્રીએ આ જાહેરાત એક પત્રકાર પરિષદ દરમિયાન કરી હતી,જ્યાં અનેક મુખ્ય સ્ટેશનો માટે વિગતવાર યોજનાઓ અને ડિઝાઇન રજૂ કરવામાં આવી હતી. પ્રેઝન્ટેશન દરમિયાન, વૈષ્ણવે પ્રસ્તાવિત પુનર્વિકાસ પહેલા અને પછીના ફોટા દર્શાવ્યા, જેમાં આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ આધુનિક, મુસાફરોને અનુકૂળ ડિઝાઇન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેમણે ખાસ કરીને મુંબઈના ઐતિહાસિક છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ના પુનર્વિકાસ પર ભાર મૂક્યો હતો. સમગ્ર પુનર્વિકાસનો ખર્ચ રૂ. ૧,૮૦૦ કરોડ રૂપિયા થશે. મંત્રીએ જણાવ્યું હતું કે સીએસએમટીને લંડનના કિંગ્સ ક્રોસ સ્ટેશનના ડિઝાઇન ધોરણો પ્રમાણે અથવા તેનાથી વધુ સારું બનાવવામાં આવશે.

કિંગ્સ ક્રોસ રેલ્વે સ્ટેશન, જેને સામાન્ય રીતે લંડન કિંગ્સ ક્રોસ તરીકે ઓળખવામાં આવે છે, તે ૧૮૫૨ માં ગ્રેટ નોર્ધન રેલવે દ્વારા સેન્ટ્રલ લંડનના ઉત્તરીય કિનારે બનાવવામાં આવ્યું હતું. સ્ટેશન સંકુલનો પુનઃવિકાસ ૧૯૭૦ ના દાયકામાં કરવામાં આવ્યો હતો, જેમાં લેઆઉટને સરળ બનાવ્યું અને ઇલેક્ટ્રિક ઉપનગરીય સેવાઓ શરૂ કરી હતી. ત્યારથી તે ૧૨૫ હાઇ-સ્પીડ ઇન્ટરસિટી ટ્રેનો માટે એક મુખ્ય ટર્મિનસ બની ગયું છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ઘણા સ્ટેશનોનો ઉલ્લેખ કર્યો જે પુનર્વિકાસ પ્રોજેક્ટનો ભાગ બનશે, જેમાં લોઅર પરેલ, મરીન લાઇન્સ, શહાડ, પરેલ, ભાયખલા, ચિંચપોકલી, મલાડ, દિવા, મુમ્બ્રા, કુર્લા, કોલ્હાપુર અને સંભાજી નગરનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય પ્રધાને એમ પણ કહ્યું કે, નાગપુર રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ તેના વારસાના મૂલ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. અપગ્રેડેડ સ્ટેશનમાં આધુનિક સુવિધાઓ, સારી કનેક્ટિવિટી અને મુસાફરોને અનુકૂળ માળખાગત સુવિધાઓનો સમાવેશ થશે.

# બોરીવલીના કચ્છી સાયબર સિક્યોરિટી એક્સપર્ટે અકસ્માતમાં જીવ ગુમાવ્યો

**પુણેમાં લેક્ચર આપવા વહેલી સવારે બોરીવલીથી કારમાં નીકળ્યો: ડ્રાઈવરનો કાર પર કાબૂ ન રહેતાં રસ્તાને કિનારે ઊભેલા કન્ટેનર સાથે ટકરાઈ: કારનો કચ્ચરઘાણ વળતાં ડ્રાઈવરનું પણ મોત**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પુણેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સંસ્થામાં લેક્ચર આપવા વહેલી સવારે બોરીવલીથી કારમાં નીકળેલા કચ્છી સાયબર સિક્યોરિટી એક્સપર્ટનું માર્ગઅકસ્માતમાં કરુણ મૃત્યુ થયું હતું. પૂરપાટ દોડતી કારના સ્ટિયરિંગ પર ડ્રાઈવરનો કાબૂ ન રહેતાં કાર રસ્તાને કિનારે ઊભેલા કન્ટેનર સાથે ટકરાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો ખુરદો બોલાઈ ગયો હતો અને ડ્રાઈવરે પણ જીવ ગુમાવ્યો હતો.



શિરગાંવ પોલીસ સ્ટેશનના અધિકારી મુરાલી કોકાતરેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અકસ્માત શુક્રવારની સવારે ૮.૧૫ વાગ્યાની આસપાસ મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર પુણેના માવળ તાલુકાના શિરગાંવ નજીક થયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા બન્નેની ઓળખ સચિન મહેન્દ્રભાઈ દેઢિયા (૪૬) અને પરમેશ્વર શિવલિંગ વનેર (૫૭) તરીકે થઈ હતી.



બોરીવલી પશ્ચિમમાં એક્સર રોડ ખાતેની ઈમારતમાં રહેતો સચિન સાયબર સિક્યોરિટી એક્સપર્ટ અને એથિકલ હૅકર તરીકે ઓળખાય છે. મુંબઈ પોલીસને સાયબર ગુના ઉકેલવામાં તે મદદરૂપ થતો હતો. લિંક્ડઈન પ્રોફાઈલ પ્રમાણે તે સ્કાયનેટ સિક્યોર સોલ્યુશનનો સ્થાપક અને સીઈઓ હતો.

પોલીસના જણાવ્યા મુજબ સીએની એક સંસ્થામાં લેક્ચર આપવા માટે સચિન શુક્રવારની વહેલી સવારે ઘરેથી નીકળ્યો હતો. તેને લેવા માટે સંબંધિત કંપની દ્વારા ઈનોવા કાર એમએચ-૧૨-એક્સએમ-૯૯૪૫ મોકલવામાં આવી હતી. કાર તુળજાપુરમાં રહેતો પરમેશ્વર વનરે ચલાવી રહ્યો હતો.

પૂરપાટ દોડતી કાર શિરગાંવ નજીક પહોંચી ત્યારે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર રસ્તાને કિનારે ઊભેલા કન્ટેનર એમએચ-૪૩-બીપી-૪૦૩૧ સાથે ટકરાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારના બોનેટના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

બનાવની જાણ થતાં શિરગાંવ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બેભાન હાલતમાં બન્નેને સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

'મુંબઈ સમાચારે' સચિનના પિતા મહેન્દ્રભાઈના મોબાઈલ નંબર પર સંપર્ક સાધ્યો હતો. કૉલ સચિનની બહેન ઊર્વિએ રિસીવ કર્યો હતો. આ સમાચારથી દેઢિયા પરિવાર આઘાતમાં હોવાથી કંઈ પણ બોલી શકવાની સ્થિતિમાં ન હોવાનું ઊર્વિનું કહેવું છે.

જોકે તે માત્ર એટલું બોલી હતી કે મારો ભાઈ અવારનવાર ટ્રેનિંગ અને લેક્ચર સંબંધે મુંબઈ બહાર જતો હોય છે. શુક્રવારે પણ લેક્ચર માટે વહેલી સવારે ઘરેથી નીકળ્યો હતો. અકસ્માતના લગભગ અડધો કલાક પછી પોલીસનો અમને આ દુઃખદ સમાચાર આપવા ફોન આવ્યો હતો. ■

# ૨૩૮ નવી એસી લોકલ, ૧.૭૩ લાખ કરોડના ખર્ચે ૧૩૨ સ્ટેશનનું રિડેવલપમેન્ટ

## રેલવે પ્રધાને મહારાષ્ટ્ર માટે મોટી યોજનાઓની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૧,૭૩,૮૦૪ કરોડ રૂપિયાના રેલવેનાં કામો ચાલી રહ્યા છે અને આ વર્ષે ૨૩,૭૭૮ કરોડ રૂપિયાનાં નવાં કામો મંજૂર કરવામાં આવ્યા છે. ૧.૭૩ લાખ કરોડ રૂપિયાનો મૂળ ઉપયોગ મહારાષ્ટ્રનાં ૧૩૨ રેલવે સ્ટેશનોના રિડેવલપમેન્ટમાં કરાસે.

મુંબઈ ઉપનગરીય નેટવર્ક માટે ૨૩૮ નવી એર કન્ડિશન્ડ ટ્રેનો મંજૂર કરવામાં આવી છે અને તેનું ઉત્પાદન ટૂંક સમયમાં શરૂ થશે, એમ રેલવે પ્રધાને જણાવ્યું હતું.

વધુમાં, શહેરમાં ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, અને આ દેશની નાણાકીય રાજધાનીમાં રેલ્વે નેટવર્કને બદલી નાખશે, એમ વૈષ્ણવે ઉમેર્યું હતું. પૂર્વ મહારાષ્ટ્રમાં ગોંદિયા-બલ્લારશાહ રેલવે લાઇનને મંજૂરી આપવામાં આવી છે અને તે વિદર્ભ અને પડોશી છત્તીસગઢ અને તેલંગાણા વચ્ચે કનેક્ટિવિટી વધારશે, એમ મુખ્ય પ્રધાન ફડણવીસે જણાવ્યું હતું. આ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકારનો હિસ્સો ૪,૦૧૯ કરોડ રૂપિયાનો હશે.

'છત્રપતિ શિવાજી મહારાજ સર્કિટ ટ્રેન લાઇન', જે પ્રવાસીઓને એવા વિસ્તારોમાં લઈ જશે જ્યાં મરાઠા રાજ્યના સ્થાપકના યુગના કિલ્લાઓ સ્થિત છે, તેનું લોકાર્પણ કરવામાં આવશે, એવી જાહેરાત ફડણવીસે આ પ્રસંગે કરી હતી. ■

# મધ્ય રેલવેમાં ૧૪ એસી ટ્રેન વધશે

## .... પણ આને કારણે નોન-એસી ટ્રેનો ઘટશે એનો મુસાફરોમાં અત્યારથી જ આક્રોશ

મુંબઈ: ઉનાળાની શરૂઆતથી જ મુંબઈમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ભીડના સમયે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરવો ખુબ જ મુશ્કેલ હોય છે. તેથી ઉનાળા દરમિયાન મુસાફરોને વધુ આરામદાયક અને આનંદપ્રદ સુવિધા આપવા માટે, મધ્ય રેલવેની મુખ્ય લાઇન પર ૧૪ વધારાની એર-કન્ડિશન્ડ ઉપનગરીય ટ્રેનો દોડાવવાની યોજના બનાવવામાં આવી રહી છે. મધ્ય રેલ્વે ૧૬ એપ્રિલથી જૂની નોન-એસી સેવાઓને બદલે ૧૪ વધુ એર-કન્ડિશન્ડ સેવાઓ શરૂ કરશે. જોકે એસી સેવા વધતા નોન-એસી લોકલમાં પ્રવાસ કરતા ઉતારુઓની મુશ્કેલીઓ વધશે. નોન-એસી ટ્રેનોમાં ગિરદીના સમયે પ્રવાસીઓના બેહાલ થશે અને તેને કારણે અત્યારથી જ મુસાફરોમાં આક્રોશ છે. મધ્ય અને પશ્ચિમ ઉપનગરીય રેલ્વે લાઇનો પર એસી ટ્રેનોની લોકપ્રિયતા વધી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં માર્ચ મહિનામાં મધ્ય રેલ્વેમાં એસી ટ્રેનોનો ઉપયોગ કરતા મુસાફરોની સંખ્યામાં ૭૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. ■

# સાયબર ગુલામી: મ્યાનમારમાંથી ૬૦ ભારતીયને બચાવાયા

મુંબઈ: મહારાષ્ટ્ર પોલીસની સાયબર વિંગે મ્યાનમારમાં સાયબર ગુલામીમાં ધકેલવામાં આવેલા ૬૦થી વધુ ભારતીય નાગરિકોને ઉગારી લીધા છે અને એક વિદેશી નાગરિક સહિત પાંચ એજન્ટની ધરપકડ કરી છે એમ એક અધિકારીએ શુક્રવારે અહીં જણાવ્યું હતું. મહારાષ્ટ્ર સાયબર વિભાગે આ સંબંધમાં ત્રણ એફઆઈઆર નોંધ્યા હોવાનું જણાવી તેમણે ઉમેર્યું હતું કે કૌભાંડીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા પીડિતોનો સંપર્ક કરી તેમને થાઇલેન્ડ અને અન્ય પૂર્વ એશિયન દેશોમાં ઊંચા પગારની નોકરીની ઓફર કરી હતી.

એજન્ટોએ પાસપોર્ટ અને ફ્લાઇટ ટિકિટની વ્યવસ્થા કરી તેમને ટુરિસ્ટ વિઝા પર થાઇલેન્ડ મોકલ્યા હતા. થાઈલેન્ડથી તેમને મ્યાનમાર સરહદે પહોંચાડી નાની હોડીઓમાં નદી પાર કરાવવામાં આવી હતી. મ્યાનમારમાં તેમને 'ડિજિટલ ધરપકડ' કૌભાંડોથી માંડીને ઔદ્યોગિક ધોરણે બનાવટી રોકાણ યોજનાઓ સુધીના સાયબર ફ્રોડ કરવાની ફરજ પડી હતી. (પીટીઆઈ) ■

# મુંબઈમાં પબ્લિક ટ્રાન્સપોર્ટમાં પ્રવાસ માટેનું સિંગલ કાર્ડ ટૂંકમાં: ફડણવીસ

મુંબઈ: મુખ્ય પ્રધાન ફડણવીસે જણાવ્યું હતું કે મેટ્રો, મોનો રેલ, ઉપનગરીય લોકલ ટ્રેનો અને જાહેર પરિવહન બસોમાં મુસાફરી કરવા માટે સિંગલ કાર્ડનો ઉપયોગ કરી શકાય છે અને ઉમેર્યું હતું કે કાર્ડ એક મહિનામાં તૈયાર થઈ જશે

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથે એક પત્રકાર પરિષદમાં બોલતાં, તેમણે કહ્યું હતું કે મેટ્રો, મોનો રેલ, ઉપનગરીય લોકલ ટ્રેનો અને જાહેર પરિવહનની બસોમાં મુસાફરી કરવા માટે સિંગલ કાર્ડનો ઉપયોગ કરી શકાય છે.

'કાર્ડનું સ્વરૂપ એક મહિનામાં તૈયાર થઈ જશે,' એમ ફડણવીસે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આની પુષ્ટિ કરતા કહ્યું હતું કે કાર્ડનું બેકએન્ડ કાર્ય અને ડિજિટલ આર્કિટેક્ચર એક મહિનાની અંદર પૂર્ણ થઈ જશે. એકવાર અમારી પાસે સિસ્ટમ આર્કિટેક્ચર હશે, પછી અમે બધા મુંબઈગરા માટે મુંબઈ વન કાર્ડ રજૂ કરીશું. તે ખરેખર શહેરી ગતિશીલતા માટે ગેમ-ચેન્જર બની રહેશે,' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે મુંબઈની પરિવહન વ્યવસ્થાની કરોડરજ્જુ બનાવતી સ્થાનિક ટ્રેન સેવાઓને એકીકૃત કરવામાં ભારતીય રેલવેના સમર્થનની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. 'મુંબઈના દૈનિક મુસાફરીમાં રેલવેનું નોંધપાત્ર યોગદાન છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મહત્વાકાંક્ષી પહેલને લીલી ઝંડી આપી છે અને અમે કાર્ડ રજૂ કરવા માટે તૈયાર છીએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રોજેક્ટ જાહેર પરિવહનના વિવિધ મોડ માટે અલગ ટિકિટ ખરીદવાની અસુવિધાને દૂર કરવાનો પ્રયાસ કરે છે. આ કાર્ડ સ્થાનિક ટ્રેનો, મેટ્રો, મોનોરેલ અને બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) બસોની ઍક્સેસ પ્રદાન કરશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (ટીએમટી) અને નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (એનએમએમટી) સહિત અન્ય જાહેર પરિવહન પ્રણાલીઓ પણ આ કાર્ડ હેઠળ આવશે. ■

# થોરિયમ ન્યૂક્લિયર રિએક્ટરના વિકાસ માટે એમઓયુ પર હસ્તાક્ષર

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે થોરિયમ પરમાણુ રિએક્ટરના વિકાસ માટે મહાજેન્કો અને રશિયાની સરકારી કંપની રોસાટોમ વચ્ચે થોરિયમ ફ્યુઅલ પર ચાલતા સ્મોલ મોડ્યુલર રિએક્ટરને વિકસાવવા માટે સમજૂતીના કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુનો મુખ્ય ઉદ્દેશ મહારાષ્ટ્રમાં સંયુક્ત રીતે થોરિયમ રિએક્ટર વિકસાવવાનો, એટમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ (એઈઆરબી)નાં સલામતી ધોરણો અનુસાર થોરિયમ રિએક્ટરનું વ્યાપારીકરણ કરવાનો અને 'મેક ઇન મહારાષ્ટ્ર' પહેલ હેઠળ થોરિયમ રિએક્ટર માટે એસેમ્બલી લાઇન સ્થાપિત કરવાનો છે. મહારાષ્ટ્ર ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (મિત્રા)ને થોરિયમ ફ્યુઅલ સાથે નાના મોડ્યુલર રિએક્ટરના સંયુક્ત વિકાસ માટે નીતિગત સહાય મળશે. આ તમામ કાર્ય ભારત સરકાર અને પરમાણુ ઉર્જા નિયમનકારી બોર્ડ (એઈઆરબી)ની માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવશે. ■

# ઓરેન્જ ગેટ-મરીન ડ્રાઇવ ડબલ ટનલનું કામ ઝડપી બનાવવાનું કહ્યું

મુંબઈમાં વધતી જતી ટ્રાફિક સમસ્યાઓના નક્કર ઉકેલ તરીકે માળખાગત વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ પૃષ્ઠભૂમિમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ઓરેન્જ ગેટ અને મરીન ડ્રાઇવ વચ્ચે એક સિવિલ રોડ ટનલ પ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટના અમલ માટે તમામ જરૂરી પરવાનગીઓ અને પૂરક પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલમાં, પ્રારંભિક કાર્ય પ્રગતિમાં છે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નિર્દેશ આપ્યો છે કે આ પ્રોજેક્ટને ઝડપી બનાવવા માટે સમયબદ્ધ આયોજન કરવામાં આવે. તેમણે એવો પણ નિર્દેશ આપ્યો કે સંબંધિત એજન્સીઓ સંકલનમાં કામ કરે અને પ્રોજેક્ટ સમયસર પૂર્ણ કરે.

દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઇવ પ્રોજેક્ટ અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. તે સમયે તેઓ બોલી રહ્યા હતા. આ બેઠકમાં મુખ્ય સચિવ સુજાતા સૌનિક, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ભૂષણ ગગરાણી, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીના મેટ્રોપોલિટન કમિશનર સંજય મુખર્જી, સ્પેશિયલ પોલીસ કમિશનર દેવેન ભારતી, એડિશનલ મેટ્રોપોલિટન કમિશનર વિક્રમ કુમાર અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. ■

# શહેરી પરિવહન માટે ઈ-ટ્રાન્ઝિટ એક સારો વિકલ્પ

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સૂચન કર્યું છે કે શહેરી પરિવહન વ્યવસ્થા માટે ઈ-ટ્રાન્ઝિટ એક સારો વિકલ્પ છે અને અધિકારીઓએ નાણાકીય પાસાઓની તપાસ કરવી જોઈએ અને આ સંદર્ભમાં અહેવાલ રજૂ કરવો જોઈએ.પિંપરી-ચિંચવડ મેટ્રોપોલિટન વિસ્તારમાં પાયલોટ ધોરણે ઈ-ટ્રાન્ઝિટ શરૂ કરવા અંગે એચઈએસએસ-એજી કંપનીના પ્રતિનિધિઓ સાથે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે એક બેઠક યોજાઈ હતી. તે સમયે મુખ્ય પ્રધાન ફડણવીસ બોલી રહ્યા હતા.

આ પ્રોજેક્ટની શક્યતા ચકાસવી જરૂરી હોવાનું જણાવતા મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું કે કંપનીએ ભારતમાં તેના ઉપકરણોનું ઉત્પાદન કરવું જોઈએ, જેથી ઉત્પાદન ખર્ચ ઘટાડી શકાય અને પ્રોજેક્ટ ખર્ચ પણ બચાવી શકાય. જો કંપની ઓછા ખર્ચે સારી શહેરી પરિવહન વ્યવસ્થા પૂરી પાડે, તો રાજ્યના ઓછામાં ઓછા ૧૦ શહેરો માટે આવા પ્રોજેક્ટ્સ સ્થાપી શકાય છે. ■

# મુંબઈમાં દર વર્ષે થશે વેવ્ઝનું આયોજન

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે પ્રથમ વિશ્વ ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન સમિટ (વેવ્ઝ) પહેલીથી ચોથી મે દરમિયાન મુંબઈમાં યોજાશે.

ફડણવીસે કહ્યું હતું કે, મુંબઈ વાર્ષિક સમિટનું કાયમી સ્થળ બનશે, જે સંપત્તિ અને રોજગાર સર્જનની દૃષ્ટિએ સૌથી ઝડપથી વિકસતી 'સર્જનાત્મક અર્થવ્યવસ્થા'ને વેગ આપશે. તેમણે કહ્યું હતું કે ૧૦૦ દેશોના ૫,૦૦૦ પ્રતિનિધિઓ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. ફડણવીસે કહ્યું કે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી (આઈઆઈસીટી) ફિલ્મ સિટીની જમીન પર બનાવવામાં આવશે અને કેન્દ્ર અને રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ■

# મહારાષ્ટ્ર સરકારના વિભાગોના પાસવર્ડ ડાર્કનેટ પર: ચેતવણી અપાઈ

મુંબઈ: મહારાષ્ટ્ર સાયબરે રાજ્ય સરકારના પોલીસ ખાતા સહિત વિવિધ ખાતાઓને સાવચેતી રાખવાની ચેતવણી આપી છે, કેમ કે આમાંના મોટા ભાગના ખાતાઓની માહિતી ડાર્કનેટ પર જોવા મળી છે, એમ શુક્રવારે અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું છે.

જે ખાતાઓની વિગત ડાર્કનેટ પર જોવા મળી છે, તેમાં મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી), ઊર્જા વિભાગ, મહા ડીબીટી જેવા ખાતાઓનો પણ સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર સાઈબર એન્ડ ધ કમ્પ્યુટર, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઈઆરટી)ની માહિતી મુજબ કેટલાક કિસ્સામાં ડાર્કનેટ પર યુઝર નેમ, પાસવર્ડ અને એપીએન કી પણ હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્ર સાઈબરે મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજીને પત્ર લખીને એવી ભલામણ કરી છે કે માહિતી અને પ્રસારણ કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરીને વિકિપીડિયાને બ્લોક કરવામાં આવે.

લીક થયેલી માહિતીમાં અધિકારીઓના ઈમેઈલ આઈડી અને પાસવર્ડ જેવી માહિતીનો સમાવેશ થાય છે અને તેથીલ સાઈબર એટેક અથવા તો સાઈટ હેક થવાનું જોખમ વધી જાય છે, એમ અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું હતું. (પીટીઆઈ)

# સાઇકલસવારનું લાઇસન્સ માગનાર વીમા કંપનીને દાવાની રકમ ચૂકવવા આદેશ

નાગપુર: નાગપુરમાં એક ગ્રાહક પંચે ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડને આદેશ આપ્યો છે કે સાઈકલ ચલાવતી વખતે મૃત્યુ પામેલા વ્યક્તિના સગાને ત્રણ લાખ રૂપિયા ચૂકવે. આ સાથે મૃતકના ડ્રાઇવિંગ લાઇસન્સની માગણીના દાવાને પંચે નકારી કાઢ્યો હતો. પચીસ માર્ચના આદેશની એક નકલ તાજેતરમાં જ ઉપલબ્ધ કરવામાં આવી હતી. એ આદેશમાં જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચે જણાવ્યું હતું કે વીમા કંપનીની આ માંગણી 'અયોગ્ય' અને 'ગેરકાયદે' છે. કંપનીને ૯ ટકા વ્યાજ આપવા માટે પણ આદેશમાં જણાવવામાં આવ્યું છે.


પહેલી ઓક્ટોબર, ૨૦૧૨ના દિવસે નાગપુરના રહેવાસી વિજય ઢોબળેની સાયકલને મોટર સાયકલે ટક્કર મારતા વિજયને ગંભીર ઇજા થઇ હતી. ત્યારબાદ સારવાર દરમિયાન તેનું અવસાન થયું હતું. વીમા કંપની પાસે ઢોબળેની ત્રણ લાખ રૂપિયાની પોલિસી હતી. વિજયના મૃત્યુ પછી તેની પત્ની પ્રમિલા, જે નોમિની હતી, તેણે દાવા સાથે વીમા કંપનીનો સંપર્ક કર્યો. જો કે, આ દાવાને નકારી કાઢવામાં આવતા તેને પંચ સમક્ષ જવાની ફરજ પડી હતી. આદેશમાં કમિશને નોંધ્યું હતું કે વીમા કંપનીએ પ્રમિલાના દાવાને નકારી કાઢ્યો હતો, કારણ કે તેણે તેના પતિનું મોટરસાયકલ ડ્રાઇવિંગ લાઇસન્સ, તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને કેટલાક અન્ય દસ્તાવેજો રજૂ કર્યા ન હતા. સુનાવણી દરમિયાન વકીલે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે અકસ્માત સમયે વિજય સાયકલ ચલાવતો હતો ત્યારે કંપની તેના ડ્રાઇવિંગ લાઇસન્સની માગણી કઈ રીતે કરી શકે? તેમણે કમિશનને એમ પણ કહ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પોલીસ પાસે છે. (પીટીઆઈ) ■

# મુખ્ય પ્રધાન રોજગાર યોજના હેઠળ પાલઘરમાં ૬,૦૦૦ને નોકરી મળશે

પાલઘર: પાલઘરે મુખ્ય પ્રધાનની રોજગાર સર્જન યોજના હેઠળ જિલ્લા માટે નિર્ધારિત કરેલા રૂ.૨૦૦૦ કરોડ રૂપિયાના લક્ષ્યાંકને ૧૦૦ ટકા હાંસલ કર્યું હોવાનું કલેક્ટર ઇન્દુ રાની જાખડે જણાવ્યું છે. બુધવારે તારાપુર એમ.આઈ.ડી.સી. ખાતે જિલ્લા કક્ષાની રોકાણ પરિષદ ૨૦૨૫ને સંબોધન કરતી વખતે તેમણે આ દાવો કર્યો હતો. આ કાર્યક્રમમાં ૧૬૧ એકમોએ રાજ્ય સરકાર સાથે ૨,૨૫૮ કરોડ રૂપિયાનાં એમઓયુ કર્યા હતા. વધુ જાણકારી આપતા રાની જાખડે જણાવ્યું હતું કે આ પ્રયાસને પગલે ૬૦૦૦ લોકોને નોકરી મળશે. પાલઘર જિલ્લો ઔદ્યોગિક રોકાણ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. જિલ્લા વહીવટીતંત્ર અગ્રતાના ધોરણે ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિબદ્ધ છે. વિભાગોને રોકાણકારો માટે સીમલેસ સિંગલ-વિન્ડો સિસ્ટમ સુનિશ્ચિત કરવા સંકલન કરવા કહેવામાં આવ્યું છે.' કોંકણ ડિવિઝનના જોઇન્ટ ડિરેક્ટર ઓફ ઇન્ડસ્ટ્રીઝ વિજુ શિરસાટે આ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે કોંકણ ક્ષેત્ર નિકાસમાં રાજ્ય અગ્રણી છે. (પીટીઆઈ) ■




# દિનેશ કાર્તિકે કહ્યું, 'બેંગલૂરુમાં અમારી આરસીબીએ માગ્યું શું ને મળ્યું શું...'



બેંગલૂરુ: પાંચમાંથી ત્રણ મૅચ હારી ચૂકેલી રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમના મેન્ટર દિનેશ કાર્તિકે કહ્યું છે કે 'અમે આ વખતે બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમના મેદાન પર બૅટિંગ માટે વધુ અનુકૂળ બની રહે એવી પિચ માગી હતી, પરંતુ અમને પડકારરૂપ પિચ આપવામાં આવી છે.'

આરસીબીની ટીમ પાંચમાંથી જે બે મૅચ હારી છે એ બન્ને પરાજય એણે (આરસીબીએ) બેંગલૂરુના આ મેદાન પરની સ્લો પિચ પર જોવા પડ્યા છે. ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે આરસીબીની ટીમ ૧૬૯/૮ના સ્કોર સુધી મર્યાદિત રહી હતી અને હારી ગઈ હતી અને દિલ્હી કૅપિટલ્સ સામે ૧૬૩/૭ના સ્કોર સુધી જ પહોંચી શક્તા પરાજિત થઈ હતી.

કાર્તિકનું એવું માનવું છે કે 'બાવીસ યાર્ડની પિચ પર આરસીબીને હોમ ગ્રાઉન્ડ જેવો લાભ મળ્યો જ નથી. સામાન્ય રીતે આ મેદાન પરની મૅચો હાઈ-સ્કોરિંગ રહેતી હોય છે, પણ આ વખતે અમારી મૅચોમાં એવું નથી બન્યું.'

કાર્તિકે પત્રકાર પરિષદમાં કહ્યું, 'પહેલી બન્ને મૅચમાં અમે સારી પિચ (બૅટિંગ માટે વધુ ફેવરેબલ) માગી હતી, પરંતુ અમને એવી પડકારરૂપ પિચ આપવામાં આવી જેના પર બૅટિંગ કરવી ખૂબ મુશ્કેલ હતી. બૅટ્સમેનોને કોઈ જ લાભ નહોતો થયો. આવી પિચ પર અમારી ટીમે જીતવા બનતા બધા જ પ્રયત્નો કર્યા હતા. જોકે અમે પિચ ક્યૂરેટર સાથે વાતચીત તો કરવાના જ છીએ. જોકે અમે એવું પણ માનીએ છીએ કે તેઓ તેમને સોંપવામાં આવેલું કામ જ કરી રહ્યા છે.'

કાર્તિકનું એવું પણ કહેવું હતું કે 'ટી-૨૦ ક્રિકેટમાં જેટલા વધુ રન બને એટલું બ્રૉડકાસ્ટર માટે સારું કહેવાય અને ક્રિકેટચાહકોને પણ વધુ મોજ મળે. ટી-૨૦માં બાઉન્ડરીઝ મહત્ત્વનો હિસ્સો કહેવાય. લોકોને બાઉન્ડરીઝ જતી જોવી ખૂબ ગમે. આવી પિચ તમામના હિતમાં હોય છે.'

આરસીબીની આગામી મૅચ રવિવાર, ૧૩મી એપ્રિલે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) જયપુરમાં રાજસ્થાન રૉયલ્સ સામે રમાશે. ■

# ધોનીએ જરા પણ ખચકાટ વગર સીએસકેનો ફરી કૅપ્ટન બનવાની જવાબદારી સ્વીકારી



ધોનીએ સીએસકેનું સુકાન ફરી સંભાળીને ટૉસ ઉછાળ્યો હતો. (બીસીસીઆઇ)

ચેન્નઈ: ૨૦૨૪ની આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ વતી સૌથી વધુ રન બનાવનાર કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ આ વખતે કોણીના ફ્રૅક્ચરને કારણે બાકીની મૅચોમાં નહીં રમે એ સમાચારથી ટીમને ઝટકો લાગ્યો છે અને ટીમના અસંખ્ય ચાહકોને આંચકો લાગ્યો છે, પરંતુ કરોડો ફૅન્સને એ વાતનો આનંદ પણ છે કે તેમનો માનીતો ખેલાડી મહેન્દ્રસિંહ ધોની ફરી ટીમનું સુકાન સંભાળશે.

હેડ-કોચ સ્ટીફન ફ્લેમિંગે કૅપ્ટન્સી સંભાળવાનું કહ્યા બાદ ધોનીની પ્રતિક્રિયા કેવી હતી એની વાત કરી છે. પાંચમાંથી ચાર મૅચ હારનાર સીએસકેની ટીમને ફરી વિજયપથ પર લાવવાનો ૪૩ વર્ષીય ધોની સામે મોટો પડકાર હતો. આ જવાબદારી સોંપાયા બાદ ધોનીની પ્રતિક્રિયા કેવી હતી એ વિશે ફ્લેમિંગે પત્રકારોને કહ્યું કે 'ધોનીએ કંઈ પણ ખચકાટ વગર આ જવાબદારી સ્વીકારી લીધી હતી.' ■

# ચેપૉકમાં સીએસકેનો સૌથી નીચા ટોટલની નામોશી બાદ પરાજય, કોલકાતાની આસાન જીત

ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નો ગઈ કાલે અહીં ચેપૉકના હોમ-ગ્રાઉન્ડ પર કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેની વન-સાઇડેડ બની ગયેલી મૅચમાં ચેપૉકમાં પોતાના સૌથી નીચા સ્કોર (૧૦૩/૯) બાદ આઠ વિકેટે પરાજય થયો હતો. કેકેઆરની ટીમે ૧૦૪ રનનો લક્ષ્યાંક ૧૦.૧ ઓવરમાં બે વિકેટના ભોગે ૧૦૭ રનના સ્કોર સાથે મેળવી લીધો હતો. સુનીલ નારાયણે ત્રણ વિકેટ લીધા બાદ (૪૪ રન, ૧૮ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ના સ્કોર સાથે ઑલરાઉન્ડ મૅચ-વિનિંગ પર્ફોર્મ કર્યું હતું. તેણે ડિકૉક (૨૩ રન) સાથે ૪૬ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. કેકેઆરની એક વિકેટ નૂર અહમદે અને બીજી અંશુલ કમ્બોજે લીધી હતી. રહાણે ૨૦ રને અને રિન્કુ ૧૫ રને અણનમ રહ્યો હતો.

> **આજે કઈ બે મૅચ?**
> લખનઊ વિરુદ્ધ ગુજરાત
> લખનઊમાં, બપોરે ૩.૩૦
>
> હૈદરાબાદ વિરુદ્ધ પંજાબ
> હૈદરાબાદમાં, સાંજે ૭.૩૦

એ પહેલાં, ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમે ગઈ કાલે અહીં ચેપૉકના હોમ-ગ્રાઉન્ડ પર શરમમાં મુકાઈ જવું પડ્યું હતું. કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેના આ મુકાબલામાં સીએસકેની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ફક્ત ૧૦૩ રન બનાવી શકી હતી અને ચેપૉકમાં સીએસકેનું આ સૌથી નીચું ટોટલ છે. એટલું જ નહીં, આઇપીએલના ઇતિહાસમાં આ ત્રીજા નંબરનો સૌથી નીચો ટીમ-સ્કોર છે. શિવમ દુબેનો અણનમ ૩૧ રનનો સ્કોર ટીમમાં હાઇએસ્ટ હતો. ધોનીએ આ મૅચમાં કૅપ્ટન્સી સંભાળી અને તે છેક નવમા નંબરે બૅટિંગ કરવા આવ્યો હતો અને એક જ રન બનાવીને સ્પિનર સુનીલ નારાયણના બૉલમાં એલબીડબ્લ્યૂ થયો હતો. હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીએ બે-બે વિકેટ લીધી હતી. ■

# શિખર ધવન નવી ગર્લફ્રેન્ડથી રોમાંચિત, પણ પુત્રના વિરહને લીધે ગમગીન

## ભૂતપૂર્વ ઓપનરે કહ્યું, 'મારો ફોન નંબર બ્લૉક કરી દેવાયો છે છતાં હું પુત્ર ઝોરાવરને ત્રણ-ચાર દિવસે મૅસેજ કરું છું'

નવી દિલ્હી: ભારતના શ્રેષ્ઠ ઓપનિંગ બૅટ્સમેનોમાં ગણાતો અને આઇપીએલમાં સૌથી વધુ રન કરનારાઓમાં ૬૦૦૦-પ્લસ રન સાથે બીજું સ્થાન ધરાવનાર શિખર ધવન નવી ગર્લફ્રેન્ડ જીવનમાં આવવા બદલ હાલમાં ખૂબ રોમાંચિત છે અને આઇપીએલની મૅચોમાં તેની સાથે સ્ટૅન્ડમાં બેઠેલો જોવા મળી રહ્યો છે. જોકે ભૂતપૂર્વ પત્ની આયેશા મુખરજીથી થયેલા પુત્ર ઝોરાવરના વિરહ બદલ તે (શિખર) ઘણા મહિનાઓથી ગમગીન પણ રહે છે.





ભારત વતી ૨૦૧૦થી ૨૦૨૨ સુધીમાં અનેક ઉતાર-ચઢાવ વચ્ચે ૨૭૦ જેટલી આંતરરાષ્ટ્રીય મૅચ તેમ જ આઇપીએલમાં ૨૨૨ મૅચ રમનાર શિખરની ગર્લફ્રેન્ડ સૉફી સાઇન આયરલૅન્ડની છે. સૉફી પ્રૉડક્ટ કન્સલ્ટન્ટ છે. આયરલૅન્ડમાં જ માર્કેટિંગ ઍન્ડ મૅનેજમેન્ટમાં ગ્રૅજ્યૂએટ થયેલી સૉફી હાલમાં કંપનીના કામકાજ બદલ અબુ ધાબીમાં રહે છે. જોકે છેલ્લા થોડા દિવસ દરમ્યાન તે આઇપીએલની મૅચ વખતે સ્ટેડિયમમાં શિખર સાથે જોવા મળી છે.

શિખરે તાજેતરમાં જ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે (આયેશા સાથેના ડિવૉર્સ બાદ) જીવનમાં હવે આગળ વધવા માગે છે. શિખરે એક ઇવેન્ટમાં પત્રકાર સાથેની વાતચીતમાં નવી લૅડી લવ (સૉફી)નું નામ નહોતું લીધું, પણ પત્રકારે જ્યારે તેને પૂછ્યું કે 'તમારી નવી લૅડી લવ કોણ છે, કહેશો?' એના જવાબમાં શિખરે પત્રકારને ક્રિકેટની ભાષામાં કહ્યું, 'ક્રિકેટના મેદાન પર બાઉન્સરને કેવી રીતે ટાળવા એ મને સારી રીતે આવડતું હતું. મને ખબર જ હતી કે તમે એકાદ બાઉન્સર તો ફેંકશો જ. હું કોઈ નામ નહીં લઉં, પરંતુ એટલું જરૂર કહીશ કે આ સ્થળે જો કોઈ સ્ત્રી સૌથી સુંદર છે તો એ છે મારી ગર્લફ્રેન્ડ.'

શિખરની ભૂતપૂર્વ પત્ની આયેશા મુખર્જી કિકબૉક્સર હતી અને શિખરે તેને આગલા પતિથી થયેલી બન્ને પુત્રીને સ્વીકારી હતી. જોકે શિખરે પોતાની માનસિક સતામણી થઈ હોવાનો આક્ષેપ અદાલતમાં છૂટાછેડા લેતી વખતે કર્યો હતો.

આયેશા હવે ઑસ્ટ્રેલિયામાં રહે છે. પુત્ર ઝોરાવરની કસ્ટડી માટેની કાનૂની લડાઈમાં શિખર હારી ગયો હતો અને ઝોરાવર ઑસ્ટ્રેલિયામાં તેની મમ્મી સાથે રહે છે. શિખરે એએનઆઇને મુલાકાતમાં કહ્યું છે કે 'હું મારા પુત્ર ઝોરાવરને મળ્યો એને બે વર્ષ થઈ ગયાં. હું ઇચ્છું છું કે તે આનંદમાં અને સ્વસ્થ રહે. તેણે (ભૂતપૂર્વ પત્ની આયેશાએ) મારો ફોન નંબર બ્લૉક કરી દીધો છે. એમ છતાં હું દર ત્રણ-ચાર દિવસે ઝોરાવરને મૅસેજ કરું છું.' ■

# ધોનીએ મેદાન પર ઉતરતાં જ રચ્યો ઇતિહાસ

ચેન્નઈ: ૪૩ વર્ષનો મહેન્દ્રસિંહ ધોની બે વર્ષ પહેલાં ઘૂંટણની સર્જરી કરાવ્યા બાદ ઘૂંટણના દુખાવા છતાં આઇપીએલની ૧૮મી સીઝન રમી રહ્યો છે એ બહુ કહેવાય ત્યાં તેણે ઈજાગ્રસ્ત ઋતુરાજ ગાયકવાડની ગેરહાજરીમાં સીએસકેની કૅપ્ટન્સી સંભાળવી પડી રહી છે.

જોકે આ જૂની ને જાણીતી જવાબદારી સંભાળવામાં આ વખતે તેણે એક વિક્રમ રચી દીધો છે. તેણે શુક્રવારે ચેન્નઈમાં એમ. ચિદમ્બરમ સ્ટેડિયમના મેદાન પર ઊતરતાં જ નવો ઇતિહાસ રચ્યો હતો.

કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેની આ મૅચ આઇપીએલની ૧૮મી સીઝનની પચીસમી મૅચ હતી અને ધોની આ ટૂર્નામેન્ટમાં અનકૅપ્ડ પ્લેયર તરીકે રમી રહ્યો છે.

અનકૅપ્ડ પ્લેયર એટલે કે પોતાના દેશ વતી આંતરરાષ્ટ્રીય મૅચ ન રમ્યા હોય એવા ઘણા ખેલાડીઓ આઇપીએલમાં રમી ચૂક્યા છે. ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પાંચ વર્ષ પહેલાં છોડી દીધી હતી એટલે બીસીસીઆઇના નિયમ મુજબ તે આ વખતની આઇપીએલમાં અનકૅપ્ડ પ્લેયર તરીકે રમી રહ્યો છે.

ધોની આઇપીએલની ટીમની કૅપ્ટન્સી સંભાળનાર પ્રથમ અનકૅપ્ડ પ્લેયર બન્યો છે.

અગાઉ ધોનીને સીએસકે પાસેથી એક સીઝન રમવાના ૧૫ કરોડ રૂપિયાથી વધુ રૂપિયા મળતા હતા, પરંતુ અનકૅપ્ડ પ્લેયર તરીકે તે ચાર કરોડ રૂપિયામાં રમવા તૈયાર થઈ ગયો છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પથ | અજાણ્યું |
| પદ | રસ્તો |
| પર | ક્ષણ |
| પળ | તરફેણ |
| પક્ષ | હોદ્દો |

## ઓળખાણ પડી?

આલ્ફા - ગ્લોબલ સિટીની ઓળખ ધરાવતું બ્યુએનોસ - એરિસ કયા દેશમાં છે એની ઓળખાણ પડી? અદ્ભુત આર્કિટેક્ચર અને સાંસ્કૃતિક સમૃદ્ધિ માટે પ્રખ્યાત છે.



અ) ઉરુગ્વે બ) આર્જેન્ટિના ક) બ્રાઝિલ ડ) કોલંબિયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ લો | ક | ૨ પ્રિ | ય | ૩ તા | | ૪ ભં | ૫ ડ | ૬ કિ | યું |
| ક | | ય | | ૭ શ | ૮ ક | | ૯ ફે | લ | |
| ૧૦ ક | ળ | ત | ૧૧ ર | | દી | | ૧૨ ર | કા | ૧૩ સ |
| થા | | ૧૪ મા | ળ | ૧૫ ખું | | ૧૬ લ | | ૧૭ રી | તી |
| | ૧૮ ચા | | ૧૯ વા | દ | ૨૦ વિ | વા | દ | | સા |
| ૨૧ લ | ખો | ૨૨ ટી | | ૨૩ ના | ર | દ | | ૨૪ ન | વિ |
| ગ | | ૨૫ ખ | પ | ર | | | ૨૬ ગા | ય | ત્રી |
| ૨૭ ન | બ | ળી | | | ૨૮ છા | ૨૯ ક | | ન | |
| ગા | | ૩૦ ખો | ત | ૩૧ ર | | ૩૨ મ | યા | સુ | ૩૩ ર |
| ળો | | ૩૪ ર | મ | તિ | યા | ળ | | ૩૫ ખ | સ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| | | | | ૭ | ૮ | | | | |
| ૯ | | | ૧૦ | | | | ૧૧ | ૧૧અ | |
| | | ૧૨ | | | | | | ૧૩ | |
| | ૧૪ | | | | | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | | ૧૯ | | ૨૦ | ૨૧ | |
| ૨૨ | ૨૨અ | | | ૨૩ | | ૨૪ | | | |
| ૨૫ | | ૨૬ | | ૨૭ | | | | ૨૮ | ૨૯ |
| | | ૩૦ | ૩૧ | | | | ૩૨ | | |
| ૩૩ | | | | | ૩૪ | | | | |

### આડી ચાવી

૧. ભક્ત દાસના પણ દાસ હોય છે (૫)
૪. કર્ણ --- કહેવાતો (૪)
૭. પદો - કાવ્યોનો સંગ્રહ (૪)
૯. ભાવ, કિંમત (૨)
૧૦. માછલી જેવી આંખોવાળી (૩)
૧૧. ફુરસદ, સુખ, શાંતિ (૩)
૧૨. ઈન્કાર, નિષેધ, બંધી (૨)
૧૩. કવિતા લખે તે (જો.છૂ.) (૨)
૧૪. મંદસ્મિત, હર્ષ (૪)
૧૫. સ્મૃતિ, સ્મરણ (૨)
૧૮. એક તેજાનો (૨)
૨૦. અભિપ્રાય (૨)
૨૨. --- ઉઠીને એટલે દરરોજ (૨)
૨૩. પંદર દિવસે આવતું સામયિક (૫)
૨૫. ગઝલનો પહેલો શેર (૩)
૨૭. વલોવવું તે (૩)
૨૮. માથામાં પડતી જીવાત (૨)
૩૦. પૂજન, યજ્ઞ કરવો તે (૩)
૩૨. મુશ્કેલી, તકલીફ (૩)
૩૩. જમીનમાં --- હોય તો પાક ઉગે (૪)
૩૪. બીમાર હોય તે --- પાસે જાય (૩)

### ઊભી ચાવી

૧. જેના પેટ પર દોરડું બાંધ્યું છે, કૃષ્ણ (૪)
૨. તેજ, દીપ્તિ (૨)
૩. મારા ---માં આવ્યા'તા તમારા સમ -નાટ્યગીત (૩)
૪. હવે મારો વારો (૨)
૫. પોયણી (૩)
૬. ખેલાડી (૫)
૮. સભ્યતા, વિવેક, નમ્રતા (જો.છૂ.) (૩)
૧૦. સોનાચાંદી પર રંગીન કામગીરી (૪)
૧૧/અ. ગરીબ, બાપડું, બિચારું (૨)
૧૨. ઘા ઉપર લગાડો (૩)
૧૬. ચમડી છૂટે પણ --- ના છૂટે (૩) (જો.છૂ.)
૧૭. આધાર (૫)
૧૯. ઉદાહરણ (૩)
૨૧. મુશ્કેલી (૪)
૨૨/અ. '--- જણાવાનું કે' પત્રની શરૂઆત (૨)
૨૩. હવા, વાયુ (૩)
૨૪. વહાણું, પ્રભાત (૨)
૨૬. યોગ્ય (૩)
૨૯. પૂરું, સમાપ્ત (૩)
૩૧. યશ (૨)
૩૨. --- દેવો એટલે કાંજી પાવી (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગાંધી યુગના કયા અગ્રણી ગુજરાતી સર્જક - વિવેચકની રાજ્યસભામાં નિયુક્તિ થઈ હતી એ જણાવો. સત્યાગ્રહની લડતમાં સક્રિય હતા.

અ) ઉમાશંકર જોશી બ) ચુનીલાલ મડિયા ક) ઝવેરચંદ મેઘાણી ડ) કનૈયાલાલ મુનશી

## જાણવા જેવું

માનવ પ્રકૃતિમાં રસ એક સ્વભાવિક તત્ત્વ છે, કારણ કે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનું તે બંધારણ છે. સત્ત્વગુણનું વિશેષે ગૌણત્વ અને રજ, તમનું વિશેષ પ્રાધાન્ય હોય તેમાં શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બીભત્સ એવા આઠ રસ છે અને સત્ત્વગુણનું વિશેષે પ્રાધાન્ય હોય તેમાં શાંત રસ એમ નવ રસ ગણાય છે.

## સુડોકુ-૮૦૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૬ | | ૮ | ૯ | ૭ | ૪ | |
| | ૭ | | ૩ | ૪ | | | | |
| ૪ | ૮ | | | | ૨ | | ૧ | |
| ૩ | | | ૧ | | ૪ | | | |
| | | ૨ | | ૯ | | ૩ | | |
| | | | ૭ | | ૫ | | | ૧ |
| | ૪ | | ૨ | | | | ૩ | ૯ |
| | | | | ૫ | ૭ | | ૨ | |
| | ૫ | ૧ | ૯ | ૬ | | ૪ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૪ | ૯ |
| ૫ | ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૧ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૬ | ૩ | ૫ |
| ૪ | ૨ | ૮ | ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ |
| ૯ | ૩ | ૧ | ૫ | ૨ | ૭ | ૪ | ૮ | ૬ |
| ૬ | ૭ | ૫ | ૮ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ |
| ૨ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૮ | ૯ | ૬ | ૩ | ૭ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૭ | ૧ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૩ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

વિવિધ દેશોમાં જગતની અનેક એરલાઈન્સ ઉડાઉડ કરે છે. અંતરને હિસાબે દુનિયાનું સૌથી લાંબું ઉડ્ડયન કયા બે શહેર વચ્ચે થાય છે એ કહી શકશો?

અ) ટોક્યો - સિડની
બ) સિંગાપોર - ન્યૂયોર્ક
ક) બેંગ્લુરુ - સેન ફ્રાન્સિસ્કો
ડ) લંડન - કેપટાઉન

## નોંધી રાખો

ઘેરી વળેલી નિરાશાને ખંખેરી સુવિચાર વાંચી એને જીવનમાં ઉતારી જીવનમાં આગળ વધવા ડગલું માંડશો એટલે રસ્તો આપોઆપ મળતો જશે.

## માઈન્ડ ગેમ

દોઢ લાખના ૪૦% રકમને છ વડે ગુણાકાર કરી જે જવાબ આવે એના ૨૫% કરવાથી કઈ રકમ મળે એ જણાવો.

અ) ૮૧૧૦૦ બ) ૮૪૭૦૦
ક) ૯૦૦૦૦ ડ) ૯૭૫૦૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વહેમ | સંદેહ |
| વ્યસન | લત |
| વ્યાકુળ | ગભરાયેલું |
| વ્યોમ | આકાશ |
| વંચિત | વગરનું |

ગુજરાત મોરી મોરી રે
કપાસ

ઓળખાણ પડી
ઈટલી

માઈન્ડ ગેમ
૧૩૫૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ટ્રાન્સ સાઈબેરિયન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) મહેશ સંઘવી

# વીક એન્ડ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## શેરલોક હોમ્સઃ એક આગવા જાસૂસનું અનોખું હોમ

**દુનિયાભરના જાસૂસ-ડિટેક્ટિવ્સમાં ગુનાશોધનની અવનવી રીત માટે પંકાઈ ગયેલા આ કિતાબી જાસૂસ શેરલોકનું હોમ્સની પોતાની એક આગવી દુનિયા છે, જેની એક ઝલક મળે છે એના લંડનના નિવાસસ્થાનમાંથી. આવો, જઈને જોઈએ એ ઐતિહાસિક ઘરને!**














સાચુકલા જાસૂસ કે ડિટેક્ટિવને રૂબરૂ મળવાની તક મોટાભાગના લોકોને ભાગ્યે જ મળે છે. એમનું કાર્ય છૂપી રીતે ચાલતું હોય છે. પછી એ સરકારી તંત્ર સાથે સંકળાયેલો હોય કે પછી એની પોતાની અંગત ડિટેક્ટિવ એજન્સી હોય. હા, પણ એમની કાર્ય પદ્ધતિની રૂપરેખા આપણને જાણવા મળે મોટેભાગે જાસૂસી પુસ્તકોમાંથી. એમાંય વાચકો વધુ પરિચિત છે વિદેશના અનેક કિતાબી જાસૂસોથી. વાચકોનો એક વિશેષ વિશાળ વર્ગ ડિટેક્ટિવ કથા અને એના જાસૂસી પાત્રોના ખાસ ચાહક હોય છે, જેમ કે હર્ક્યુલ પોઈરો અને મિસ માર્પલ આ બન્ને ડિટેક્ટિવ પાત્રનાં સર્જક છે રહસ્યકથાઓનાં વિખ્યાત લેખિકા અગાથા ક્રિસ્ટી. હર્ક્યુલ પોઈરોનું પાત્ર એની છટાદાર મૂછો તથા વિચક્ષણ બુદ્ધિમત્તાના કારણે વાચકોમાં જાણીતું બન્યું હતું. અગાથાની ૫૦થી વધુ ટૂંકી વાર્તા- ૩૫ જેટલાં પુસ્તકો તેમ જ ૩ નાટકમાં આ પોઈરોનું પાત્ર ઝળક્યું હતું.

આજ રીતે એક આધેડ વયનું મહિલા જાસૂસ મિસ માર્પલને કેન્દ્રમાં રાખીને અગાથાએ ૧૨ નવલકથા અને ૧૨થી વધુ ટૂંકી વાર્તા સર્જી છે.

આ બે કાલ્પનિક જાસૂસી પાત્ર પછી જાણીતું નામ છે પ્રોફેસર જાસૂસ રોબર્ટ લેન્ગડનનું,જેના સર્જક છે ડોન બ્રાઉન. એમની અનેક કૃતિઓમાં આ મિસ્ટર રોબર્ટ એમની આગવી ગુનાશોધન શૈલીથી અપરાધ ઉકેલે છે.

આવો જ એક વિચક્ષણ ગુનાશોધક છે વકીલ પેરી મેસન. આ અમેરિકન પાત્ર પેરી મેસનના સર્જક છે અર્લ સ્ટેન્લિ ગાર્ડનર જેમણે ૮૦થી વધુ નોવલ ટૂંકી વાર્તાઓ લખી છે, જેના પરથી અનેક ટીવી શોઝ અને ફિલ્મ્સ પણ બની છે. પેરી જેટલી જ જાણીતી છે એની રૂપાળી-ચુલબુલી સેક્રેટરી ડેલા સ્ટ્રેટ અને પેરીનો સહયોગી જાસૂસ પોલ ડ્રેક (યાદ આવે છે તમને ગાજર ખાતો પેલો જાસૂસ પંકજ કપૂર અને એની રમતિયાળ સેક્રેટરી સુસ્મિતા મુખર્જીની કોમેડી ટીવી સિરિયલ 'કરમચંદ'?!)

જોકે, આમનાં જેવાં ડિટેક્ટિવ કથાઓનાં ૧૦થી વધુ અન્ય જાસૂસ પાત્રો પણ વર્લ્ડ ફેમસ છે. મજાની અને આનંદની વાત એ છે કે આ નામાવલિમાં બે ભારતીય-એ પણ બંગાળી પાત્રનો સમાવેશ થયો છે.

આમાંથી એક છે સર્જક શરદિંદુ બંદોપાધ્યાયનું જાસૂસ- પાત્ર વ્યોમકેશ બક્ષી. એ પાત્રને લઈને ૩૦થી વધુ વાર્તા લખાઈ છે અને બંગાળી હિન્દી ફિલ્મો પણ બની છે.

વ્યોમકેશ બક્ષી જેવું જ યાદગાર બંગાળી જાસૂસ- પાત્ર છે ફેલુદા! વિખ્યાત ફિલ્મ દિગ્દર્શક સત્યજિત રાયની કલમે ૩૫ જેટલી વાર્તામાં સર્જાયેલો જાસૂસ ફેલુદા આબાલ વૃદ્ધોમાં એક સરખો પ્રિય રહ્યો છે. આ મજાના જાસૂસને કેન્દ્રમાં રાખીને સત્યજિત રાયના પુત્ર સંદીપ રાયે બંગાળીમાં ૧૦ ટીવી સિરિયલ અને ૬ ફિલ્મ પણ બનાવી છે.

અહીં આપણે જેમની વાત કરી એ જાસૂસી પાત્રો માત્ર પુસ્તકોનાં એમનાં સબળ પાત્રાલેખનને કારણે આજની તારીખે ય પંકાયેલા છે. અલબત્ત, પાછળથી ટીવી- ફિલ્મ જેવાં માધ્યમને લીધે એમની લોકપ્રિયતા વધી ખરી.

આમ છતાં, આ બધા કિતાબી દુનિયાના કાલ્પનિક જાસૂસો વચ્ચે ૧૪૦ વર્ષ (૧૮૮૭ થી ૨૦૨૫) બાદ પણ વાચકોમાં સૌથી વધુ લોકપ્રિય અને આજેય પણ સદા યાદગાર રહ્યું છે ડિટેક્ટિવ શેરલોક હોમ્સનું પાત્ર ..!

બ્રિટિશ લેખક આર્થર કોનન ડોયલ સર્જિત આ કાલ્પનિક પાત્ર શેરલોક હોમ્સ એની ગીધ જેવી તીવ્ર નિરીક્ષણ શક્તિ- ફોરેન્સિક વિજ્ઞાન સાથે આગવી હૈયાસૂઝ અને એની તાર્કિક નિપુણતાને લીધે આજે પણ ચિરંજીવ પાત્ર બની રહ્યું છે.

આજે હોમ્સ ૨૫ હજારથી વધુ નાટક- ટીવી-ફિલ્મ્સમાં મુખ્ય પાત્ર તરીકે પેશ થયો છે. 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ'માં નોંધાયેલો આ વિશ્વવિક્રમ આજેય અણનમ છે.

આમ તો આ શેરલોક હોમ્સનું પાત્ર સો ટકા લેખકની કલ્પનાને આધારિત છે, પણ એના જનક એવા લેખક આર્થર કોનન ડોયલે એનું નિરુપણ એટલું બધું સચોટ અને વાસ્તવિક રીતે કર્યું છે કે એના લાખો વાચકો એને એક સાચુકલી વ્યક્તિ ગણે-માને છે !

એની વાર્તાઓમાં કરેલાં વર્ણન અનુસાર વાચકોએ શેરલોક હોમ્સની જન્મતારીખ ૬ જાન્યુઆરી-૧૮૫૪ સ્વીકારી લીધી છે ! શેરલોક હોમ્સની મોટાભાગની વાર્તાઓ એના નિવાસસ્થાન ઘરમાંથી શરૂ થાય છે અને લગભગ બધા અટપટા અપરાધના કેસ આ ઘરમાં જ ઉકેલાય છે. અને આપણને કલ્પના પણ ન આવે એવું જગતનું સૌથી જાણીતું એડ્રસ આ જાસૂસનું છે.

લેખક આર્થર કોનન ડોયલે પોતાની વાર્તા-પુસ્તકોમાં એનો આ ડિટેકટિવ પાત્ર,જ્યાં રહે છે એ ઘરનું સરનામું લખ્યું હતુંઃ

'૨૨૧-બી બેકર સ્ટ્રીટ લંડન.'

આ સ્થળ ઘર કાલ્પનિક હોવા છતાં આજે પણ એ એવું જાણીતું છે કે એ જાસૂસના અસંખ્ય ચાહકો એને જોવા- નિહાળવા એ કાલ્પનિક સ્થળે પહોંચી જાય છે.

સેન્ટ્રલ લંડન વિસ્તારમાં આવેલા હોમ્સના ઘરે પહોંચવા માટે તમે સિટી અન્ડરગ્રાઉન્ડ ટ્યુબ ટ્રેનથી બેકર સ્ટ્રીટ સ્ટેશન પહોંચો પછી ચાલીને એક મિનિટના જ અંતરે છે આ ફેમસ જાસૂસનું અતિ ફેમસ ઘર વત્તા મ્યુઝિયમ બેકર સ્ટ્રીટ સ્ટેશનની દીવાલો પર જ તમને શેરલોક હોમ્સના હોકલીવાળા છાયાચિત્ર જોવાં મળી જાય. સ્ટેશન બહાર રોડ પર જ એક હાથમાં એની ચિરપરિચિત હોકલી અને હેટ સાથે શેરલોક હોમ્સની ૯ ફૂટ ઊંચી કાંસાની એક પ્રતિમા પણ નજરે ચઢે..!

અંગત રીતે, મારા બે વારના લંડનના પ્રવાસ દરમિયાન અમને - મને અને મારા જાણીતા ફિલ્મ-લેખક મિત્ર સંજય છેલને શેરલોક હોમ્સના આ ઘર મ્યુઝિયમની લાંબી મુલાકાત લેવાની ત્યાંની તસવીરો ક્લિક કરવાની તક મળી છે.

જાસૂસ હોમ્સના આ બેકર સ્ટ્રીટના કાલ્પનિક સરનામાની લોકચાહના જોઈને લંડનના સ્થાનિક સત્તાવાળાએ બેકર સ્ટ્રીટ પર જ આવા જ એક નિવાસસ્થાનને મ્યુઝિયમ રૂપે બનાવી દીધું છે!

શેરલોકની વાર્તામાં આવતા વર્ણન મુજબ ૧૮૮૧થી ૧૯૦૪ના ગાળામાં શેરલોક અને એનો સહયોગી મિત્ર ડોકટર વોટસન અને મકાન માલકણ મિસિસ હડસન જાણે આ જ મકાનમાં રહ્યાં હોય તેવો તાદ્રશ્ય માહોલ પણ ત્યાં ખડો કરી દીધો છે.

લેખક આર્થર કોનન ડોયલની વાર્તાઓમાં થતાં ઉલ્લેખ મુજાબ આ ઘર વત્તા ઓફિસ કાર્યાલયનો બધો કારોભાર સંભાળવા માટે શેરલોકનો કોઈ અંગત સચિવ સેક્રેટરી નહતો, પણ એનો અંગત મિત્ર ડોકટર વોટસન એ બધું સંભાળતો. જોકે , આજે પણ હોમ્સના ઘર મ્યુઝિયમ પર એના ચાહકોના ઢગલાબંધ પત્રો- ઈમેલ આવે છે. એ બધાને જવાબ દેવા માટે અત્યારે ત્યાં એક ફૂટડી યુવતી હોમ્સની અંગત સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે.

૧૯ પાઉન્ડની પ્રવેશ ફી ધરાવતા આ અતિ ફેમસ ઐતિહાસિક '૨૨૧ બી બેકર સ્ટ્રીટ' ના બેઠા ઘાટના મકાન-મ્યુઝિયમના પ્રથમ માળ પર શેરલોક હોમ્સનો સ્ટડી રૂમ છે, જ્યાં આ વિખ્યાત જાસૂસની (વાર્તામાં જેનું અવારનવાર વર્ણન આવે છે એ) જાણીતી ઝૂલતી આર્મ ચેર છે. સામે ટિપોઈ પર સ્મોકિંગના શોખીન શેરલોકની એક ઓળખ જેવી હોકલી- પાઈપ વીતેલા જમાનાનું તંબાકુનું એક પેકેટ પણ નજરે ચઢે. આ ખંડની દીવાલને અઢેલીને રહેલા કબાટમાં ફાઈલ્સ અને પુસ્તકો છે.

આ સ્ટડી રૂમની બાજુમાં હોમ્સનો એક નાનકડો બેડરૂમ છે, જ્યાં સંગીતચાહક શેરલોકનું પ્રિય વાયોલિન પણ છે. બીજા માળનો એક રૂમ શેરલોકનો સાથી ડો. વોટસનનો છે. ત્યાં એના તબીબીશાસ્ત્રનાં પુસ્તકો અને સાધનો છે તો અન્ય ખંડમાં જેનાથી આ જાસૂસ અપરાધ ઉકેલતો હતો એ સાધન પણ મોજૂદ છે!

આ ઘર-મકાનના સૌથી ઉપલા માળે શેરલોક હોમ્સના સર્જક લેખક આર્થર કોનન ડોયલનું લેખન માટેનું મૂળ ટેબલ છે. અહીં શેરલોકનું પાત્ર એમને કઈ રીતે સુઝ્યું- વિકસાવ્યું અને એની ફેમસ જાસૂસી કથાઓની કલ્પના કઈ રીતે આવી એની વાત ખુદ આર્થર કોનન ડોયલના જ રેકોર્ડેડ સ્વરમાં તમે આ રૂમમાં સાંભળી શકો છો!

આ ઘર મ્યુઝિયમમાં પ્રવેશો પછી ત્યાંના એક ખંડમાં ગિફ્ટ કોર્નર છે. અહીં જાસૂસને પ્રિય એવાં કોફીના કપ- સ્મોકિંગ પાઈપ જાસૂસ પહેરતો એવી ચિરપરિચિત હેટ, ઈત્યાદિ ચીજ-વસ્તુઓની પ્રતિકૃતિઓ વેંચાણ માટે ગોઠવવામાં આવી છે, જે દર વર્ષે અહીં આવતા લાખેક જેટલાં એના ચાહકો હોંશે હોંશે એને મોમેન્ટો-સ્મૃતિચિન્હ તરીકે ખરીદી જાય છે ! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@ bombaysamachar.com

## વાયરલ થયા પહેલાં સ્ટુડિયો જિબલી મ્યુઝિયમમાં...






ટોક્યો ટાવર અને કન્વિનિયન્સ સ્ટોરના અનુભવોને રામેનના સ્વાદ સાથે યાદ રાખીને જાપાનની પહેલી સાંજ કેટલી મજેદાર રહી તે વાતોમાં જેટલેગનું શું કરીશું તે ધ્યાનમાં જ નહોતું રહ્યું. અમને આમ પણ આવી ટ્રિપ્સમાં જેટલેગને ઇગ્નોર કરીને ધસમસાટ આગળ વધવાની આદત છે. બધો થાક પાછળથી ઘરે પહોંચીને લાગે. જેટલેગને ટપાવવાના બધાંના પોતાના નુસખા હોય છે. ઉંમર સાથે અમારે અમારા નુસખા પણ એડજેસ્ટ કરવા પડી રહ્યા છે. પહેલી રાતે ઊંઘ મોડી આવી અને અમે શાંતિથી ઊઠ્યાં. રોજનાં સરેરાશ પચીસ હજાર સ્ટેપ્સની મેઇનટેઇન થઈ શકે એટલી એનર્જી પણ જોઈએ ને. સવારમાં ઇલાબોરેટ જાપાનિઝ બ્રેકફાસ્ટને બદલે જલદી કોફી અને સેન્ડવિચમાં જ પતાવીને અમે ટોક્યો સર કરવા નીકળી પડ્યાં. રોજના મિનિમમ પાંચ-સાત કિલોમીટર તો માત્ર સબવે સ્ટેશનમાં ચાલવામાં થઈ જતા હતા. સવારમાં ત્યાં ખરી ગિરદી અનુભવવા અમે તૈયાર હતાં. એ પણ પાછો સોમવાર હતો. અમને તો એમ કે દુનિયાનાં સૌથી ડેન્સ અને પોપ્યુલેટેડ શહેરમાં ઓફિસ રશ અવરમાં અમે ફસાઇ જઈશું. તેને બદલે થોડાં મોડાં નીકળવામાં અમને સ્ટેશન પ્રમાણમાં ખાલી મળ્યું. ટ્રેનમાં બેસવાની જગ્યા તો ભાગ્યે જ મળતી, પણ ઓફિસ ટાઇમથી બચો તો ઊભા રહેવાની જગ્યા સરળતાથી મળી જતી.

તે દિવસે અમારે રોપોન્ગી સ્ટેશનથી અમારે મિતારા વિસ્તારમાં સ્ટુડિયો જિબલી મ્યુઝિયમ જવાનું હતું. ટોક્યોનું પ્લાનિંગ કરતી વખતે પહેલું બુકિંગ તેનું જ થયું હતું. તેના માટે અડધો દિવસ ફાળવવાનું એકદમ વર્થ ઇટ છે, એવું દરેક માધ્યમ અને જાપાન ગયેલાં મિત્રો પાસેથી સાંભળેલું. ટૂંકમાં ટોક્યો જાઓ તો જિબલી મ્યુઝિયમ જવું જ પડે. ત્યારે ખબર નહોતી કે જાપાનથી પાછાં આવીશું અને અચાનક જ દુનિયા આખી જિબલીની વાતો કરતી હશે. સ્ટુડિયો જિબલી આમ પણ જાપાનનો સૌથી જાણીતો એનિમેશન સ્ટુડિયો છે. ખાસ તો ત્યાંની કલા, હાથે ચીતરેલાં એનિમેશન, તેમની મહેનત,દષ્ટિકોણ અને સોટ બેકગ્રાઉન્ડમાં મોટી આંખોવાળાં પાત્રો અત્યંત લોકપ્રિય છે. જિબલીથી થોડો પરિચય હતો, અને એકવાર ત્યાંનું બુકિંગ થયા પછી નેટલિક્સ પર જે પણ જિબલી ફિલ્મો ઉપલબ્ધ હતી તે બધી જોઈ નાખી. 'હાઉલ્સ મૂવિંગ કાસલ', 'માય નેબર ટોટોરો' અને 'સ્પિરિટેડ અવે' જેવી ક્લાસિક્સ મનમાં ઘર કરી ગઈ હતી.




જિબલી મ્યુઝિયમ દિવસના મર્યાદિત મુલાકાતીઓ જ અલાઉ કરે છે. ત્યાં પહોંચીને તો ટિકિટ ખરીદવાનું શક્ય જ નથી, પહેલેથી જ બુકિંગ કરાવવું પડે. અમને ચાર મહિના પહેલાં પણ ઇચ્છતાં હતાં તે સમયની ટિકિટ તો નહોતી જ મળી, એટલે અમારે જે સ્લોટ મળ્યો તે લઈ લેવો પડ્યો હતો. જાપાન પહોંચીને લાસ્ટ મિનિટ ટિકિટ લેવાનો ઓપ્શન લૉસન કન્વિનિયન્સ સ્ટોર પર છે. તે પણ અત્યંત મર્યાદિત સંખ્યામાં હોય છે અને ભાગ્યે જ હાથ લાગે છે. તેમાંય હવે તો જિબલી મ્યુઝિયમ કે પાર્કની ટિકિટ માટે પડાપડી ઓર વધી જાય તે સ્વાભાવિક છે. બરાબર જિબલીનાં એઆઇ વર્ઝન દુનિયાભરમાં, ખાસ ભારતમાં એટલાં વાયરલ થયાં કે માત્ર બે અઠવાડિયા પછી ગલી ગલીમાં લોકો પોતાના ફોટા જિબલી સ્ટાઇલમાં કન્વર્ટ કરવામાં લાગી જશે એ કલ્પના એટલે પણ ન હતી કારણ કે તેના સર્જક હાયાઓ મિયાઝાકી ઓટોમેશનના મોટા ફેન નથી.

જિબલી આર્ટ હજી પણ શક્ય એટલું ઓલ્ડ સ્કૂલ રીતે બને છે. સ્ટુડિયો અને મ્યુઝિયમમાં મોટાભાગના એરિયામાં તો ફોટા લેવાનું પણ શક્ય નથી. એ લોકો પોતાની કલાને અમૂલ્ય સંપત્તિની જેમ જાળવી રહ્યા છે. ચેટ જીપીટી ફોર-ઓના કારણે જિબલી પર તો જાણે આભ ફાટી પડ્યું હોય તેવું જ લાગે છે. ઓટોમેટેડ ઇમેજ કન્વર્ઝન કંઈ નવાઈની વાત નથી, જિબલીની કલાને આ રીતે એક્સ્પ્લોઇટ કરવાની સાચા-ખોટાની ચર્ચાઓ તો ચાલ્યા જ કરશે. એક સમયે તો તે વાયરલ ટ્રેન્ડ દરમ્યાન જાણે જિબલી આર્ટ પર કોઈ અણધાર્યો એટેક થયો હોય તેવી ફીલિંગ આવતી હતી. ખાસ હજી તે બન્યાનાં બે અઠવાડિયાં પહેલાં જ તેમની ક્રિયેટિવ પ્રોસેસ જોયા પછી તેને આવી રીતે ઓટોમેટેડ થતી જોવાનું અજુકતું લાગતું હતું. આ મ્યુઝિયમ તો ટોક્યોમાં જ છે, અહીંથી ચાર કલાકની બુલેટ ટ્રેઇન રાઇડ પર નાગોયા શહેર નજીક જિબલી પાર્ક પણ છે. હવે તો જાપાન જતાં મોટોભાગનાં મુલાકાતીઓ એ તરફ આકર્ષાવાનાં જ.

મ્યુઝિયમમાં એક મહત્ત્વનું એક્ઝિબિશન તેમની લેટેસ્ટ ફિલ્મના સર્જન સંબંધિત હોય છે. હાલમાં ત્યાં 'ધ બોય એન્ડ ધ હેરોન' સંબંધિત એક્ઝિબિશન હતું. ઇમેજ બોર્ડ, લેયઆઉટ, બેકગ્રાઉન્ડ આર્ટ, બધું વિગતે સમજાવામાં આવેલું. ખરેખર આ મ્યુઝિયમની વિગતે મુલાકાત લો તો આર્ટિસ્ટ બનીને કંઈક સર્જનાત્મક કરવા માટે એકદમ ઇન્સ્પાયર્ડ થઈને બહાર નીકળો તે નક્કી છે. જાપાનનાં ઘણાં સ્થળોની એ ઇફેક્ટ છે, પણ જિબલીની તો ખાસ. જિબલી ખરેખર શું ચીજ છે તે જાણવું હોય તો તેની ડોક્યુમેન્ટરી 'ધ કિંગડમ ઓફ ડ્રીમ્સ એન્ડ મેડનેસ'માં ઘણી વિગતો અને પ્રેરણા મળી જશે.

ત્યાંની એન્ટ્રી ટિકિટથી માંડીને ત્યાં વિતાવેલી દરેક પળ કોઈ સુવિનિયર જેવી લાગે છે. ત્યાંનો સેન્ટ્રલ હોલ, ગ્લાસ સિલિંગ, ફિલ્મોનાં ભીંત ચિત્રો, કેનવાસ પેઇન્ટિંગ્સ, પાત્રોનાં ડોયોરામા, ક્યાંય ફોટા પાડવાનું અલાઉડ ન હતું. અહીં જ પહેલી વાર ઝોઇટ્રોપ્સ પણ જોવા મળેલાં. ટોટોરોનાં પાત્રોનું આવું થ્રીડી પ્રોજેક્શન કોઇ ફિલ્મ કરતાં પણ વધુ મજેદાર હતું. ત્યાંની ટૂરના અંતે એક એનિમેટેડ ફિલ્મ કઈ રીતે બને તેની કોઈ વર્કશોપ લીધી હોય તેવું લાગતું હતું. નોટપેડ અને પેન સાથે લઈને ફરવાની ઇચ્છા પણ થઈ આવી હતી. ત્યાં ક્રિયેટિવિટીનાં માત્ર આર્ટનાં જ નહીં, લાઇફ લેસન્સ પણ ઘણાં છે. ઘણી કોન્ટ્રોવર્સી પછી હવે ચેટ જીપીટીએ પણ જિબલી સ્ટાઇલ ઇમેજીસ બંધ કરી દીધી છે. વાયરલ હોય કે નહીં, આ સ્ટાઇલને સમજ્યા, તેની પાછળની મહેનતને જાણ્યા પછી સ્ટુડિયો જિબલીની મુલાકાતે ઘણી ક્રિયેટિવ ઇચ્છાઓ જીવંત કરી દીધી હતી. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ડેટ્રોઈટની કાર -કહાણીઃ પેરેડાઈઝ લોસ્ટ હંમેશને માટે !

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ઈંગ્લિશ કવિ જ્હોન મિલ્ટને બે માસ્ટરપીસ ગણાતા કાવ્યની રચના કરીઃ ‘પેરેડાઈઝ લોસ્ટ’ અને ‘પેરેડાઈઝ રિગેન’. આ બન્ને કૃતિને એટલી સફળતા મળી કે બોલચાલની ભાષામાં એ રૂઢિપ્રયોગની માફક વપરાવા માંડી. જ્યારે કોઈ વ્યક્તિ પોતાનો સુવર્ણકાળ ગુમાવે ત્યારે ‘પેરેડાઈઝ લોસ્ટ’ શબ્દસમૂહનો ઉપયોગ થાય છે અને જો મહેનત- પ્રાયશ્ચિત દ્વારા કોઈ પોતાનું જૂનું સ્થાન-સ્થિતિ પાછા મેળવે તો એના માટે ‘પેરેડાઈઝ રિગેન’ કહે છે.


આજે એવા જ એક શહેરની વાત કરવી છે જે પોતાનું સ્વર્ગ રિગેન કરવાની કોશિશ કરી રહ્યું છે, જેમાં અત્યાર સુધી સફળતા મળી નથી.

આ શહેર છે ડેટ્રોઈટ, જે કાર બનાવતી કંપનીઝનું સ્વર્ગ ગણાય. અમેરિકાના મિશિગન રાજ્યનું આ શહેર ક્યારેક ‘મોટર સિટી’ તરીકે વર્લ્ડ મેપ પર મોભાદાર સ્થાન ભોગવતું હતું. ફોર્ડ, જનરલ મોટર્સ (GM), અને ક્રાઈસ્લર જેવી કાર બનાવતી કંપનીઝનાં મુખ્ય મથકો અહીં જ હતાં. આ ત્રણ મોટર જાયન્ટ કંપનીઝ ડેટ્રોઈટની ‘બિગ થ્રી’ તરીકે ઓળખાતી. એ સમયગાળો ડેટ્રોઈટનો સુવર્ણકાળ હતો., પણ વીસમી સદીના ઉત્તરાર્ધમાં ચિત્ર બદલાઈ ગયું. થયું એવું કે તત્કાલીન મોટર જાયન્ટ્સને ‘ભારતીય બીમારી’ નડી ગઈ. ડેટ્રોઈટ શહેર યુનિયનબાજીમાં ફસાયું, જેની પાછળની કથા પણ રસપ્રદ છે.

૩૦-૪૦ના દાયકા દરમિયાન અમેરિકા મહામંદીનો શિકાર હતું. લગભગ તમામ ઇન્ડસ્ટ્રીઝ અભૂતપૂર્વ આર્થિક સંકડામણ વેઠી રહી હતી. આવા સમયે ફેક્ટરીઝમાં કામ કરનારા અસંગઠિત મજૂરોએ સૌથી વધુ વેઠવાનું આવે છે. વેતનના દરો એકદમ ઘટી જાય. સામે બેરોજગારીની તલવાર સતત માથે તોળાતી રહે છે એટલે બિચારા શ્રમજીવીઓ પાસે અમાનવીય દશામાં મજૂરી કરતા રહેવા સિવાયનો કોઈ વિકલ્પ બચતો નથી. શોષણ એક સામાન્ય બાબત બની રહે છે.

ડેટ્રોઈટના મોટર ઉદ્યોગમાં કામ કરનારા શ્રમિકોની હાલત પણ કંઈક આવી જ હતી. આ સંજોગોમાં ૨૬ ઓગસ્ટ, ૧૯૩૫ના દિવસે જન્મ થાય છે એક યુનિયનનો. ‘યુનાઈટેડ ઓટો વર્કર્સ UAW’નું મુખ્ય ધ્યેય મજૂરોના પ્રશ્નોને વાચા આપવાનું હતું. મોટર કાર બનાવતી જાયન્ટ કંપની જનરલ મોટર્સના મજૂરો એમાં સૌથી પહેલા જોડાયા. એટલે આ યુનિયનનું સૌથી પહેલું આંદોલન પણ જનરલ મોટર્સ સામે જ થયું.


સીટ ડાઉન સ્ટ્રાઈક યુનિયને કોર્પોરેટ માલિકોને પાઠ ભણાવવા માટે એક અફલાતૂન આઈડિયા શોધી કાઢ્યો. કોઈ પણ પ્રકારની હિંસા કે તોડફોડ કર્યા વિના જો ફેક્ટરીનું પ્રોડક્શન બંધ કરી દેવામાં આવે તો તરત માલિકોની સાન ઠેકાણે આવી જાય. આ માટે UAWના સભ્ય એવા મજૂરોએ ‘સીટ ડાઉન સ્ટ્રાઈક’ કરી. એમાં કરવાનું કશું નહોતું. બસ, નોકરીના સ્થળે જઈને કામ કરવાને બદલે બેસી રહેવાનું! હવે ફેક્ટરીમાં તો પ્રોડક્શનની આખી સપ્લાય ચેન ચાલતી હોય. એમાં થોડા મજૂરો પણ પોતાનું સ્થાન છોડીને બેસી જાય તો આખી પ્રોડક્શન ચેઈન ખોરવાય. એવી પરિસ્થિતિમાં મુકાવાનું તો માલિકોને જરાય ન પાલવે.




૩૦ ડિસેમ્બર ૧૯૩૬ના રોજ ‘સીટ ડાઉન સ્ટ્રાઈક’નું એલાન થયું એટલે જનરલ મોટર્સના ડેટ્રોઈટ પ્લાન્ટના મજૂરો કામ છોડીને બેસી ગયા. પછી તો આ હવા એવી ફેલાઈ કે ૨૫ જાન્યુઆરી આવતા સુધીમાં જનરલ મોટર્સના કેલિફોર્નિયાથી માંડીને ન્યુયોર્ક સુધીના સંખ્યાબંધ પ્લાન્ટ્સમાં કામ કરનારા દોઢેક લાખ મજૂરો સીટ ડાઉન સ્ટ્રાઈક પર ઊતરી ગયા. આખરે કંપનીને નમતું જોખ્યા સિવાય છૂટકો નહોતો. યુનિયનને આ અનોખી હડતાળનું ધાર્યું પરિણામ મળ્યું. એ પછી તો મોટર ઉદ્યોગમાં UAWની બોલબાલા વધી પડી. ફોર્ડ જેવી કંપનીએ પણ ચારેક વર્ષની મથામણ બાદ UAW સાથે સમજૂતી કરવી પડી. કાર ઉદ્યોગ સાથે સંકળાયેલા મજૂરોની સ્થિતિમાં UAWને કારણે ઘણો સુધારો આવ્યો. UAWની સભ્યસંખ્યા પણ વધતી ચાલી. ૧૯૭૦માં પંદર લાખ મજૂરો આ સંગઠનના સભ્ય હતા.

હવે આપણે સિક્કાની બીજી બાજુ જોઈએ.

મજૂરોની પરિસ્થિતિ ભલે સુધરી, પણ કંપનીઝમાં યુનિયનબાજીનો પ્રભાવ વધતા આંતરરાષ્ટ્રીય સ્પર્ધા સામે ડેટ્રોઈટનો કાર ઉદ્યોગ નબળો પાડવા લાગ્યો. UAWએ ઊંચા વેતન અને લાભોની માંગણી કરી, જેનાથી ફોર્ડ, GM, અને ક્રાઈસ્લરનો ઉત્પાદન ખર્ચ વધ્યો. બીજી તરફ જાપાની કંપનીઓએ નવીન ઉત્પાદન પદ્ધતિઓ અપનાવી. ૧૯૭૦ના દાયકામાં જાપાની કંપનીઓ ઓછા ખર્ચે સારી કારો બનાવતી થઇ ગઈ. અમેરિકન કંપનીઝે લાંબા સમય સુધી જૂની ટેક્નોલોજી અને ડિઝાઈન પર જ ધ્યાન આપ્યું એમાં ક્વોલિટી મેનેજમેન્ટ બાબતે એ નિષ્ફળ ગઈ. કામદારોના હિતને પ્રાધાન્ય આપવાનું હોવાથી નવી ટેકનોલોજી અપનાવવામાં અમેરિકન કંપનીઝને ઘણી મુશ્કેલી પડી. સાથે જ આર્થિક બોજો પણ વધતો ગયો.




આરબ-ઇઝરાયલ યુદ્ધે પડતા પર પાટુ માર્યું.

કાર બનાવતી ટોયોટા, હોન્ડા, અને નિસાન જેવી જાપાનીઝ કંપનીઝે અમેરિકન માર્કેટ સર કરવા માટે એકદમ પરફેક્ટ ટાઈમ પસંદ કરેલો. ૧૯૫૮માં ટોયોટાએ અમેરિકામાં પોતાની પ્રથમ કાર વેચી. એ પછીનો દશકો બહુ મહત્ત્વનો હતો. કોઈ કોર્પોરેટ કંપનીને નવા જ દેશમાં મૂળિયા નાખવા હોય તો આટલો સમય લાગે જ. ૧૯૭૩નું વર્ષ આવતા સુધીમાં આરબ-ઇઝરાયલ યુદ્ધને કારણે ઓઈલ મોંઘું થઇ ગયું. આ એ સમય હતો જ્યારે અમેરિકન ગ્રાહકો આર્થિક કારણોસર શાનદાર કારને બદલે વધુ એવરેજ આપતી મોટરકાર પસંદ કરવા માંડ્યા. તમે આજે ય જોજો, અમેરિકન કે જર્મન કાર્સ શાનદાર હોઈ શકે, પણ માઈલેજની ગણતરીમાં તો એશિયન બનાવટની કાર જ મેદાન મારી જાય છે. એ સમયે પણ બળતણ મોંઘું થવાથી ગ્રાહકો નાની પણ વધુ માઈલેજ આપતી કાર્સ તરફ વળ્યા. ડેટ્રોઈટની અમેરિકન જાયન્ટ કંપનીઓએ બદલાતા ટ્રેન્ડને અનુકૂળ થવામાં મોડું કર્યું અને કાર-બજારમાંથી પોતાનો મોટો હિસ્સો ગુમાવ્યો.

બસ, એ પછી જે પડતી શરૂ થઇ તે સાંપ્રત સમય સુધી ચાલતી રહી. UAWએ ડેટ્રોઈટના કામદારોને સંગઠનશક્તિ આપી અને એમનું જીવન સુધાર્યું, પરંતુ તેની કેટલીક માગણીઓએ કંપનીઓને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં નબળી પાડી, જે ડેટ્રોઈટના કાર ઉદ્યોગના પતનનું એક મહત્ત્વનું કારણ બન્યું. ૨૦૦૮ના આર્થિક સંકટ દરમિયાન GM અને ક્રાઈસ્લર નાદાર થયા ત્યારે UAWએ ઘણા લાભોમાં ઘટાડો સ્વીકાર્યો, જેથી કંપનીઓ બચી શકે. આજે UAW હજુ પણ સક્રિય છે અને ઇલેક્ટ્રિક વાહન ઉદ્યોગમાં કામદારોનાં હિતોનું રક્ષણ કરવા પ્રયાસ કરે છે, પરંતુ તેની સભ્ય સંખ્યા ૧૯૭૦ના દાયકાના ૧૫ લાખથી ઘટીને ૨૦૨૫ સુધીમાં ૪ લાખની આસપાસ થઈ ગઈ છે.

બીજી તરફ ડેટ્રોઈટનો કાર ઉદ્યોગ એક સમયનું સ્વર્ગ ગુમાવી દીધા બાદ ‘પેરેડાઈઝ રિગેન’ની આશા લઈને બેઠું છે. જૂનીને જાણીતી બિગ થ્રી કંપનીઝ સાંપ્રત સમયમાં ઇલેક્ટ્રિક વિહીકલ્સ બનાવવા પાછળ છે. જો બધું સરખું ચાલે તો ડેટ્રોઈટનો સુવર્ણસમય પાછો ફરે ય ખરો!

જો એવું નહિ થાય તો આ શહેર માટે ‘પેરેડાઈઝ નેવર રિગેન’ નામનું મહાકાવ્ય લખવું પડશે! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ફાનજિંગશાન મંદિરો - એક અભૂતપૂર્વ ઈચ્છાશક્તિ

સન ૨૦૧૮માં વિશ્વ-વિરાસત તરીકે નિર્ધારિત થયેલાં, આશરે ૨૫૭૦ મીટરની ઊંચાઈ પર, લગભગ ૯૦ અંશ કહી શકાય તેવાં ચઢાણ પર, ચીનના દક્ષિણપૂર્વ વિસ્તારમાં વુલિંગ પર્વતમાળાની ફાનજિંગશાન ચોટી પર બનાવવામાં આવેલ બૌદ્ધ ધર્મનાં આ બે મંદિરો ઘણી રીતે અદ્દભુત છે. રસપ્રદ વાત એ પણ છે કે ફાનજિંગશાનને ‘બ્રહ્માની ભૂમિ’ કહેવામાં આવે છે અને એક મંદિર ‘મૈત્રેય’ નામથી અને બીજું ભગવાન બુદ્ધના નામથી ઓળખાય છે. આ બાબતો, આ નામ, સનાતની પરંપરા સાથે સંકળાયેલા છે. સનાતની પરંપરા અને સનાતની સંસ્કૃતિનો વિસ્તાર કેટલો હતો, ક્યાં સુધી હતો, કેટલી માત્રામાં હતો, કેટલી દ્રઢતાથી હતો તે આ વાતથી સમજી શકાય છે.

સન ૬૩૯ પછી આ વિસ્તારમાં, તે વખતના તાંગ વંશના રાજવીઓ દ્વારા પરિવહન માટેની સવલતો ઊભી કરાયા પછી આ વિસ્તારનો સ્થાપત્યકીય વિકાસ વધુ સરળતાથી શક્ય બન્યો. તે વખતની સ્થાપિત પરંપરાને અનુસરીને, પછી અહીં, ઉલ્લેખનીય મહેલો અને મંદિરોનું નિર્માણ શક્ય બન્યું. જોકે અહીં કરાયેલાં બાંધકામનાં વર્ષ માટે ખાતરીથી કહી ન શકાય. આ રચના જ એ પ્રકારની છે કે જેનાં નિર્માણમાં ઘણો સમય પસાર થઈ જાય. જે માત્રામાં બાંધકામની સામગ્રીની જરૂરિયાત ઊભી થઈ હશે, તે સામગ્રીને, અને તેનાં કારીગર વર્ગને આટલી ઊંચાઈએ પરિશ્રમ કરવા માટે તૈયાર કરવાં, તે માટે પ્રેરણા આપવી, અને તેમાં સફળતા મેળવવી, તે જ એક અકલ્પનીય ઘટના છે. માત્ર આ રચનાના ફોટા જોતાં જ કહી શકાય કે આટલી ઊંચાઈએ આ નિર્માણ કરવામાં કેટલી તકલીફ પડી હશે. આજે જ્યાં મુલાકાત માટે લગભગ ૯૦૦૦ જેટલાં પગથિયાનું ચઢાણ આટલું મુશ્કેલ જણાય છે તો તે વખતે તો સ્થિતિ કેવી હશે તેની કલ્પના જ રોમાંચિત કરી દે છે. બે શિખર પર બે મંદિર, બંનેને જોડતો કમાનાકાર






પુલ, ઊંચાઈ પરથી જોવાં મળતું અભૂતપૂર્વ કુદરતી સૌંદર્ય - આ રચનાના આ મુખ્ય આકર્ષણ છે, એમ કહેવાય.

આટલી ઊંચાઈએ આટલાં માપનું બાંધકામ કરવાં માટેની અભૂતપૂર્વ ઈચ્છા શક્તિ જોઈએ. ધર્મના હાર્દને પ્રતિબિંબિત કરવા માટેની આ એક અકલ્પનીય ચેષ્ટા છે. અહીં ચોક્કસ પ્રકારની સાધના કરવા માટે જરૂરી એકાંતની વ્યવસ્થિત વ્યવસ્થા ઊભી કરાઈ છે. જો ધર્મ માટેની અપાર શ્રદ્ધા હોય, ઐશ્વરિય શક્તિમાં વિશ્વાસ હોય, ચોક્કસ પ્રકારની શુદ્ધતા અને પવિત્રતા જાળવી રાખવાનો આગ્રહ હોય, પર્યાવરણ સાથે નિર્મળતાથી સંપર્ક સાધવાની ઈચ્છા હોય, કુદરતનાં વિવિધ તત્ત્વોને - વિવિધ પાસાંને નજીકથી નિહાળવાની તમન્ના હોય, કુદરતી અને માનવસર્જિત પરિસ્થિતિ સાથે તાલમેલ સ્થાપિત કરવાની મહેચ્છા હોય અને તે બધાં સાથે કુદરતના પ્રભુત્વને સ્વીકારવાની પણ તૈયારી હોય તો જ આ પ્રકારની રચના અસ્તિત્વમાં આવી શકે. માનવ ઇતિહાસનું આ એક કુદરત સાથે સુમધુર તાદાત્મ્યતા સ્થાપતું નિર્માણ છે.

અહીં આ પ્રકારનાં બાંધકામનો વિચાર આવ્યો એ જ એક ભવ્ય બાબત છે. પછી આ વિચારને મૂર્તિમંત કરવા માટે જે જે પ્રયત્ન કરવાં પડે, તેમાં આવતી મુશ્કેલીઓનું જે રીતે નિરાકરણ કરવું પડે, તે વખતે પણ જે રીતે વિશ્વાસ ટકાવી રાખવો પડે,





અને આ સમગ્ર પ્રક્રિયામાં જે રીતે ધીરજ જાળવવી પડે, તે બધું જ અભૂતપૂર્વ કહેવાય. મજાની વાત એ છે કે આ સંપૂર્ણ બાંધકામમાં મકાન રચનાના મૂળભૂત સિદ્ધાંતો તથા એ વખતની પ્રવર્તમાન શૈલીમાં કોઈપણ પ્રકારની બાંધછોડ નથી કરાઈ. આટલી મુશ્કેલ જગ્યાએ બાંધકામ કરાયાં પછી પણ બાંધકામની શાસ્ત્રીય પદ્ધતિનું વ્યવસ્થિત અનુસરણ કરાયું છે.

કાર્ય ચોક્કસ કઠિન હશે. મુશ્કેલીઓ ઘણી ઊભી થઈ હશે. ઘણી તકલીફો સર્જાઈ હશે. સમય મર્યાદાનું પાલન પણ મુશ્કેલ બન્યું હશે. ખર્ચનો આંકડો વધતો ગયો હશે. કોઈક નિરાશ પણ થયું હશે. તે બધાં સાથે આ કાર્ય સંપન્ન થયું. માનવજાતની આ એક ઉલ્લેખનીય ઉપલબ્ધિ ગણાય. વળી, અહીં ભક્તિ અને સાધના માટે જનાર ભક્ત અને સંત-મહાત્માની ઈચ્છાશક્તિ અને ભક્તિ જ અનેરી હશે. સમાજ સાથેનાં સંપર્કનો અહીં, જાણે સંપૂર્ણતામાં છેદ ઉડાડી દેવાયો છે.

આવી પરિસ્થિતિમાં રહેવું, ત્યાં અવરજવર કરવી અને ત્યાંની નીરવ એકલતામાં ખુશી ગોતવી, એ પણ એક ભવ્ય ઘટના છે. મહાત્માઓથી જ આમ સંભવ બને. આ રચના જોતાં એમ જ જણાય છે કે તે આ શ્રેણીનાં મહાત્માઓ માટે જ છે.

હવે તો લગભગ અડધી ઊંચાઈ સુધી રોપવે થકી પહોંચી શકાય છે અને તેથી મુલાકાતીઓની સંખ્યા વધી ગઈ છે. પરંતુ, ઘણાં સમય સુધી આ સ્થાન આધુનિકતાની ચહલપહલથી દૂર રહ્યું હતું, જેને કારણે ત્યાંની ભૌગોલિક સ્થિતિ, ત્યાંનો કુદરતી માહોલ તથા ત્યાંની સ્થાપત્ય શૈલી જળવાઈ રહી. આજે પણ તેની સકારાત્મક અસર ત્યાં જોવાં મળે છે. આશરે ૫૦૦ મીટરથી ૨૫૭૦ મીટરની ઊંચાઈવાળા આ વિસ્તારમાં અલભ્ય વનસ્પતિ અને પશુ-પક્ષીઓની પ્રજાતિઓ આજ સુધી જળવાઈ રહ્યાં છે. સ્થાપત્ય સાથે કુદરતને પણ માણી શકવાની આ એક અનોખી તક છે.

અહીં કુદરત સાથે સરળતાથી સુંદર સંપર્ક સાધવા માટે જે તક ઊભી કરાઈ છે, આંતરિક પ્રસન્નતા માટે કુદરત સાથે જે રીતે તાલમેલથી સર્જવામાં આવ્યો છે, અહીં જાત સાથે જોડાવાની સંભાવના જે રીતે ઊભી થાય છે, તે બધાં સાથે આ સ્થાનની પવિત્રતા જાળવી રાખવા માટે ઈમાનદારી પૂર્વકનો જે પ્રયત્ન થયો છે, તે આ રચનાને વધુ નોંધપાત્ર અને રસપ્રદ બનાવે છે. આને સમકક્ષ જો કોઈ રચના હોય તો તે જે ભારતમાં આવેલ ઇલોરાનું કૈલાસ શિવ-મંદિર માત્ર છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ઊફ્ફ... આવી ગરમીમાં મેરેજ?!



‘અરે, આ મૂરખને કોઈ સમજાવો કે આ ગરમીમાં થ્રી- પીસ શૂટ ન પહેરાય.’

ચુનિયાની આ વાત મને વ્યાજબી લાગી, પરંતુ જ્યારે મેં જાણ્યું કે એના લગ્ન છે એટલા માટે શુટ પહેરવાનો આગ્રહ રાખે છે. ત્યારે ચુનિયાને મેં કહ્યું :

‘ખરેખર તો મોટી વસ્તુ માટે ના પાડતો નથી અને આવડી નાની વાત માટે તું ના પાડે છે તે પણ વ્યાજબી નથી નુકસાન સૂટ પહેરવાથી ઓછું થાય જેટલું લગ્ન કરવાથી થાય છે.’ ચુનિયાએ ઊંડો નિસાસો નાખીને કહ્યું કે ‘જેમાં રોકી શકાતા હોય તે જ પ્રયત્ન કરવા. કોઈના બાપનું કોઈ માન્યા છે કે આપણી લગ્ન ન કરવાની વાત કોઈ માને? અને અત્યારે લગ્નગાળો કેવો છે?’

મેં કહ્યું કે : ‘લગ્નગાળો છે, બરાબર, પરંતુ આ ગરમીમાં સગાવહાલાઓને જો વ્યવસ્થિત ન સાચવો તો લગ્નમાં ‘ગાળો’ વધારે મળે છે. ખરેખર તો ઉનાળામાં સદરો પહેરીને ફરવાનું મન થતું હોય ત્યારે ચુનિયાની ત્રણ પીસ સૂટ માટેની વાત સાચી લાગી.

હમણાં હમણાં બે-ત્રણ કૌટુંબિક લગ્નમાં જવાનું થયું એટલે ઘણો બધો માલ મસાલો મગજમાં નાખીને આવ્યો. આખા લગ્ન દરમિયાન સર્વપ્રથમ જેની શરૂઆત થાય એ જમવાની થાળી ઉપર મેળાવડાની શરૂઆત થાય. શિયાળો હોય તો ખાવાની મજા આવે અને ખાધા પછી પણ આકુળ-વ્યાકુળ ન થવાય, પરંતુ ઉનાળામાં જો બે-પેટ ખવાય ગયું હોય તો ક્યાં જઈશુ એમ થાય. છતાં પણ લોકો નાનકડી થાળી માં દસ વસ્તુ લઈને નીકળે જાણે બીજી વાર મળવાનું જ ન હોય. ઘણા સગા વહાલા તો ખાવા નહીં પણ ખાતર પાડવા આવ્યા હોય તેવી રીતે વર્તે. બે માણસનું ખાય અને ચાર માણસનું બગાડે. જાન ૫:૦૦ પહોંચાડવાની હોય તો ઘરધણી બધાને ત્રણ વાગ્યામાં તૈયાર થવા માટે ને રૂમે રૂમે ફરીને ધમકાવતા હોય. માંડ ત્યારે પાંચ વાગ્યે તો વરરાજો તૈયાર થઈ અને નીચે ઊતરે પણ હજી જાનૈયાઓના ઠેકાણા ન હોય, કારણ લાલી લિપસ્ટિક બાકી રહી ગયા હોય. અને ભૂલેચૂકે પણ જો વરરાજાની ગાડીને સેલ્ફ મરાઈ ગયો હોય તો જાનૈયાના મોઢા બગડે : ‘મોટા ઉપાડે લગનમાં બોલાવ્યા છે પણ પાંચ મિનિટ રાહ નથી જોઈ શકતા.’ જેટલા જાનમાં હોય તેનાથી વધારે તો મોઢા બગાડીને બેઠા હોય, વાતે વાતે વાંકું પાડવું તે તો સગાવહાલાઓનો સ્વભાવ બની ગયો હોય છે. વરઘોડામાં નાચતા-કૂદતા જાતા હોય વરરાજો એમ વિચારતો હોય કે હવે વહેલા પહોંચીએ તો સારું.. પરંતુ નાચવાવાળા ને કેમ જાણે આ છેલ્લો પ્રસંગ હોય એવી રીતે વરરાજાની ગાડીને આગળ ચાલવા જ ન દે. એક કલાક મોડા પહોંચે અને ત્યાં પણ દરવાજા પાસે એટલું બધું નાચે કે સામેવાળા એકવાર તો એમ વિચારી લે કે ચાલો, એકાદ ઊંઘ કરીને આવીએ ત્યાં સુધીમાં નાચવાનું પતી જશે. આજકાલ ગોર મહારાજો મળવા પણ સહેલા નથી. મહામહેનતે એક ઓછું સાંભળતા મહારાજ મળી ગયા હોય અને એ પણ મેલું ઘાણા જેવું ધોતિયું પહેરી અને માથે કલરફુલ ઝબ્બો ઠઠ્ઠાડી અને વિધિ કરાવવા આવી ગયા હોય, પણ મોઢામાં સતત કેસરના દમવાળી પડીકી ભરાવીને બેઠા હોય. એમાં કોઈ કહે કે : ‘જાન આવી ચાલો વિધિ કરાવવા.’ એટલે મોઢામાંથી પિચકારી મારે , પરંતુ અહીં જુબા કેસરી નહીં થૂંકતા ન આવડતું હોય એટલે ઝભ્ભા કેસરી થયાં હોય. માંડ કરી અને વરરાજો અંદર આવે એટલે એક જુદા રૂમમાં કોઈ આતંકવાદી ઝડપાયો હોય એમ વરરાજા ને એક એકાંતિયા રૂમમાં બેસાડી દેવામાં આવે. અને કમિશ્નર જેવા પપ્પા અને લેડી પી એસ આઈ જેવા મમ્મી આવી ને એક મોટું મુખપત્ર વાંચી જાય કે આમ કરવાનું આમ નહીં કરવાનું . એટલે એક મિનિટ તો વરરાજા ને ભાગી જવાનું જ મન થાય ત્યાં તો ઉલાળા મારતી અને લગ્ન કરવા મજબૂર કરે એવી દુલ્હનની સગ્ગી સાળી આવી ને ‘જીજાજી. જીજાજી’ કરી ને પાંચ છ વાર મસ્કા મારી જાય. ત્યાં તો જીજાજીને અને સ્વર્ગ ને એક વેંતનું જ છેટું રહે. સાથે સાથે થોડો ઊંડો વસવસો પણ રહે કે આ કન્યા જોવા ગયો હતો ત્યારે આ બધી ચિબાવલીઓ ક્યાં હતી?

આવાં લગ્નોમાં એક બે સગા એવા હોય જેને વરરાજા કરતાં પણ જાજી ઉતાવળ હોય અને રૂમમાં આવી ને બે ત્રણ વાર કહી જાય કે ‘હાલો હાલો હવે કેટલીવાર છે? મુહુર્ત નીકળતું જાય છે.’

દરેક લગ્નમાં વર પક્ષે બે ત્રણ હરખ પદૂડા હોય, જે કન્યા પક્ષમાં કન્યાની બહેન ઉપર નજર રાખતા હોય. અહિયા લગ્ન ચાલુ હોય ત્યાં આવા લોકો છેક હનીમૂન સુધી પહોંચી ગયા હોય. પ્રકાશવર્ષની ગતિ કરતાં પણ વધારે ઝડપી વિચારવાળા આવા ઉચ્ચસ્તરીય બુદ્ધિજીવીઓ તમને હરેક લગ્નમાં મળી જ જાય. એને એ ગોતવા ન પડે તેમ વરતાય આવે.

આમ માંડ ગતિ આવી હોય ત્યાં કોઈક આવી ને આવા લોકોના કાનમાં કહી જાય : ‘ચાલો, હવે વરરાજા હમણાં મોજડી કાઢશે એને કઈ રીતે ક્યાં અને ક્યારે સંતાડવાની છે?’ અને આ બાજુ કન્યા પક્ષે વાત ચગે ‘કે ચાલો હવે વરરાજો મોજડી કાઢશે ક્યાંથી કોને આંખ મારી અને ઘાયલ કરી કઈ રીતે ક્યાં બકરાને વર પક્ષેથી ઉપાડવાનો છે..?’

લગ્ન દરમ્યાન બન્ને પક્ષે સંયુક્ત રાષ્ટ્ર સંઘ જેવી ગંભીર ચર્ચાઓ ચાલતી હોય. એક ખુફિયા ષડયંત્ર ને અંજામ અપાય બન્ને પક્ષે ગડમથલ હોય કે એક એમ વિચારે કે અમે સંતાડીને રાખશું ક્યાં અને બીજા પક્ષે એ કે અમે ચોરશું કેમ? ને એક ઘડી આવે કે બંને પક્ષના શૂરવીરો ખુલ્લી તલવારો સાથે સામસામે આવી જાય પછી એકબીજા પર શબ્દોના તીર ચાલે. મોજડી ચોરાય અને સાળીઓ કમાય પણ ખરી. વરરાજા એમ માને કેટલી ઢોળાય છે પણ ખીચડીમાં છે ને.

આડે પાટે ચડી ગયો પણ કહી દઉં કે ઉનાળામાં કરેલા લગ્ન યાદ બહુ રહે છે. કેવા કારણથી તે તમે જાણો. ■

**વિચારવાયુઃ**

*સુખી થવું હોય તો જિંદગીમાં બે વસ્તુ ન કરવી*
*લવ મેરેજ ને એરેન્જ મેરેજ*

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ઓપનર્સ ઈલેવનઃ આઈપીએલની ટીમ ઈન્ડિયાને ભેટ

**ક્રિકેટની સૌથી લોકપ્રિય લીગ ટૂર્નામેન્ટે ભારતને અનેક ટૅલન્ટેડ ઓપનિંગ બૅટ્સમેન આપ્યાઃ સાઈ સુદર્શન અને પ્રિયાંશ આર્ય પણ હવે ટીમ ઈન્ડિયા માટે દાવેદાર છે**

ભારતીય ટીમમાં સારા ઓપનિંગ બૅટ્સમૅનની ઊણપ ક્યારેય નથી જોવા મળી. સુનીલ ગાવસકર, ફરોખ એન્જિનિયર, ચેતન ચૌહાણ, કે. શ્રીકાંત, નવજોત સિંહ સિધુ વગેરે મહાન ઓપનર્સના યુગ પછી અને સચિન તેન્ડુલકર, વીરેન્દર સેહવાગ, સૌરવ ગાંગુલી, ગૌતમ ગંભીર વગેરે દિગ્ગજોના જ સમયકાળમાં (૨૦૦૮માં) ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) શરૂ થઈ અને એ સાથે ભારતીય ટીમ માટે ટૅલન્ટેડ ઓપનર્સની જાણે ટંકશાળ પડી. લગભગ દરેક આઇપીએલે ટીમ ઇન્ડિયાને એક કે એક કરતાં વધુ કાબેલ અને ભરોસાપાત્ર ઓપનર આપ્યા છે. આ વખતે પણ એવું જ બની રહ્યું છે. ૨૦૨૫ની એટલે કે ૧૮મી આઇપીએલમાંથી એવા બે રત્ન મળ્યા છે જે સમય જતાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનું નામ જરૂર રોશન કરશે.

શિખર ધવન આઇપીએલનો સર્વશ્રેષ્ઠ ઓપનર કહેવાય છે. તેણે ૨૦૦૮માં દિલ્હી કૅપિટલ્સ વતી રમીને આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યાર પછી તે મુંબઈ ઇન્ડિયન્સ, ડેક્કન ચાર્જર્સ, સનરાઇઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વતી પણ રમ્યો હતો. આઇપીએલમાં ઓપનર તરીકે સૌથી વધુ ૬,૩૬૨ રન કરનાર શિખર આ સૌથી લોકપ્રિય ક્રિકેટ લીગના ઓપનર્સના લિસ્ટમાં શિખર પર છે. મિત્રો અને ચાહકોમાં 'ગબ્બર' તરીકે ઓળખાતા શિખર ધવને ૨૦૦૮માં આઇપીએલમાં રમવાનું શરૂ કર્યું અને ઓપનિંગમાં તેની ટૅલન્ટ પારખીને ૨૦૧૦માં તેને ટીમ ઇન્ડિયામાં પહેલી વાર સ્થાન મળ્યું હતું અને ત્યાર પછીની તેની શાનદાર કરીઅરથી આપણે સૌ વાકેફ છીએ. ૨૦૨૪માં પંજાબ કિંગ્સના ફ્રૅન્ચાઇઝીએ તેને ૮.૨૫ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. જોકે હવે તે નિવૃત્ત છે અને તાજેતરમાં જ ચૅમ્પિયન્સ ટ્રોફી વખતે આઇસીસીએ તેને 'બ્રૅન્ડ ઍમ્બેસેડર' બનાવ્યો હતો.

આઇપીએલના તમામ બૅટ્સમેનમાં વિરાટ કોહલી (૮,૧૯૦) પછી ૬,૦૦૦-પ્લસ રન સાથે બીજું સ્થાન ધરાવનાર શિખરને આઇપીએલમાંથી ભારતીય ટીમને ઓપનર તરીકે મળેલી સૌથી મોટી દેન ગણવામાં આવે છે. ત્યાર બાદ ટીમ ઇન્ડિયાને ઇશાન કિશન, શુભમન ગિલ, પૃથ્વી શૉ, ઋતુરાજ ગાયકવાડ, દેવદત્ત પડિક્કલ, સંજુ સૅમસન, કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલ જેવા યુવા ઓપનર આઇપીએલના સુપર પર્ફોર્મન્સ બાદ મળ્યા હતા.

**ઓપનર્સ ઈલેવનઃ નવ જાણીતા, બે નવા**

- ઇશાન કિશન
- શુભમન ગિલ
- પૃથ્વી શૉ
- ઋતુરાજ ગાયકવાડ
- દેવદત્ત પડિક્કલ
- સંજુ સૅમસન
- કેએલ રાહુલ
- યશસ્વી જયસ્વાલ
- અભિષેક શર્મા
- સાઇ સુદર્શન
- પ્રિયાંશ આર્ય



સાઇ સુદર્શનને ગુજરાત ટાઇટન્સે ૮.૫૦ કરોડ રૂપિયામાં અને પ્રિયાંશ આર્યને પંજાબે ૩.૮૦ કરોડમાં ખરીદ્યો છે

તમને યાદ હશે જ કે ગયા વર્ષે આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદ વતી ઓપનિંગમાં અભિષેક શર્મા ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો અને ત્યાર બાદ જુલાઈ ૨૦૨૪માં તે ભારત વતી પ્રથમ મૅચ રમ્યો હતો જેમાં ઝીરોમાં આઉટ થયા બાદ બીજી જ મૅચમાં ઐતિહાસિક સેન્ચુરી (૧૦૦ રન, ૪૭ બૉલ, આઠ સેન્ચુરી, સાત ફોર) ફટકારીને તેણે પોતાના સિલેક્શનને યોગ્ય સાબિત કર્યું હતું. આ વખતે આઇપીએલમાંથી વધુ બે યુવા ઓપનિંગ બૅટ્સમૅન મળ્યા છે. ગુજરાત ટાઇટન્સ (જીટી)નો બી. સાઇ સુદર્શન ભારત વતી ૨૦૨૩-'૨૪માં ચાર ઇન્ટરનૅશનલ મૅચ રમી ચૂક્યો છે, પરંતુ આ વખતની આઇપીએલમાં તેણે જે પર્ફોર્મ કર્યું એ જોતાં તેને સમય જતાં ભારત વતી વધુ મૅચો રમવા મળશે. જીટીની ટીમ આ વખતની આઇપીએલમાં શરૂઆતની પાંચમાંથી ચાર મૅચ જીતી છે અને એમાં સુદર્શનનું ચાર હાફ સેન્ચુરી સાથે બહુ મોટું યોગદાન છે. આ પાંચ મૅચમાં સુદર્શનના સ્કોર્સ આ મુજબ રહ્યા છેઃ ૭૪, ૬૨, ૪૯, પાંચ અને ૮૨ રન.

ઊંચા કદનો સુદર્શન ૨૩ વર્ષનો છે અને લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન છે. તે કોવિડ-૧૯ પછીના સમયકાળમાં તામિલનાડુ વતી ખૂબ સારું રમ્યો એટલે ડોમેસ્ટિક ક્રિકેટમાં છવાઈ ગયો હતો અને પછી તેને આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) ટીમમાં સ્થાન મળ્યું. ખાસ કરીને ૨૦૨૩ની આઇપીએલમાં ચેન્નઈ સામેની ફાઇનલમાં તેણે ૪૭ બૉલમાં ૯૬ રન કર્યા હતા અને ક્રિકેટજગતમાં છવાઈ ગયો હતો. સુદર્શનના મમ્મી તામિલનાડુના ભૂતપૂર્વ મહિલા વૉલીબૉલ ખેલાડી હતાં. સુદર્શનના પિતા ભારતના ભૂતપૂર્વ ઍથ્લીટ છે. સ્પોર્ટ્સપર્સન્સના આ પુત્રને નાનપણથી ક્રિકેટ રમવાનો ખૂબ શોખ હતો અને તામિલનાડુની ક્રિકેટમાં સ્થાનિક સ્તરે અને પછી રાજ્ય સ્તરે રમવાનો મોકો મળતાં તેણે અનેક સારા પર્ફોર્મન્સ આપ્યા હતા, ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં રમવાનો અનુભવ પણ લઈ આવ્યો અને ૨૦૨૨માં પહેલી વાર આઇપીએલ સુધી પહોંચ્યા બાદ ભારતીય ટીમના સ્તર સુધી પહોંચ્યો. સુદર્શનને જીટીની ટીમમાં ન્યૂ ઝીલૅન્ડના દિગ્ગજ ખેલાડી કેન વિલિયમસનની ગેરહાજરીમાં સ્થાન મળ્યું હતું. જીટીએ સુદર્શનને ૨૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદી લીધો હતો. ૨૦૨૨ની સીઝન સારી નહોતી રહી, પણ ૨૦૨૩માં તે ૩૬૨ રન સાથે જીટીના બૅટ્સમેનોમાં ત્રીજા નંબરે હતો. ૨૦૨૪ની આઇપીએલમાં સુદર્શન ૫૨૭ રન સાથે જીટીના બૅટ્સમેનોમાં મોખરે હતો. ૨૦૨૫ની સીઝન માટે જીટીના ફ્રૅન્ચાઇઝીએ તેને ૮.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

પંજાબ કિંગ્સે ૨૪ વર્ષીય લેફ્ટ-હૅન્ડ ઓપનર પ્રિયાંશ આર્યને ૩.૮૦ કરોડ રૂપિયામાં મેળવ્યો છે અને તેણે આઠમી એપ્રિલે મુલ્લાંપુરમાં સીએસકે સામેની મૅચમાં માત્ર ૪૨ બૉલમાં નવ સિક્સર અને સાત ફોરની મદદથી ૧૦૩ રન કરીને ટીમની સહ-માલિક પ્રીતિ ઝિન્ટા સહિતના તમામ માલિકોને તેમ જ ટીમના અસંખ્ય ચાહકોને ખુશ કરી દીધા હતા.

આશા રાખીએ આવનારા થોડા મહિનાઓમાં સુદર્શન અને સૂર્યાંશ, બન્ને લેફ્ટ-હૅન્ડ ઓપનર ભારતીય ટીમ વતી રમતા જોવા મળશે. ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# દેશમાં કંઈ પણ શુદ્ધ બચ્યું છે?



આ દેશમાં કંઈ જ શુદ્ધ નથી મળતું. જે લોકો ઘી શોધવા નીકળે છે, એમને શુદ્ધ ઘી નથી મળતું. એ લોકોની ફરિયાદ છે કે શુદ્ધ ઘીમાં ડાલડા ઘીની ભેળસેળ કરેલી હોય છે. જોકે , લોકો ડાલડા શોધવા નીકળે છે તો એમની ફરિયાદ છે કે લોકોને ડાલડા પણ શુદ્ધ નથી મળતું! અરે, 'જહાં ડાલ ડાલ પે સોને કી ચીડિયા કરતી હૈ બસેરા'- એવા દેશમાં હવે સોનું પણ શુદ્ધ નથી, મસાલા શુદ્ધ નથી, લોટ શુદ્ધ નથી અને મરવાનું વિચારીએ તો ઝેર પણ શુદ્ધ નથી હોતું!

એક સમય હતો કે આ દેશમાં શુદ્ધ દૂધની નદી વહેતી હતી. નદી નાની હતી

એટલે જેટલું પણ દૂધ એમાં વહીને આવતું, બધા લોકોમાં વહેંચાઈ જતું. પણ જ્યારે દૂધની ડિમાંડ વધવા લાગી ત્યારે દૂધના સપ્લાયમાં મુશ્કેલી થવા લાગી. લોકો આંદોલન કરી થાળી - વાટકા ઠોકવા લાગ્યા એટલે નેતાઓએ દૂધની નદી સાથે પાણીની નહેર જોડી દીધી ને કહ્યું, 'લો, ત્યારે! દૂધ હવે છૂટથી મળશે' એટલે બિચારી ભોળી પ્રજા ખુશ અને દૂધના ભાવ પણ ઓછા! ત્યારથી ભારતીય અર્થશાસ્ત્રમાં એક નિયમ બની ગયો કે ભાવ ઘટાડવા હોય તો વસ્તુઓમાં ભેળસેળ કરવા માંડો!

જો કે દેશના વેપારીઓ વર્ષોથી આ મહાન નિયમનું પાલન કરી રહ્યા છે. દૂધની નદીમાં પાણી વધતું ગયું અને થોડા દિવસો પછી દૂધ ગાયબ જ થઈ ગયું ને માત્ર પાણી જ રહી ગયું! લોકો બૂમ પાડવા લાગ્યા અરે ભાઈ, દૂધ છોડો, શુદ્ધ પાણી પણ મળી જાય તો ભયો ભયો!'

જો કે અફસોસ કે હવે આ દેશમાં પાણી પણ શુદ્ધ નથી રહ્યું!

બીજી બાજુ, આજકાલ ફિલ્મોમાં કલાકારો શુદ્ધ નથી મળતા. જ્યાં જોખમવાળું કામ હોય ત્યાં સલમાન કે શાહરૂખની જગ્યાએ એમના ડુપ્લિકેટ કલાકાર એ સ્ટંટનું કામ કરે છે અને આપણે આખી ફિલ્મ સલમાને જ કરી છે એવું વિચારીને ખુશ થઈએ છીએ. આપણને એવું જ લાગે કે પર્વતની ટોચ પર સલમાન પોતે લટકી રહ્યો છે. બધા દર્શકો હાથ જોડીને પ્રાર્થના કરે કે- 'હે પ્રભુ, સલમાનની રક્ષા કરજો.' પણ ત્યારે સલમાન તો પોતાના ઘરે આરામથી ખુરશી પર બેઠો હોય છે.

હવે ભારતીય હીરોઈનો પણ શુદ્ધ નથી રહી. થોડા દિવસો પહેલા જ વાંચ્યું હતું કે ફિલ્મોના સેક્સ સીનમાં હીરોઈનનાં પગની જગ્યાએ બીજા કોઈના પગ બતાડવામાં આવશે. આપણા ૧૩૫ કરોડના દેશમાં હીરોઈનો ઓછી છે અને પગ ઘણા છે એટલે એમાં પણ મિલાવટ થઈ રહી છે. હીરોઈનો કોસ્મેટિક ઓપરેશન કરાવીને પોતાનું ફિગર સેક્સી બનાવે છે. એટલે એ નાયિકાઓનું ફિગર પણ હવે ૧૦૦ ટકા શુદ્ધ નથી...છોડો., એમાં આપણાં કેટલા ટકા?

આ બાજુ રાજકારણમાં જોઈએ તો, સમ ખાવા પૂરતો એક શુદ્ધ નેતા મેળવવો મોટી ચેલેંજ છે. સત્તાધારી પક્ષને જવા જ દો, વિપક્ષમાં બેઠેલા નેતાઓ પણ શુદ્ધ નથી હોતા, કોઈ સ્કેમ હોય કે બીજાના ગોટાળા હોય, એવામાં રાજકારણમાં શુદ્ધતા ક્યાંથી આવે?

અરે! બીજી બધી વાત છોડો 'ફિલ્મનું એક ગીત શુદ્ધ નથી મળતું,' એને પણ વિશાલ-શેખર કે અજય-અતુલ જેવા બે લોકો મળીને બનાવે છે અને એ પણ જૂનાં ગીતોનું રિમિક્સ!

એક દિવસ મેં સમાચાર વાંચ્યા કે, જે આ સુપ્રસિદ્ધ પહેલવાન ખલિ છે, એ પણ શુદ્ધ નથી. અસલી ખલિ તો બીજું કોઈ છે! હવે આ સમાચાર સાચા છે કે ખોટા કોને ખબર? કારણ કે આજકાલ શુદ્ધ સમાચાર પણ ક્યાં વાંચવા મળે છે? ક્યારેક એમાં અફવાઓ, ક્યારેક હળાહળ જુઠ્ઠો પ્રચાર એમાં ભળે છે! પણ સમાચાર વાંચીને મને બહુ દુઃખ થયું. ઠીક છે કે એકવાર શુદ્ધ લેખક કે કવિ ના મળે તો આ દેશ સહન કરી શકે, કારણ કે કવિતામાં રોદણાં જ હોય છે, તો એ તો કોઈ પણ રડી લેશે,

પણ પહેલવાનનો એક જોરદાર મુક્કો, જે દરેક સમસ્યાનો છેલ્લો ઉપાય છે, એ શુદ્ધ નહીં રહે તો તો દેશ આગળ ક્યાંથી વધી શકે?

નેતા છોડો, પણ ૧૪૦ કરોડ લોકોમાં એક પહેલવાન તો કમ સે કમ શુદ્ધ મળવો જોઈએને!

આજકાલ શુદ્ધ ચિંતન પણ ક્યાં થાય છે? કોઈ સરકારી ઓફિસર ચિંતા કરે તો એમાં પ્રમોશનનું સપનું ભળેલું હોય છે કે પછી કોઈ નેતા જો ચિંતા કરે તો એના પક્ષના હિત માટે કે ઇલેક્શન પૂરતી જ હોય છે એટલે શુદ્ધ ચિંતાની કલ્પના પણ આ દેશમાં વ્યર્થ છે

કોઈ વસ્તુ શુદ્ધ નથી રહી આ દેશમાં એમ જોરથી ચીસો પાડવાની ઈચ્છા થાય છે, પરંતુ એ પણ ક્યાં શુદ્ધ રહી છે? દરેક ચીસમાં આત્મપ્રચાર મળી ગયા છે. જે દુઃખી છે, લાચાર છે, એમના નિસાસામાં ટ્રેડ યુનિયન મળી ગયું છે. બધા રડવાવાળા ચીસ પાડવાવાળા શુદ્ધ રીતે દુઃખી નથી હોતા. આ દેશમાં શુદ્ધ આંસુ નથી મળતા. હસવાનું પણ શુદ્ધ નથી, એમાં સ્વાર્થ મળેલો છે. તન શુદ્ધ નથી, મન શુદ્ધ નથી,

અરે ! આત્માં પણ શુદ્ધ નથી.

બોલો, મિત્રો! આપણે આમાં શું કરી શકીએ? બસ આપણાથી એક શુદ્ધ ફ્રોડ કરી શકાય, શુદ્ધ ગુંડાગીરી કરીએ અને દેશનું સમ્માન જાળવી રાખવા માટે સાચા રાષ્ટ્રપ્રેમી તરીકે આપણી બધી જ વસ્તુઓને શુદ્ધ ઘોષિત કરી નાખીએ! એટલે વાત જ ખતમ! ઘી, દૂધ, મસાલા, હીરોઇન, પહેલવાન ખલિ, આઇટેમ ગર્લ, મન, આત્મા, ચીસ, હસવાનું, દુઃખ, કવિતા, છાપું, આંસુ બધું એકદમ ૧૦૦ ટકા શુદ્ધ જ છે એવું કહી દઈએ, એટલે વાત પતે! ■

વિશેષ

નમ્રતા નદીમ
feedback@bombaysamachar.com

# હવે બાળકોનો ઉછેર કરી રહ્યાં છે દાદા-દાદી કે નાના-નાની

આજકાલ સોશિયલ મીડિયા પર એવા ઘણાં નાના-નાની અને દાદા-દાદી છે જેઓ માત્ર પોતાના દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ સ્થાયી થયેલા તેમના પુત્ર કે પુત્રીનાં બાળકોના ઉછેરની જવાબદારી ઉપાડી રહ્યાં છે. જ્યારે તેમના પુત્ર - પુત્રવધૂ અથવા દીકરી અને જમાઇ નોકરી પર જાય છે, ત્યારે તેઓ ઘરે રહીને બાળકોની સંભાળ રાખવાની સાથે જીવન સાથે અને બાળકોના ઉછેર સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર લોકો સાથે વાર્તાલાપ કરે છે અને તેમની ચેનલો દ્વારા તેમના વિશાળ ફેન ફોલોઈંગ સાથે, વિદેશમાં સ્થાયી થયેલાં તેમનાં બાળકો, પૌત્રો વિશેની માહિતી શેર કરે છે ઉપરાંત તેમના માટે આ સમય પસાર કરવાનું અને મનોરંજનનું એક માધ્યમ બની ગયું છે.



જીવનમાં એક સમય એવો હતો જ્યારે દાદા-દાદી કે નાના-નાની વિનાના કુટુંબની કલ્પના કરવી મુશ્કેલ હતી. વધતા શહેરીકરણ, ગામડાઓમાંથી લોકોનું શહેરો તરફ સ્થળાંતર અને વધતા નાના પરિવારોને કારણે દાદા-દાદી, નાના-નાની પાછળ રહી ગયાં છે. પરંતુ હવે પતિ-પત્ની બંને નોકરી કરતા હોવાથી દિવસભર તેમની ગેરહાજરીમાં બાળકોની એકલતાની સમસ્યાને ઉકેલવા માટે કામ કરતા પતિ - પત્નીએ હવે ફરીથી દાદા-દાદી, નાના-નાની છત્રછાયામાં બાળકોના ઉછેરને યોગ્ય ગણવાનું શરૂ કર્યું છે. છૂટાછેડાની વધતી જતી સંખ્યા, સિંગલ પેરેન્ટિંગ, છૂટાછેડા પછી એક જીવનસાથીનું અલગ થવું, બંનેના પુનર્લગ્ન, કારકિર્દીમાં વ્યસ્તતા અને અન્ય ઘણાં કારણોને લીધે, ઘણા પરિવારોમાં બાળકોના ઉછેરની જવાબદારી દાદા-દાદી અને નાના-નાની પર આવી જાય છે.

ઉદાહરણ તરીકે વંશિકાને લો, તેના પતિથી અલગ થયા પછી, તે તેના પિયરે રહેવા આવી. કોર્ટમાં છૂટાછેડાનો કેસ ચાલી રહ્યો છે. વંશિકા પોતે કામ કરે છે. તેના પિતા ઉચ્ચ પદના સરકારી કર્મચારી હતા. નિવૃત્તિ પછી, તેઓ અને તેમની પત્ની વંશિકાની દીકરીના ઉછેરની જવાબદારી સંભાળી રહ્યાં છે. ૫૮ વર્ષીય તેની માતા કહે છે કે જ્યારે હું મારી દીકરીની દીકરી સાથે સાંજે પાર્કમાં જાઉં છું, ત્યારે મારા જેવી બીજી ઘણી મહિલાઓ હોય છે જે ગામડામાં પોતાનું ઘર છોડીને પોતાના પૌત્ર-પૌત્રીઓના ઉછેરની જવાબદારી ઉપાડી રહી છે. તેમની સાથે હું ગપસપ કરું, અમે એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું છે. સવારે બાળકોને શાળાએ મોકલ્યા પછી અમે પાર્કમાં આવીએ છીએ, ત્યાં સુધીમાં દીકરી અને જમાઈ તૈયાર થઈ જાય, જમવાનું તૈયાર કરે અને ઓફિસે જતા રહે છે. અમે સવારમાં જ ઘરની બહાર નીકળી શકીએ છીએ. અહીં અમે લોકોને મળીને ખુશ છીએ. અમારું ચાલવાનું પણ થઇ જાય છે અને અમે નિવૃત્તિ પછી નિષ્ક્રિય નથી બેઠા એ વાતની અનુભૂતિ પણ થાય છે. અમારો સમય બાળકો સાથે હસતાં-રમતાં પસાર કરીએ છીએ અને કંટાળો પણ નથી આવતો. દિવસ દરમિયાન, અમે કમ્પ્યુટર શીખીને ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર અમારો સમય પસાર કરીએ છીએ. આમ તેમનું કામ પણ થાય છે અને અમે પણ અમારાં બાળકો સાથે રહી શકીએ છીએ.

દાદા-દાદીની દેખરેખ હેઠળ ઉછરેલાં બાળકો હવે તેમની કંપનીમાં જીવનને લગતી ઘણી રમતો અને પ્રવૃત્તિઓ શીખે છે. તેમને પણ તેમની કંપની ગમે છે. કેનેડામાં રહેતાં શ્રીમતી અરોરા તેમની પૌત્રીને રસોઈ કરતા શીખવી રહી છે. શ્રીમતી અરોરા, જેઓ સીવણ, ગૂંથણકામ અને ભરતકામમાં નિપુણ છે, આ જૂના શોખ જે તેઓ તેમનાં બાળકોના ઉછેરની વ્યસ્તતામાં ભૂલી ગયા હતા, તેમની પૌત્રીના બહાને નવા સ્વરૂપમાં સામે આવી રહ્યા છે. તેમણે પોતે પણ ક્રોશેટ અને ભરતકામની નવી ડિઝાઇન ઓનલાઈન શીખવાનું શરૂ કર્યું છે. તે કહે છે કે અમારા સંબંધીઓ અમને વારંવાર ટોણા મારતા હતા કે અમારી પુત્રવધૂ અમને તેમના બાળકને ઉછેરવા માટે ભારતથી ત્યાં લઈ ગઈ છે. પણ અમે એવું માનતા નથી. અમે પતિ-પત્નીને લાગે છે કે અમે તેમની કોઈ ઉપકાર નથી કરી રહ્યા. આ માટે ન તો અમે અમારા સ્વાસ્થ્યનું બલિદાન આપી રહ્યા છે, ઉલટું બાળકો સાથે અમારો સમય કેવી રીતે પસાર થઈ જાય છે તેનો અમને ખ્યાલ પણ નથી આવતો. આનાથી અમે ઘણા ખુશ છીએ.

સોશિયલ મીડિયાના આ યુગમાં, મજબૂરીને લીધે, આજે જે દાદા-દાદી નાના-નાની જેવા સંબંધો જે છેલ્લાં કેટલાક વર્ષોથી હાંસિયામાં ધકેલાઈ ગયા હતા, તેની આજની પેઢીએ કિંમત ઓળખી છે. આપણાં વડીલો, આપણાં બાળકોનાં દાદા-દાદી કે નાના-નાની બાળકો માટે જે કંઈ કરી રહ્યા છે, તે કરવું સહેલું નથી. જો આપણે આપણાં બાળકોને પૈસા દઇને બીજાની દેખભાળમાં છોડી દઈએ અથવા તેમની સંભાળ રાખવા માટે કોઈ આયા રાખીએ, તો આપણે તેમના પર કેટલો વિશ્વાસ કરવો જોઈએ? આપણાં માતાપિતાનો બાળકો સાથે લોહીનો સંબંધ છે, બાળકોને પણ ગમે છે અને માતા-પિતા પણ આપણી સાથે રહે છે. તેઓ આપણી અને આપણે તેમની સારી રીતે કાળજી લઈ શકીએ છીએ. આમ ગમે તે હોય, દાદા દાદી કે નાના નાની એ આપણા કુટુંબનો મજબૂત સ્તંભ છે અને બાળકો માટે એક મોટું રક્ષણાત્મક કવચ છે. ■

# રેસિપ્રોકલ ટેરિફમાં નેવું દિવસની રાહત મળતા શૅરબજારમાં તેજી, નિફ્ટી ફરી ૨૨,૮૦૦ની સપાટીની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: અમેરિકા દ્વારા ભારત પર વધારાના ૨૬ ટકા ટેરિફને ૯૦ દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાતને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે, વૈશ્વિક સ્તરની અનિશ્ચિતતા યથાવત રહી હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટીએ સપ્તાહના છેલ્લા દિવસે આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ ૧૬૦૦ પોઇન્ટ જેટલા ઉછાળા બાદ ૧૩૦૦ પોઇન્ટના વધારા સાથે સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨,૮૦૦ની ઉપર બંધ રહ્યો હતો.

વિશ્વબજારમાં નરમાઇ હોવા છતાં સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૬૨૦.૧૮ પોઇન્ટ અથવા તો ૨.૧૯ ટકાના ઉછાળા સાથે ૭૫,૪૬૭.૩૩ની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૧૩૧૦.૧૧ પોઇન્ટ અથવા તો ૧.૭૭ ટકાના સુધારા સાથે ૭૫,૧૫૭.૨૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. એ જ રીતે, એનએસઇનો નિફ્ટી બેન્ચમાર્ક ૫૨૪.૭૫ પોઇન્ટના ઉછાળા સાથે ૨૨,૯૨૩.૯૦ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાઇને અંતે ૪૨૯.૪૦ પોઇન્ટ અથવા તો ૧.૯૨ ટકાના સુધારા સાથે ૨૨,૮૨૮.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ, એનટીપીસી, કોટક મહિન્દ્રા બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને અદાણી પોર્ટ ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે એશિયન પેઇન્ટ અને ટીસીએસ ટોપ લુઝર્સમાં હતા. ડચ જોબમાં કાપ મુકવાને કારણે ટાટા સ્ટીલના શેરમાં છ ટકા સુધીનો, યુએસ કોર્ટે ઓટોઇમ્યુન દવા પરના પ્રતિબંધો હટાવ્યા પછી સન ફાર્માના શેરમાં પાંચ ટકા સુધીનો, યુએસએફડીએ દ્વારા કેન્સર દવા માટે મંજૂરી મળ્યા પછી બાયોકોનના શેરમાં લગભગ છ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. સિપ્લાને જેનેરિક કેન્સર ડ્રગ્સ માટે યુએસએફડીએની મંજૂરી હોવાનું કંપનીએ એક્સચેન્જને જણાવ્યું છે.

એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર સોલ્યુશન્સ અને સર્વગ્રાહી આઇટી સર્વિસ પ્રોવાઇડર, પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડએ ભારતની અગ્રણી રેટિંગ એજન્સીઓમાંથી એક પાસેથી રૂ. ૧૧.૧૮ કરોડના મૂલ્યનો સર્વિસ ઓર્ડર મેળવ્યો હોવાનું જાહેર કર્યું છે. કંપની મલ્ટિપલ મિશન ક્રિટીકલ એપ્લિકેશનો માટે એપ્લિકેશન ડેવલપમેન્ટ અને મેન્ટેનન્સ સર્વિસ પુરી પાડશે.

ખાતર ક્ષેત્રના પ્રોજેક્ટ્સ માટે નુવો પિગ્નોન સાથે ૧૦ વર્ષના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા પછી ભેલના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. યુરો ૫૦ મિલિયન કોસ્ટ ઑપ્ટિમાઇઝેશન ડ્રાઇવની જાહેરાત કર્યા પછી સંવર્ધન મધરસનના શેરમાં છ ટકા સુધીનો, નેધરલેન્ડ્સની નિષ્ક્રિય પેટાકંપનીના લિક્વિડેશન પછી ઝોમેટોના શેરમાં લગભગ ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

ટીસીએસએ માર્ચ ક્વાર્ટરમાં ૧.૬૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૨,૨૨૪ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કંપની બોર્ડે કંપનીના દરેક એક રૂપિયાના ઇક્વિટી શેર દીઠ રૂ. ૩૦ના અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. અજમેરા રિઅલ્ટીનું ચોથા ક્વાર્ટરનું સેલ્સ બુકિંગ ૧૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૫૦ કરોડ નોંધાયું છે.



બજારના સાધનોએ જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફ પર અણધાર્યા વિરામથી રાહત મળી હતી, જોકે આઇટી મેજર ટીસીએસનું પરિણામ બજારના અંદાજો કરતાં નબળું રહ્યું હતું. પરંતુ ઓર્ડર બુકમાં વૃદ્ધિને કારણે નાણાકીય વર્ષ ૨૬ના ઉત્તરાર્ધમાં આશાવાદ દેખાય છે. વૈશ્વિક સ્તરે શેર અને બોન્ડમાં ઘટાડો ચાલુ રહ્યો અને ડોલર ત્રણ વર્ષમાં તેના સૌથી મોટા ઘટાડા પછી વધુ ઘટ્યો હતો. ટોક્યો સમય મુજબ સવારે ૧૦:૦૨ વાગ્યા સુધીમાં એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ૧.૩૦ ટકા, હેંગ સેંગ ફ્યુચર્સ ૦.૫૦ ટકા, નિકેઈ ૨૨૫ ફ્યુચર્સ (ઓએસઈ) ૫.૪ ટકા, જાપાનનો ટોપિક્સ પાંચ ટકા, ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી, એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૨.૧૦ ટકા અને યુરો સ્ટોક્સ ૫૦ ફ્યુચર્સ ૦.૭૦ ટકા તૂટ્યો હતો.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા વિવાદ પછી ટેરિફ વધારો ૯૦ દિવસ માટે મુલતવી રાખવાની જાહેરાત કર્યા બાદ ગુરુવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઉછાળો આવ્યો હતો.

જાપાન, કોરિયાથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી એશિયાઇ અને યુરોપના શેરબજારમાં તેજી જોવા મળી હતી. ભારતીય શેરબજાર મહાવીર જયંતિને કારણે બંધ રહ્યું હોવાથી આ દિવસની રેલી ચૂકી ગયું હતું. જોકે, શુક્રવારે ભારતીય બજારમાં ઉછાળો નોંધાયો હતો.

બપોરના સત્ર દરમિયાન ક્ષેત્રીય વલણોમાં, નિફ્ટી ફાર્મા અને મેટલ ઇન્ડેક્સ ત્રણ ટકાથી વધુ વધ્યા હતા જ્યારે નિફ્ટી ઓટો અને હેલ્થકેરમાં બે ટકાથી વધુ સુધારો હતો. નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ, આઇટી, પીએસયુ બેંક, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ પણ એકાદ બે ટકાના સુધારા સાથે ખુલ્યા હતા.

વ્હાઇટ હાઉસના એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, અમેરિકાએ આ વર્ષે ૯ જુલાઈ સુધી ૯૦ દિવસ માટે ભારત પર વધારાના ટેરિફ સ્થગિત કરવાની જાહેરાત કરી છે. અગાઉ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલે અમેરિકામાં માલ નિકાસ કરતા લગભગ ૬૦ દેશો પર સાર્વત્રિક ડ્યુટી અને ભારત જેવા દેશો પર વધારાની ભારે જકાત લાદવાની જાહેરાત કરી હતી.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ચીની નિકાસ પર ૧૪૫ ટકા જકાત લાદવાના બદલામાં ચીને શુક્રવારે અમેરિકાથી આયાત પર વધારાના ટેરિફ વધારીને ૧૨૫ ટકા જાહેર કરી હતી. તીવ્ર તેજી પછી ગુરુવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે બંધ થયા હતા. નાસ્ડેક કમ્પોઝિટ ૪.૩૧ ટકા, એસ એન્ડ પી ૫૦૦ ઇન્ડેક્સ ૩.૪૬ ટકા અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૨.૫૦ ટકા ઘટ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૪,૩૫૮.૦૨ કરોડના ઇક્વિટી શેરોનું વેચાણ કર્યું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૩૨ ટકા વધીને ૬૩.૫૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. બુધવારે, બીએસઇ બેન્ચમાર્ક ૩૭૯.૯૩ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા ઘટીને ૭૩,૮૪૭.૧૫ પર સ્થિર થયો. નિફ્ટી ૧૩૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા ઘટીને ૨૨,૩૯૯.૧૫ પર બંધ થયો.

# ઈક્વિટી માર્કેટમાં ઉછાળો અને ડૉલર નબળો પડતાં રૂપિયો ૫૬ પૈસા ઊંચકાયો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે મજબૂત વલણ અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત સહિતના અન્ય દેશો પરની ૨૬ ટકા રેસિપ્રોકલટૅરિફ આગામી નવમી જુલાઈ સુધી મોકૂફ રાખતાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષમાં પહેલી વખત ૧૦૦ની નીચેની સપાટીએ પહોંચતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૬ પૈસાના ઉછાળા સાથે ૮૬.૧૨ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૮૬.૬૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૨૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૨ અને ઉપરમાં ૮૫.૯૫ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૫૬ પૈસાના સુધારા સાથે ૮૬.૧૨ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ગુરુવારે બજાર મહાવીર જયંતી નિમિત્તે બંધ રહી હતી. એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતાં ત્રણ વર્ષ પછી પહેલી વખત ૧૦૦ની સપાટીની અંદર ઊતરી જતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાલીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી સોમવારે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૭૫થી ૮૬.૨૫ આસપાસની રહે તેવી શક્યતા જણાય છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૧.૫૨ ટકાના કડાકા સાથે ૯૯.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩૧૦.૧૧ પૉઈન્ટની અને ૪૨૯.૪૦ પૉઈન્ટની તેજી જોવા મળી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૮ ટકા વધીને બૅરલદીઠ ૬૩.૩૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગત બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૩૫૮.૦૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો સિમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# ડૉલર નબળો પડતા વિશ્વ બજાર પાછળ ધાતુમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષનાં લાંબા સમયગાળા પછી પહેલી વખત ૧૦૦ની નીચી સપાટીએ પહોંચવાની સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ સતત સાતમાં સત્રમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ કિલોદીઠ રૂ. ૫૩નો ઘટાડો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં આગેકૂચ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૫૧ સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ટનદીઠ ૮૯૫૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જડૉલર નબળો પડ્યો હોવાથી અન્ય ધાતુઓમાં પણ માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી જળવાઈ રહેલી લેવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૫૧ વધીને ૧૩૪૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૮૫૨, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૮૧૨, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૮૨૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૦૪, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૮૨, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૫૭૮ અને રૂ. ૫૩૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૩૮ અને રૂ. ૨૫૯ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૪૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સતત સાતમાં સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૫૩ના ઘટાડા સાથે રૂ. ૨૭૫૫ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નબળા પરિણામ પછી ટીસીએસના શૅરમાં અફડાતફડી

નવી દિલ્હી: દેશની સૌથી મોટી આઇટી સર્વિસીસ કંપની ટાટા કન્સલ્ટિન્સી સર્વિસીસ (ટીસીએસ)ના માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૧.૭ ટકાનો ઘટાડો નોંધાયા બાદ શુક્રવારે તેનો શેર અફડાતફડીમાં અટવાઇને ફ્લેટ નોટ સાથે બંધ થયો હતો. નબળા પરિણામ છતાં સકારાત્મક શરૂઆત સાથે આ કંપનીના શેર શેરબજારમાં અસ્થિર વલણોનો સામનો કરી રહ્યા હતા. એક સમયે, બીએસઇ પર શેર ૧.૬૧ ટકા વધીને દિવસના ઉચ્ચતમ સ્તર રૂ. ૩,૨૯૮.૪૦ પર પહોંચ્યો હતો. પરંતુ, બાદમાં તે દિવસ દરમિયાન ૧.૨૫ ટકા ઘટીને રૂ. ૩,૨૦૫.૨૫ની નીચી સપાટીને અથડાયો હતો. આ આઇટી અગ્રણી શેર પાછળથી ૦.૪૩ ટકાના ઘટાડા સાથે રૂ. ૩,૨૩૨.૩૦ પર બંધ થયો હતો. એનએસઇ પર આ શેર ૦.૨૬ ટકા ઘટીને રૂ. ૩,૨૩૮ પર બંધ થયો હતો. સત્ર દરમિયાન તે રૂ. ૩,૨૯૮.૯૫ની ઉચ્ચતમ સપાટી અને રૂ. ૩,૨૦૬ની નીચી સપાટીને અથડાયો હતો.

# માર્ચમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોના આંતરપ્રવાહમાં ૧૪ ટકાનો ઘટાડો

નવી દિલ્હી: ગત માર્ચ મહિનામાં ઈક્વિટી માર્કેટમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી ઈક્વિટી સંલગ્નિત મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ ૧૪ ટકા ઘટીને રૂ. ૨૫,૦૮૨ કરોડની સપાટીએ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે આ સાથે જ સતત ત્રીજા મહિનામાં ઈક્વિટી ફંડોના આંતરપ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં સતત ૪૯માં મહિનામાં રોકાણકારોનો ઈક્વિટીમાં ચોખ્ખો આંતરપ્રવાહ જળવાઈ રહ્યો છે.

એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ની આંકડાકીય માહિતી અનુસાર ગત માર્ચ મહિનામાં ઈક્વિટી સંલગ્નિત મ્યુચ્યુઅલ ફંડોમાં રૂ. ૨૫,૦૮૨ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો જે ફેબ્રુઆરી મહિનાના રૂ. ૨૯,૩૦૩ કરોડ, જાન્યુઆરી મહિનાના રૂ. ૩૯,૬૮૮ કરોડ અને ડિસેમ્બર મહિનાના રૂ. ૪૧,૧૫૬ કરોડનાં આંતરપ્રવાહની સરખામણીમાં ઓછો છે. ગત માર્ચ મહિનામાં ઈક્વિટી ફંડોની કેટેગરી અંતર્ગત ફ્લેક્સીકેપ ફંડમાં સૌથી વધુ રૂ. ૫૧૬૫ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો. જોકે, ગત ફેબ્રુઆરી મહિનામાં સૌથી વધુ સેક્ટરલ/થીમેટિક ફંડોમાં રૂ. ૫૭૧૧ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો, પરંતુ ગત માર્ચ મહિનામાં પ્રવાહ ઘટીને રૂ. ૭૩૫ કરોડની સપાટીએ રહ્યો હતો. આ નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે કે રોકાણકારોમાં ગ્રાહકનાં વલણમાં આવેલો બદલાવ દર્શાવે છે કે રોકાણકારો વૈવિધ્યસભર અને ફ્લેક્સિબલ રોકાણ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

એમ્ફીની આંકડાકીય માહિતી અનુસાર ગત માર્ચ મહિનામાં મિડકેપ અને સ્મોલકેપ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણકારોનું આકર્ષણ જળવાઈ રહેતાં અનુક્રમે રૂ. ૩૪૩૯ કરોડ અને રૂ. ૪૦૯૨ કરોડનો આંતરપ્રવાહ જળવાઈ રહ્યો હતો. જે ગત ફેબ્રુઆરી મહિનાના અનુક્રમે રૂ.૩૪૦૬ કરોડ અને રૂ. ૩૭૨૨ કરોડના રોકાણ સામે વૃદ્ધિ દર્શાવે છે. તેમ જ ગત માર્ચ મહિનામાં લાર્જકેપ ફંડોમાં આંતરપ્રવાહ આગલા ફેબ્રુઆરી મહિનાના રૂ. ૨૮૬૬ કરોડના આંતરપ્રવાહ સામે ઘટીને રૂ. ૨૪૭૯ કરોડની સપાટીએ રહ્યો હતો.

જોકે, ગત ફેબ્રુઆરી મહિનામાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં જોવા મળેલા રૂ. ૧૯૮૦ કરોડના આંતરપ્રવાહ સામે ગત માર્ચ મહિનામાં રૂ. ૭૭ કરોડનો બાહ્યપ્રવાહ જોવા મળ્યો હતો. આ સિવાય ડેબ્ટ ફંડોમાં ગત ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૬૫૨૫ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યા બાદ ગત માર્ચ મહિનામાં રૂ. ૨.૦૨ લાખ કરોડનો બાહ્ય પ્રવાહ રહ્યો હતો.

એકંદરે ગત માર્ચ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોમાં કુલ રૂ. ૧.૬૪ લાખ કરોડનો બાહ્યપ્રવાહ જોવા મળ્યો છે, જ્યારે આ પૂર્વેના ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૪૦,૦૦૦ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો. વાસ્તવમાં ગત માર્ચ મહિનામાં એકંદરે બાહ્યપ્રવાહ જોવા મળ્યો હોવા છતાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ આગલા માર્ચ મહિનાના રૂ. ૬૪.૫૩ લાખ કરોડ સામે વધીને રૂ. ૬૫.૭ લાખ કરોડની સપાટીએ રહી હોવાનું એમ્ફીએ યાદીમાં ઉમેર્યું હતું.

# મેટલ શૅરોની આગેવાનીમાં રોકાણકારોની સંપત્તિમાં પાંચ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

અમેરિકન વહીવટીતંત્રએ આપેલી નેવું દિવસની રાહત પછી સ્થાનિક બજારમાં નવી લેવાલીનો ટેકો મળતાં શુક્રવારે તેજીનો માહોલ રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો. મેટલ શેરોની આગેવાનીમાં રોકાણકારોની સંપત્તિમાં લગભગ પાંચ લાખ કરોડનો ઉમેરો નોંધાયો છે.


શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૩,૮૪૭.૧૫ના બંધથી ૧,૩૧૦.૧૧ પોઈન્ટ્સ (૧.૭૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૮૩૫.૪૯ ખૂલીને ઉપરમાં ૭૫,૪૬૭.૩૩ સુધી અને નીચામાં ૭૪,૭૬૨.૮૪ સુધી જઈને અંતે ૭૫,૧૫૭.૨૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૯૬.૫૭ લાખ કરોડથી રૂ. ૪.૯૯ લાખ કરોડ વધીને રૂ. ૪૦૧.૫૬ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે બે સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૦૭૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૩,૧૧૫ સ્ટોક્સ વધ્યા હતા, ૮૪૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: ગઈકાલે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના નિર્દેશો હતા. તેમ જ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ સ્થાનિકમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૨થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૫થી ૩૯૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૫થી ૩૯૮૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# માર્ચમાં વનસ્પતિ તેલની આયાત ૧૬ ટકા ઘટીને ૯.૯૮ લાખ ટન

નવી દિલ્હી: ગત માર્ચ મહિનામાં દેશમાં વનસ્પતિ તેલની આયાતમાં ખાસ કરીને ક્રૂડ સનફ્લાવર તેલની આયાતમાં તિવ્ર ઘટાડો થવાથી કુલ આયાત ૧૬ ટકા ઘટીને ૯.૯૮ લાખ ટનની સપાટીએ રહી હોવાનું સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગ સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનની યાદીમાં જણાવ્યાનુસાર ગત માર્ચ મહિનામાં વનસ્પતિ તેલની આયાત માર્ચ, ૨૦૨૪ના ૧૧,૮૨,૧૫૨ ટન સામે ૧૬ ટકા ઘટીને ૯,૯૮,૩૪૪ ટનની સપાટીએ રહી છે. જેમાં ખાદ્યતેલની આયાત માર્ચ, ૨૦૨૪ના ૧૧,૪૯,૬૮૧ ટન સામે ઘટીને ૯,૭૦,૬૦૨ ટનની સપાટીએ રહી છે. એકંદરે ગત માર્ચ મહિનામાં ક્રૂડ સનફ્લાવર તેલની આયાત માર્ચ, ૨૦૨૪ના ૪,૪૫,૭૨૩ ટન સામે ઘટીને માત્ર ૧,૯૦,૬૪૫ ટનની સપાટીએ રહી હોવાથી આયાતમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હોવાનું યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત માર્ચ મહિનામાં અખાદ્ય તેલની આયાત પણ ઘટીને ૨૭,૭૪૨ ટન (૩૨,૪૭૧ ટન)ના સ્તરે રહી છે.

વધુમાં એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત નવેમ્બરથી શરૂ થયેલી વર્તમાન તેલ મોસમનાં પહેલા પાંચ મહિનામાં કુલ વનસ્પતિ તેલની આયાત ગત મોસમના સમાનગાળાના ૫૮,૩૦,૧૧૫ ટન સામે ઘટીને ૫૮,૦૬,૧૪૨ ટનની સપાટીએ રહી છે. આ સમયગાળામાં થયેલી કુલ ખાદ્યતેલની આયાતમાં આરબીડી પામોલિનની આયાત ગત સાલના સમાનગાળાના ૮,૮૬,૬૦૭ ટન સામે ઘટીને ૬,૬૨,૮૯૦ ટન અને ક્રૂડ તેલની આયાત ગત સાલના સમાનગાળાના ૪૮,૭૮,૬૨૫ ટન સામે વધીને ૪૯,૭૬,૭૮૭ ટનની સપાટીએ રહી હતી.

નવેમ્બર, ૨૦૨૪થી માર્ચ, ૨૦૨૫ દરમિયાન પામતેલની આયાત ગત સાલના સમાનગાળાના ૩૫,૨૯,૮૩૯ ટન સામે તિવ્રતાથી ઘટીને ૨૪,૧૫,૫૫૬ ટનની સપાટીએ રહી હતી, જ્યારે સોફ્ટ તેલની આયાત ગત સાલના સમાનગાળાના ૨૨,૩૫,૩૯૪ ટન સામે ઉછળીને ૩૨,૨૪,૧૨૧ ટનની સપાટીએ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશમાં આરબીડી પામોલિન અને ક્રૂડ પામતેલની આયાત મુખ્યત્વે ઈન્ડોનેશિયા અને મલયેશિયાથી થાય છે.

# આરબીઆઇની જાહેરાત પછી મુથૂટ ફાઇનાન્સમાં કડાકો

મુંબઇ: મુથૂટ ફાઇનાન્સનો શેર શુક્રવારે બીએસઇ પર સત્ર દરમિયાન ૮.૨૦ ટકા જેટલા કડાકા સાથે રૂ. ૧,૯૬૪.૩૫ બોલાયો હતો, જે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ટૂંક સમયમાં ગોલ્ડ-બેક્ડ લોન માટે વ્યાપક નિયમો રજૂ કરવામાં આવશે તેવી જાહેરાત થયાના બે દિવસમાં ૧૪ ટકા જેવો જોરદાર કડાકો દર્શાવે છે. જોકે, શુક્રવારના સત્રને અંતે નીચા મથાળે લેવાલીનો ટેકો મળતા આ શેર અંતે થોડો ઘટાડો પચાવીને ૫.૮૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૦૧૫ની સપાટીએ સ્થિર થયો હતો. આરબીઆઈએ ગોલ્ડ લોન ઓફર કરતી નિયમનકારી સંસ્થાઓમાં વિવેકપૂર્ણ ધોરણો અને આચાર ધોરણોને સુસંગત બનાવવાની યોજનાની જાહેરાત કર્યા પછી બુધવારે આ શેરમાં વેચવાલી શરૂ થઇ હતી.




જૂનાગઢમાં ભગવાન હાટકેશ જયંતી નિમિત્તે શોભાયાત્રા નીકળી હતી. (તસવીર-હરેશ સોની, જૂનાગઢ)

# ભારતીય જનતા પક્ષના ૪૬મા સ્થાપના દિવસે ભુજમાં વિશાળ સંમેલન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ભાજપના ૪૬મા સ્થાપના દિવસ નિમિત્તે કેડીસીસી બૅંક ખાતે સક્રિય સભ્યોનું જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના અધ્યક્ષસ્થાને વિશાળ સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ હાજર મહેમાનોને જણાવ્યું હતું કે, તેઓ પોતે પણ એક નાના કાર્યકર તરીકેથી રાજ્યસભા સુધી પહોંચ્યા છે. આ પક્ષમાં કાર્ય કરનારા દરેક કાર્યકરની મહેનતની નોંધ લેવામાં આવે છે. તેમણે નરેન્દ્રભાઈ મોદીની સરકારના લોકહિતના નિર્ણયોની વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે વધુમાં જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર નિર્ભયતાથી લોકહિતના નિર્ણયો લે છે.

જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મોદી સરકારના વર્તમાન નિર્ણયો પક્ષની સ્થાપના વખતના સંકલ્પોનો ભાગ છે.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે કાર્યકરોને પક્ષની વિચારધારાને વફાદાર રહી લોકહિતના કાર્યો કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ જયંતભાઈ માધાપરિયા, રાહુલ ગોર, શીતલ શાહ સહિતના અગ્રણીઓ તેમ જ કેડીસીસી બૅંકના ચેરમેન દેવરાજ ગઢવી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મનીષાબેન વેલાણી અને અન્ય પદાધિકારીઓએ પણ ૪૬માં સ્થાપના દિવસના આ યાદગાર કાર્યક્રમમાં હાજરી આપી હતી. ■

# ભાવનગરના દેપલા ગામેથી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની એલસીબી પોલીસે ઇંગ્લિશ દારૂની બોટલ નંગ-૩૭૬ તથા બિયર ટીન-૯૧ મળી કુલ કિ.રૂ.૪૮,૧૦૦/-નાં મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ કર્મીઓ જેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળી હતી કે, દેપલા ગામના રહેવાસી ક્રિપાલસિંહ ભરતસિંહ સરવૈયાએ પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોતાના રહેણાંક મકાનમાં રાખ્યો હતો અને વેચાણ કરે છે. જે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા નીચે મુજબના ભારતીય બનાવટના ઇંગ્લિશ દારૂની ફોર સેલ ઇન મધ્ય પ્રદેશ ઓન્લી લખેલ કંપની સીલપેક બોટલો તથા બિયર ટીનનો જથ્થો ઝડપાયો હતો.

પોલીસે ક્રિપાલસિંહ ભરતસિંહ સરવૈયા ઉ.વ ૨૩ ધંધો-ખેતી રહે.દેપલા, તા.જેસર, જિ.ભાવનગરને ઝડપી લીધો જ્યારે રાજદિપસિંહ ઉર્ફે મુંજો વરસુભા સરવૈયા રહે.દેપલા, તા.જેસર ને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. ■

# આગ ઓકતી ગરમી વચ્ચે અંજારના મેઘપર બોરીચીમાં બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ ૪.૪૫ લાખની માલમતા તફડાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પડી રહેલી ભીષણ ગરમી વચ્ચે થોડા અંતરાલ બાદ ફરી સક્રિય બનેલા તસ્કરોએ અંજાર તાલુકાના મેઘપર બોરીચી ખાતેના રહેણાંક વિસ્તારમાં એક બંધ મકાનમાંથી રોકડા તથા સોના-ચાંદીનાં આભૂષણો સહિત કુલ રૂા. ૪.૪૫ લાખની માલમતા ઉસેડી ગયા હોવાનો બનાવ બહાર આવતાં રહેવાસીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો.

અત્રેની નેન્સી રેસીડેન્સી-૩માં આવેલાં મકાન નં.૮માં ગત ૭મીથી ૮ એપ્રિલ દરમ્યાન બનેલા ઘરફોડના આ બનાવ અંગે શાક-બકાલાનો છૂટક વેપાર કરતા નાનજી જીવરામ દેવીપૂજકે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેમના ઘરની છત ઉપરનું સિમેન્ટનું પતરું તોડીને અંદર પ્રવેશેલા અજ્ઞાત તસ્કરોએ રોકડા તથા માટીના બે ગલ્લામાંથી રૂા.૧,૭૫ લાખ તેમજ સોનાનું કડું, સોનાના ત્રણ ઓમ, સોનાની નખલી જોડી નંગ.૩, સોનાની પાંચ નથડી, ચાંદીના તોડા જોડી-૩, ચાંદીનું કડું, ચાંદીની હાસડી, ચાંદીના પગમાં પહેરવાના સાત જોડી સડા, ૧૦ ચાંદીની વીંટી, ચાંદીનું મંગલસૂત્ર, ચાંદીના બે દોરા, ચાંદીના નાનાં બાળકોના પાંચ કડાં સહિત કુલ રૂા.૧,૭૦,૫૦૦નાં આભૂષણોની ચોરી કરી ગયા હતા. નાનજી દેવીપૂજક પોતાનાં વતનમાં રાધનપુર ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા તે સમયે આ બનાવ બન્યો હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ■

# આણંદમાં ફર્નિચરના શો રૂમમાં લાગી આગ

## બાજુમાં આવેલ પોલ્ટ્રી ફાર્મના ૨૦૦થી વધુ મરઘાંનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદ બોરસદ માર્ગ પર આવેલી ફર્નિચરના શો રૂમમાં ગઈ કાલે મોડી રાત્રે આગની ઘટના બની હતી. આગ લાગતાની સાથે ઘટના સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે, આગે શો રૂમની બાજુમાં આવેલા પોલ્ટ્રી ફોર્મને પણ પોતાની ઝપેટમાં લીધું હતું. પોલ્ટ્રી ફાર્મ આગની ઝપેટમાં આવતા ૨૦૦થી પણ વધારે મરઘાનાં મોત થયાં હતાં.

આગ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડે ઘટના સ્થળ પર પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો. નોંધનીય છે કે, શો રૂમમાંથી ધુમાડાના ગોટે ગોટા અને આગની જ્વાળાઓ જોઈને આસપાસના લોકો પણ ઘટના સ્થળ પર દોડી આવ્યાં હતાં. આ શો રૂમમાં લાકડાના ફર્નિચરનો હોવાથી આગ વધારે વિકરાળ બની અને બાજુના ફાર્મ સુધી પ્રસરી હતી. ■

# સરકારી પડતર જમીનને નામે કરાવી આપવાના બહાને બે અમદાવાદી ઠગોએ અંજારના યુવક સાથે ૨.૫૯ લાખની છેતરપિંડી આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક સરકારી પડતર જમીનને વ્યક્તિગત નામે કરાવી આપવાની લાલચ આપીને અંજારના ભાદરોઈ ગામના યુવકના બે અમદાવાદી ઠગોએ ૨.૫૯ લાખ રૂપિયા ઓળવી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતા. અંજાર શહેરમાં હેન્ડીક્રાફ્ટની દુકાન ચલાવતા ૩૯ વર્ષિય ફરિયાદી વસ્તા આશા રબારી (રહે. ભાદરોઈ)એ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં વિસનગરના તરભ ગામે આયોજિત વાળીનાથ ધામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમાજના અન્ય યુવકો સાથે તેઓ અઠવાડિયા માટે સેવા આપવા અર્થે ગયા હતા.આ સમયે તેમની સાથે સેવા આપતાં અમદાવાદના મુકેશ મોતી દેસાઈ (રહે. મણિનગર) સાથે પરિચય થયેલો. મુકેશે પોતાની ઓળખાણ ઉપર સુધી હોવાનું જણાવીને પોતે સરકારી જમીનો વ્યક્તિગત નામે કરાવી આપવાનું કામ કરે છે તેમ જણાવતાં તેઓએ મુકેશને ગામમાં આવેલી એક સરકારી પડતર જમીન પોતાના નામે કરાવી આપવા જણાવ્યું હતું. ફરિયાદી ગામ પરત આવી ગયા તેના દસેક દિવસ બાદ મુકેશ ઈનોવા કાર લઈને નિલેશ પ્રજાપતિ (રહે. મણિનગર)ને લઈને અંજાર આવેલો. 'આપણે ઉપર વહેવાર કરવાનો થશે' કહીને ફરિયાદીને બે લાખ રૂપિયા લઈને મામલતદાર કચેરીએ બોલાવ્યો હતો. બે લાખ લઈને બંને જણ અંજારની મામલતદાર કચેરીમાં ગયેલાં અને ફરિયાદીને બહાર ઊભો રખાવ્યો હતો. અડધો કલાક બાદ પરત આવીને મુકેશે પચાસ હજાર રૂપિયા પોતાની પાસે રાખી લીધાં હતા અને બાકીના દોઢ લાખ જરૂર પડ્યે ત્યારે આપવાનું કહીને ફરિયાદીને પરત આપી દીધાં હતાં. દસેક દિવસ બાદ ફરી બંને ઠગ ઈનોવા કારમાં અંજાર આવ્યા અને 'આપણી ફાઈલ ભુજ કલેક્ટર કચેરીમાં પડી છે, ત્યાં પૈસા આપવાના છે' કહીને ફરિયાદી પાસેથી પચાસ હજાર રૂપિયા મેળવીને રવાના થઈ ગયેલાં હતા. ત્યારબાદ ચારેક માસ સુધી ઠગોએ ફરિયાદી જોડે ટૂકડે ટૂકડે યુપીઆઈ તથા એનઈએફટી મારફતે ૧.૫૯ લાખ રૂપિયા મેળવ્યાં હતાં. ૨.૫૯ લાખ આપ્યા બાદ પણ કોઈ કામ ના થતાં ફરિયાદીએ નાણાં પરત માગતા બંને અમદાવાદીઓ અન્ડરગ્રાઉન્ડ થઇ ગયા હતા. હાલ પોલીસે મુકેશ મોતી દેસાઈ અને નિલેશ પ્રજાપતિ નામના શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. ■



રાજકોટ કલેક્ટર કચેરીને પણ બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ કાફલા સાથે ડોગ સ્ક્વૉડની ટીમ દોડી ગઈ હતી. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ૪ કરોડના ખર્ચે બની રહેલા નારણપુર-ચંગા રોડનું કૃષિ પ્રધાન રાઘવજી પટેલે ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: ગુજરાત રાજ્યના કૃષિ પ્રધાન રાઘવજીભાઈ પટેલ દ્વારા જામનગરના નારાણપુર-ચંગા સીસી રોડના કામનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, આ સીસી રોડનું રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે કામ કરવામાં આવશે. સરકાર હવે શહેરી વિસ્તારમાં ડામરની જગ્યાએ સીસી રોડ બનાવી રહી છે. કૃષિ પ્રધાને જણાવ્યું હતું કે, આ વિસ્તારના ગ્રામજનોની વર્ષો જૂની માગણી સરકારે સ્વીકારી છે. હવે ગ્રામજનોને અવરજવર માટે સરળતા રહેશે અને શહેર સુધીનું અંતર ઘટાડી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડામર રોડને બદલે સીસી રોડ બનાવવામાં આવે છે, જેનાથી લાંબા ગાળા સુધી લોકોને ફાયદો થવાનો છે. સીસી રોડના કારણે વરસાદી પાણી ભરાવાની સમસ્યાનું પણ નિવારણ આવી જશે. જામનગર તાલુકાના નારણપુર ગામને ચંગા ગામ સાથે જોડતો ૫.૮૦ કિમી લાંબો રસ્તો અત્યાર સુધી કાચો હતો, જ્યા હવે ૩.૭૫ મીટર પહોળાઈનો સીસી રોડ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂરી આપાવમાં આવી હતી.

અત્યારે આ પ્રોજેક્ટમાં જંગલ કટીંગ, માટીકામ, મેટલકામ, સીસી રોડ, નાળા-પુલિયા અને રોડ ફર્નિશિંગની કામગીરી કરવામાં આવશે. રસ્તો પૂર્ણ થતાં નારણપુર, ચંગા અને આજુબાજુના ગામોને તેનો લાભ મળશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદ સભાયા, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવીણાબેન ચભાડીયા, ડૉ.વિનુ ભંડેરી સહિત ગામના સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.■

# અંજારના ચકચારી હત્યા કેસમાં એક આરોપી સદોષ માનવવધ બદલ દોષી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી છ વર્ષ અગાઉ પૂર્વ કચ્છના અંજાર શહેરમાં મોટરસાઇકલ પર જઈ રહેલા ત્રણ યુવકો પર છ જણની ટોળકીએ કરેલાં ઘાતક હુમલા અને એક યુવકની કરપીણ હત્યા નિપજાવી દેવાના જે-તે સમયે ભારે ચકચારી બનેલા બનાવમાં અંજાર સેશન્સ કોર્ટે એક આરોપીને દોષી ઠેરવી આઠ વર્ષની સજા સાથે ૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

હુમલા-હત્યાનો આ બનાવ ગત ૧૧ જૂન ૨૦૧૯ની રાત્રે સાડા દસના અરસામાં શહેરના માધવરાય ચોક ખાતે બન્યો હતો. હતભાગી ૨૧ વર્ષિય ફારુક જુસબ સમા તેના બે મિત્રો સોહિલ ઊર્ફે સોયેબ જુસબ સાંધાણી અને વસીમ યુસુફ હોથી સાથે મોટરસાઈકલ પર જતો હતો.

તે સમયે અમન શાંતિલાલ આહીર, પરેશ પ્રાણજીવન જોશી, મોમાય પાંચા આહીર, સૂરજ મનોજ સોની, સાવન મનોજ સોની અને કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરે તેમને અટકાવીને બેઝબોલના ધોકા તથા છરીથી હુમલો કર્યો હતો.

સોહિલને મોટરસાઇકલ ચલાવવા મુદ્દે અગાઉ સાવન અને સૂરજ જોડે થયેલા વિવાદ અંગે સમાધાન થયું હોવા છતાં તેની અદાવત રાખીને આરોપીઓએ આ હુમલો કરી ફારુકની હત્યા નીપજાવી અન્ય બે મિત્રોને માર માર્યો હોવાનું ફરિયાદમાં લખાવાયું હતું.

ગુનામાં અંજાર સેશન્સ કોર્ટે ફરિયાદ પક્ષ હત્યા હુમલાનો ગુનો પૂરવાર કરી શક્યો ના હોવાનું અવલોકન કરીને ફારુકને છરી મારનાર અમન આહીરને સદોષ માનવવધ, ભારતીય દંડ સંહિતાની કલમ હેઠળ દોષી ઠેરવી અન્ય આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતા. ■

## મેગા સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓપરેશનનો કરુણ અંત

# કચ્છના અફાટ રણમાં ભૂલાં પડેલા ઈજનેરનો પાંચમા દિવસે મૃતદેહ હાથ લાગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અફાટ રણમાં એક સોલાર પ્રોજેક્ટ અંતર્ગત સર્વે કરવા આવેલા અને જાનલેવા ગરમીમાં ગાયબ થઈ ગયેલાં પશ્ચિમ બંગાળના બર્ધમાનના ૫૫ વર્ષિય ઇજનેર અર્નબ પાલને શોધવા માટે દિવસ-રાત ચાલી રહેલાં શોધખોળ અભિયાનનો પાંચમા દિવસે કરુણ અંત આવ્યો છે.

બેલા નજીક સુકનાવાંઢ રણ વિસ્તારમાંથી ગુરુવારની સાંજના સાત વાગ્યાના અરસામાં અર્નબ પાલનો મૃતદેહ મળી આવ્યો હતો.

મળતી વિગતો મુજબ, અદાણી કંપનીને રણ વિસ્તારમાં સોલાર પ્રોજેક્ટ બનાવવા માટે પચાસ હજાર હેક્ટર જમીન ફાળવાઈ છે.

આ પ્રોજેક્ટ સાઈટ માટે રસ્તાનો સર્વે કરવા રવિવારે પંદરેક જેટલી મોટરકારોમાં ઇજનેરો, ટેકનિશિયનો, શ્રમિકોનો કાફલો રણમાં ગયો હતો. આ દરમ્યાન રસ્તાના સર્વે માટે રણમાં અંદર સુધી ઘૂસેલી કાર આગળ વધી શકે તેમ ના હોતાં બે જણ પગપાળા અફાટ રણમાં આગળ વધ્યાં હતાં. વાહન સમેત ત્રણ જણ મારગ ભૂલ્યાં હોવાનો સંદેશ મળતાં અન્ય ટુકડી તેમને લેવા રવાના થઈ હતી. એન્જિનિયર અર્નબ પાલ કારની શોધમાં આગળ નીકળ્યાં હતા અને પછી ગાયબ થઈ ગયાં હતાં. મારગ ભૂલેલાં અન્ય લોકો હેમખેમ મળી ગયાં પરંતુ પાલનો કોઈ પત્તો ના મળતાં બીએસએફ, પોલીસને જાણ કરાઈ હતી.બીજા દિવસે સર્ચ એન્ડ રેસ્ક્યૂ અભિયાન શરૂ કરાયું હતું.

આ દરમિયાન ગુરુવારની સાંજે સાતેક વાગ્યાના અરસામાં રણમાં પડેલો પાલનો મૃતદેહ મળી આવ્યો હતો. અતિશય ગરમી અને ડિહાઈડ્રેશનના લીધે પાલનું મૃત્યુ થયું હોવાનું પોલીસે અનુમાન વ્યક્ત કર્યું છે. ફોરેન્સિક ઑટોપ્સી માટે મૃતદેહને જામનગર મોકલી અપાશે તેમ રાપર પી.આઈ. જે.બી. બુબડિયાએ જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર: શહેર અને સમગ્ર ગોહિલવાડ પંથકમાં ગુરુવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગઈકાલે ભારે પવન ફૂંકાયો હતો. દરમિયાન શુક્રવાર સાંજે ભાવનગર શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો અને શહેરના માર્ગો ભીંજાઈ ગયા હતા અને રસ્તા ઉપર પાણી ફરી રહ્યા હતા. બરફના કરા પડતા રાહદારીઓમાં નાશ-ભાગ મચી ગઈ હતી. ભર ઉનારે વરસાદ વરસતા લોકોમાં કુતૂહલ ફેલાયું હતું. સાંજે શહેરમાં વરસાદી માહોલ ઊભો થયો હતો. છેલ્લા કેટલાય સમયથી કાળઝાર ગરમીથી આ કમોસમી વરસાદ થતા ભાવનગરના લોકોને ગરમીમાં રાહત મળી હતી. જોકે, શહેરમાં સાંજે વરસાદ શરૂ થયો ત્યારે લાઇટ પણ ગૂલ થઈ ગઈ હતી. આ દરમિયાન ખેડૂતોએ કેરીના પાકમાં નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરી હતી. ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૯.૦ ડિગ્રી નોંધાવ્યું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૩.૨ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૪ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૨૮ કિમી. પ્રતિ કલાકની રહી હતી. ■

# ભાવનગરના પાલિતાણામાં ટ્રક પાછળ બાઇક અથડાતાં ત્રણ પિતરાઈ ભાઈઓનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પાલિતાણામાં રોડ પર ૧૮ વ્હીલના ટ્રેલર ટ્રક પાછળ બાઈક અથડાતા થોરાળી ગામના ત્રણ પિતરાઈ ભાઈના મોત નિપજયા હતા. અકસ્માતની આ ઘટનાના પગલે પરિવાર અને ગામમાં શોકનું મોજું ફેલાઈ ગયું હતું. આ ગોઝારા અકસ્માતની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના પાલિતાણા તાલુકાના થોરાળી (ડેમ ) ગામમાં રહેતા કમલેશભાઈ હિંમતભાઈ વાઘેલા અને તેમના કાકાના દીકરા રાહુલભાઈ ઠાકરશીભાઈ વાઘેલા અને દીપકભાઈ શામજીભાઈ વાઘેલા મોટરસાઇકલ લઈને પાલિતાણા જવા નીકળ્યા હતા અને પાલિતાણા પાસે આવેલ બિપીનભાઈના સર્વિસ સ્ટેશન પાસે પહોંચતા તે સ્થળે ટાટા કંપનીના ચાલીસ અઢાર મોડલના અઢાર વ્હિલના ટ્રકના પાછળના ભાગે મોટરસાઇકલ અથડાતા ત્રણેય પિતરાઈ ભાઈઓને ગંભીર ઇજા થતા તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે માનસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે કમલેશભાઈ હિંમતભાઈ વાઘેલાને તપાસી મૃત જાહેર કર્યા હતા,જયારે ગંભીર ઇજાગ્રસ્ત રાહુલભાઈ અને દીપકભાઈને વધુ સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા, જયાં દીપકભાઈ અને રાહુલભાઈનું પણ સારવાર દરમિયાન મોત નીપજતાં મૃત્યુ આંક ત્રણ થયો હતો. ■

# રાજકોટના એક હીરા ઉદ્યોગમાં રૂપિયા ૬૦,૮૩,૬૫૦ લાખની કિંમતના ૧૧,૬૫૫ હીરા ચોરાયા



(તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હીરા ઉદ્યોગમાં અત્યારે મંદીનો માહોલ ચાલી રહ્યો છે. મંદીના મહોલ વચ્ચે રાજકોટ શહેરના કોઠારીયા રિંગ રોડ પર ધરમનગર સોસાયટીમાં ખોડીયાર ડાયમંડ નામના કારખાનામાં ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે અજાણ્યા વ્યક્તિ કારખાનામાં રહેલા રૂપિયા ૬૦,૮૩,૬૫૦ની કિંમતના ૧૧,૬૫૫ જેટલા કાચા અને તૈયાર હીરાની ચોરી કરી હતી. ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતેમાં વિપુલ ગોંડલીયા નામના હીરાના વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પણ અજાણ્યા વ્યક્તિ સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

આ કેસમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, ભક્તિનગર પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ તેમજ ડીસીપી ઝોન-૧ની લોકલ ક્રાઈમ બ્રાન્ચની જુદી-જુદી ૧૦ જેટલી ટીમો બનાવીને તપાસ શરૂ કરી દીધી હતી. પ્રાથમિક તપાસ પ્રમાણે કોઈ જાણભેદુ શખ્સો શેડના પાછળના દરવાજાના તાળા તોડી કારખાનામાં આવ્યા હતા. કારખાનામાં આવ્યાં બાદ તિજોરી તોડી રાખેલા તૈયાર હીરા નંગ ૨૬૧૭ (૨૦૮૯ કેરેટ) તેમજ રૂપિયા ૧૧,૪૮,૯૫૦નો સુરતથી આવેલો રિપેરીંગનો માલ, આ ઉપરાંત કાચા હીરા ૯૦૩૮ (૧૦૯.૬૬ કેરેટ) કિંમત રૂપિયા ૪૫ હજાર જે કાચા માલની કિંમત રૂપિયા ૪૯,૪૩,૭૦૦ મળી કુલ ૬૦,૮૩,૬૫૦ રૂપિયાની કિંમતના કુલ ૧૧૬૫૫ નંગ હીરા ચોરી કરી થઈ ફરિયાદ નોંધાઈ હતી. ■